# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

શ્રદ્ધાને કેવો પાર્ટનર જોઈએ? બ્રેકઅપ પછીનો ખુલાસો



પેજ-09

ફૂટબોલર લેમિન યમલના પિતા હોસ્પિટલમાં દાખલ...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 26.00 |
| વડોદરા | 33.00 | 26.00 |
| સુરત | 31.00 | 27.00 |

પેજ 5



સ્વાતંત્ર્ય દિવસના પ્રસંગે એનએસઈના એમડી અને સીઈઓ આશિષકુમાર...


17 AUGUST-2024 SATURDAY


ઉત્તર કોરિયાના સરમુખત્યાર નવી મર્સિડીઝ બેન્ઝ સાથે જોવા મળ્યા



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 80436.84 | ▲ | 1,330.96 |
| નિફ્ટી | 24541.15 | ▲ | 397.40 |
| સોનું | 71,149.00 | ▲ | 1,013.00 |
| ચાંદી | 82,233.00 | ▲ | 2,172.00 |


વર્ષ-13 । અંક-272 । વિક્રમ સંવત-2079 । શ્રાવણ સુદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# કોલકાતા રેપ-મર્ડર કેસ : દેશભરમાં વિરોધ-પ્રદર્શન

## રાધા ગોવિંદ કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની અટકાયત

(એજન્સી) કોલકાતા । તા. 16

કોલકાતામાં ટ્રેઈની ડૉક્ટરની બળાત્કાર-હત્યાના કેસમાં CBIએ શુક્રવારે (16 ઓગસ્ટ) રાધા ગોવિંદ કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની અટકાયત કરી હતી. એજન્સીએ તેમને સમન્સ પણ પાઠવ્યો હતો. તે જ સમયે, દેશભરમાં ચાલી રહેલી ડૉકટરોની હડતાલ વચ્ચે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે નવો આદેશ જારી કર્યો. મંત્રાલયે કહ્યું છે કે તબીબી સંસ્થાઓએ હેલ્થકેર વર્કર પર હુમલાના 6 કલાકની અંદર એફઆઈઆર નોંધાવવી પડશે. મંત્રાલયે આ નિર્ણય મેડિકલ કોલેજમાં ટ્રેઈની ડોક્ટરના બળાત્કાર-હત્યા કેસ અને તે જ કોલેજમાં 14 ઓગસ્ટે થયેલી હિંસા સંદર્ભે લીધો હતો. આજે જ સીબીઆઈની ટીમ 3ડી લેસર સ્કેનર સાથે ક્રાઈમ સીન પર પહોંચી હતી.



### બંગાળમાં ડૉક્ટરો પર હુમલા બાદ સરકારની કડકાઇ, 6 કલાકની અંદર FIR કરવા આદેશ

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં બુધવારે (14 ઓગસ્ટ) રાત્રે, બદમાશોએ આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં વિરોધ કરી રહેલા લોકો પર અસમાજીક તત્વોએ હુમલો કર્યો હતો. તેઓએ વિરોધ કરી રહેલા ડોકટરોને માર માર્યો હતો અને હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. આ ઘટનાને લઈને કેન્દ્ર સરકાર કડક બની છે. આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા મેમોરેન્ડમ મુજબ, ફરજ પરના આરોગ્ય કર્મચારી સામે હુમલો અથવા કોઈપણ પ્રકારની હિંસાના કિસ્સામાં, ઘટનાના 6 કલાકની અંદર FIR નોંધાવવાની જવાબદારી હોસ્પિટલ/સંસ્થાના હેડની રહેશે. પહેલો મામલો આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર સાથે રેપ અને હત્યાનો છે. બીજું કારણ બુધવારે રાત્રે ત્યાં વિરોધ કરી રહેલા લોકો અને ડૉક્ટરો પર અસામાજીક તત્વોએ હુમલો કર્યો હતો.

### ● મમતા બંગાળના લોકોનો અવાજ દબાવી રહી છે : ભાજપ

મમતા બેનર્જી અમને ચૂપ કરાવાનો પ્રયાસ કરી રહી છે. તે કહે છે કે તે ગુનેગારોને ફાંસી પર લટકાવવા માગે છે, પરંતુ વાસ્તવમાં તે ઈચ્છતી નથી. પોલીસ હંમેશા અમને રોકવાનો પ્રયાસ કરતી રહી છે. અમે બંગાળના લોકો માટે અવાજ ઉઠાવી રહ્યા છીએ, પરંતુ મમતા બેનર્જી આ અવાજને દબાવવાનો પ્રયાસ કરી રહી છે.

### ● કોંગ્રેસના નેતા અધીર રંજને કહ્યું- અંદરોઅંદર રમત રમાઈ

પશ્ચિમ બંગાળ કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું છે કે 14 ઓગસ્ટની રાત્રે હિંસા કરનાર તમામની ધરપકડ થવી જોઈએ. પુરાવાનો નાશ કરવા માટે તોડફોડ કરાઈ હતી. ટીએમસી અને ભાજપે અંદરોઅંદર આ રમત રમી છે. ગુનેગારોને કડકમાં કડક સજા થવી જોઈએ.

### ● IMAએ દેશભરમાં 24 કલાકની હડતાળની જાહેરાત કરી

કોલકાતાની ઘટનાના વિરોધમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશનએ 17 ઓગસ્ટથી દેશમાં 24 કલાક માટે ડોક્ટરોની હડતાળની જાહેરાત કરી છે. દેશભરના ડોક્ટરો 17 ઓગસ્ટ શનિવાર સવારે 6 વાગ્યાથી 18 ઓગસ્ટ રવિવારના રોજ સવારે 6 વાગ્યા સુધી 24 કલાક માટે હડતાળ પર રહેશે.

### ● CBI પીડિતાના માતા-પિતાને મળી

CBI ગુરુવારે ટ્રેઈની ડોક્ટરના ઘરે પહોંચી હતી. અધિકારીઓએ પીડિતાના માતા-પિતા સાથે વાત કરી. એક અધિકારીએ કહ્યું કે, આ રીતે દીકરી ગુમાવનારા દંપતી સાથે વાત કરવી મુશ્કેલ હતી. સીબીઆઈએ ડોક્ટરના માતા-પિતાને 9 ઓગસ્ટનો સમય પૂછ્યો, જ્યારે તેમને તેમની પુત્રીના મૃત્યુ અંગે હોસ્પિટલમાંથી ફોન આવ્યો. અધિકારીઓએ માતા-પિતાને પીડિતાના મિત્રો વિશે પણ પૂછ્યું.

## પોલીસ ખુદને બચાવી નથી શકતી, તબીબોને કેવી રીતે સુરક્ષા આપશે: હાઈકોર્ટે મમતા સરકારને તતડાવી

કોલકાતાએ આરજી કર હોસ્પિટલમાં તોડફોડ મામલે કોલકાતા હાઈકોર્ટે મમતા સરકારને ફટકાર લગાવી છે. કોલકાતા હાઈકોર્ટે કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ પરિસરમાં થયેલી તોડફોડ મામલે તપાસ કાર્યવાહી સીબીઆઇને સોંપી છે. તે દરમિયાન હાઈકોર્ટે કહ્યું કે, આ ઘટના કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતા છે. હોસ્પિટલમાં 14 ઓગસ્ટની રાત્રે તોડફોડ કરવામાં આવી હતી. આરજી કર હોસ્પિટલમાં તોડફોડનો કેસ સીબીઆઇને સોંપવામાં આવતા મમતા બેનરજી સરકારને મોટો ફટકો પડ્યો છે. હાઈકોર્ટે આરજી કર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં ટ્રેઈની જૂનિયર મહિલા ડોક્ટર સાથે બળાત્કાર અને મર્ડર કેસની તપાસ સીબીઆઇને સોંપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે, ડોક્ટર મહિલાની નિર્મમ હત્યા બાદ લોકો રોષે ભરાયા છે. જેની તપાસ કોલકાતા પોલીસ કરી રહી હતી. જે હવે સીબીઆઇને સોંપવામાં આવી છે.

# કેન્દ્ર સરકારે સચિવ સ્તરે કર્યા મોટા ફેરફાર

## 20 અધિકારીઓના બદલ્યા વિભાગ



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

કેન્દ્રીય કેબિનેટની નિમણૂક સમિતિએ કર્મચારીઓના મોટા ફેરબદલને મંજૂરી આપ્યા બાદ 20 અધિકારીઓના વિભાગ બદલવામાં આવ્યા છે. આ ક્રમમાં નવા સંરક્ષણ સચિવથી લઈને નવા સ્વાસ્થ્ય સચિવ સુધીમાં ફેરફાર કરાયા છે. આ મુજબ રાજેશ કુમાર સિંહને સંરક્ષણ સચિવ, વરિષ્ઠ અમલદાર દીપ્તિ ઉમાશંકરને ભારતના રાષ્ટ્રપતિના સચિવ, IAS અધિકારી નાગરાજુ મદ્દીરાલાને નાણાકીય સેવા સચિવ, નાણાકીય સેવા સચિવ વિવેક જોશીને DoPT સચિવ, લઘુમતી બાબતોના સચિવ કટિકિથલા શ્રીનિવાસને આવાસ અને શહેરી બાબતોના સચિવ, IAS અધિકારી પુણ્ય સલીલા શ્રીવાસ્તવને સ્વાસ્થ્ય સચિવ બનાવાયા છે. જ્યારે અન્ય 14 અધિકારીઓના વિભાગોમાં પણ ફેરબદલ કરવામાં આવ્યા છે. વિવેક જોશીને DoPT સચિવ તરીકે નિયુક્ત કરાયા છે. હરિયાણા કેડરના 1989 બેચના આઈએએસ અધિકારી વિવેક જોશીએ જીનીવા ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટમાંથી આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રમાં પીએચડી અને એમએ કર્યું છે. આ પહેલા તેમણે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, રૂરકીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી. રાજેશ કુમાર સિંહને નવા સંરક્ષણ સચિવ બનાવવામાં આવ્યા છે. રાજેશ કુમાર સિંહ કેરળ કેડરના 1989 બેચના ભારતીય વહીવટી સેવા અધિકારી છે. તેમણે કેન્દ્ર સરકારમાં કમિશનર - ડીડીએ, સંયુક્ત સચિવ - પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, સંયુક્ત સચિવ - કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ અને ચીફ વિજિલન્સ ઓફિસર - ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા જેવા ઘણા મહત્વપૂર્ણ હોદ્દા સંભાળ્યા છે.

### 16 અધિકારીની કરાઈ નવી નિમણૂક

- નિધિ છિબ્બર (IAS-1994, CG) - અધિક સચિવ, નીતિ આયોગ
- ટી કે અનિલ કુમાર (IAS-1995, KN) - અધિક સચિવ, ગ્રામીણ વિકાસ વિભાગ
- ધીરજ સાહુ (IAS-1996, UP) - મેનેજિંગ ડિરેક્ટર, સ્મોલ ફાર્મર્સ એગ્રી-બિઝનેસ કન્સોર્ટિયમ
- મનીષ ગર્ગ (IAS-1996, HP) - નાયબ ચૂંટણી કમિશનર, ભારતના ચૂંટણી પંચ
- મનીષા સક્સેના (IAS-1996, AGMUT) - અધિક સચિવ, કર્મચારી અને તાલીમ વિભાગ
- કેરાલિન ખોંગવાર દેશમુખ (IAS-1996, MP) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વધારાના સચિવ
- રવીન્દ્ર કુમાર અગ્રવાલ (IAS-1997, KL) - અધિક સચિવ, સહકાર મંત્રાલય
- પુનીત અગ્રવાલ (IAS-1998, TR) રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયના અધિક સચિવ અને નાણાકીય સલાહકાર
- અમિત સિંહ નેગી (IAS-1999, UK) - અધિક સચિવ, વડાપ્રધાન કાર્યાલય
- મુગ્ધા સિંહા (IAS-1999, RJ) - મહાનિર્દેશક (પર્યટન), પ્રવાસન મંત્રાલય
- અમનદીપ ગર્ગ (IAS-1999, HP) પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના અધિક સચિવ
- અજય ભાદુ (IAS-1999, GJ) - અધિક સચિવ, વાણિજ્ય વિભાગ
- આશુતોષ અગ્નિહોત્રી (IAS-1999, AM) - અધિક સચિવ, ગૃહ વિભાગ
- એન ગુલઝાર (IAS-1999, AP) - અધિક સચિવ, ટેલિકોમ્યુનિકેશન વિભાગ
- આશિષ ચેટર્જી (IAS-1999, TN) ભારતના ટ્રાઇબલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર
- અશોક કુમાર સિંઘ (IAS-1999, KL) - ડિરેક્ટર જનરલ, કર્મચારી રાજ્ય વીમા નિગમ

### 4 અધિકારીઓના વિભાગમાં ફેરબદલ

- ભાવના ગર્ગ (IAS-1999, PB) - DDG, UIDAI, RO, ચંદીગઢ
- પુનીત યાદવ (IAS-1999, WB) વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગના અધિક સચિવ
- એમ બીના (IAS-1999, KL) - વિકાસ કમિશનર (હેન્ડલૂમ્સ), કાપડ મંત્રાલય
- સુબોધ યાદવ (IAS-1999, KN) જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા કાયાકલ્પ વિભાગના અધિક સચિવ

# ઉદયપુરમાં બે વિદ્યાર્થીઓ વચ્ચે બબાલ બાદ ભયંકર હિંસા ફેલાઈ

### બંને વિદ્યાર્થીઓની ઉંમર લગભગ 15 વર્ષ

(એજન્સી) ઉદયપુર । તા. 16

ઉદયપુરમાં શુક્રવારે (16 ઓગસ્ટ) એક સરકારી શાળાના બે વિદ્યાર્થી વચ્ચેની લડાઈને કારણે તણાવની સ્થિતિ પેદા થઈ ગઈ. લોકોએ શોપિંગ મોલમાં તોડફોડ કરી અને પથ્થરમારો કર્યો. ગેરેજમાં પાર્ક કરેલી કારને પણ આગ ચાંપવામાં આવી હતી. પોલીસે લાઠીચાર્જ કરીને દેખાવકારોને ભગાડ્યા. કલેક્ટર અરવિંદ પોસવાલે શહેરમાં કલમ 144 લાગુ કરી દીધી છે. બંને વિદ્યાર્થી અલગ-અલગ ધર્મના છે. આ ઘટના સવારે 10:30 વાગ્યે સૂરજપોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ભટ્ટિયાની ચોહટ્ટામાં એક વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થી પર છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. શિક્ષક ઘાયલ વિદ્યાર્થીને મહારાણા ભૂપાલ (એમબી) હોસ્પિટલમાં લઈ ગયા.

### પ્રદર્શનકારીઓએ વાહનોમાં આગ લગાડી, મોલમાં તોડફોડ અને પથ્થરમારો; કલમ 144 લાગુ



### બંને વિદ્યાર્થી એક જ વર્ગમાં અભ્યાસ કરે છે

જિલ્લા શિક્ષણાધિકારી લોકેશ ભારતીએ જણાવ્યું- બંને સગીરોની ઉંમર 15 વર્ષની આસપાસ છે. બંને એક જ વર્ગમાં ભણે છે. બંને વચ્ચે અગાઉ કયો વિવાદ થયો એની કોઈ માહિતી નથી. બપોરે લંચ દરમિયાન સ્કૂલની બહાર બંને વચ્ચે મારામારી થઈ હતી. આ ઝઘડામાં એક વિદ્યાર્થીએ બીજાને બે-ત્રણ વાર છરીના ઘા મારીને ઈજા પહોંચાડી હતી.

### હિન્દુ સંગઠનોએ માર્કેટ બંધ કરાવ્યું

માહિતી મળતાં જ ધારાસભ્ય ફૂલ સિંહ મીણા, ભાજપના શહેર જિલ્લા અધ્યક્ષ રવિન્દ્ર શ્રીમાળી, હિન્દુ જાગરણ મંચના રવિકાંત ત્રિપાઠી અને હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા અધિકારીઓ પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. બીજી તરફ એમબી હોસ્પિટલ ખાતે એકઠા થયેલા હિન્દુ સંગઠનોના કાર્યકરો હોસ્પિટલ પરિસરમાંથી બહાર આવીને ચેતક ચોક પર પહોંચ્યા હતા.

## રાહુલ ગાંધીની નાગરિકતા રદ કરી દેવાની માગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ફરી એકવાર ચર્ચામાં છે. પૂર્વ રાજ્યસભા સાંસદ અને દિગ્ગજ ભાજપ નેતા ડૉ. સુબ્રમણ્યમ સ્વામીએ દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરી હતી અને રાહુલ ગાંધીની ભારતની નાગરિકતાને રદ કરી દેવાની માગ કરી હતી. પોતાની અરજીમાં સુબ્રમણ્યમ સ્વામીએ રાહુલ ગાંધીની નાગરિકતા રદ કરવા માટે ગૃહ મંત્રાલયને નિર્દેશ આપવાની માગ કરી છે. આ અરજી પર દિલ્હી હાઈકોર્ટમાં આગામી અઠવાડિયે સુનાવણી હાથ ધરાવમાં આવી શકે છે. અરજીમાં સ્વામીએ દાવો કર્યો છે કે મેં પાંચ વર્ષ પહેલા ગૃહ મંત્રાલયને ફરિયાદ કરી હતી. અત્યાર સુધી તેમાં સ્પષ્ટ નથી કરાયું કે આ મુદ્દે ગૃહ મંત્રાલયે કયો નિર્ણય લીધો છે કે પછી શું કાર્યવાહી કરી છે?

# મોહમ્મદ યૂનુસે બાંગ્લાદેશના હિન્દુઓની સુરક્ષાની ખાતરી આપી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર કરી વાત

(એજન્સી) નવી દિલ્હી । તા. 16



બાંગ્લાદેશમાં વ્યાપક હિંસા થયા બાદ હિન્દુઓની સુરક્ષા અંગે ભારતીયો ચિંતિત હતા, જોકે હવે બાંગ્લાદેશમાં વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યૂનુસે મહત્વનો સંદેશ મોકલ્યો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન વાત કરી છે અને બાંગ્લાદેશમાં રહેતા હિન્દુઓની સુરક્ષાનો ભારતને વિશ્વાસ આપ્યો છે. આ અંગે વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને માહિતી આપી છે.

### મોદીએ હિન્દુઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી

ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકારનું પતન થયા બાદ મોહમ્મદ યૂનુસે આઠમી ઓગસ્ટે વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર તરીકે શપથ લીધા છે. વડાપ્રધાન મોદીએ પણ યૂનુસને કાર્યભાર સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે તેમણે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતી સમાજના લોકોની સુરક્ષા કરવા આહવાહન કર્યું હતું.

### બંને નેતાઓ વચ્ચે બાંગ્લાદેશની સ્થિતિ અંગે થઈ ચર્ચા

વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું છે કે, 'બાંગ્લાદેશમાં વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યૂનુસનો ફોન આવ્યો હતો. તેમણે મારી સાથે બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. ભારતે પણ બાંગ્લાદેશની લોકશાહી, સ્થિરતા, શાંતિ અને પ્રગતિ માટે સમર્થન આપ્યું છે. તેમણે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને લઘુમતીઓની સુરક્ષાની ખાતરી આપી છે.'

### ઉજ્જૈન મહાકાલ મંદિરમાં એક ડઝન લોકો અભદ્ર ડ્રેસ પહેરીને ઘૂસ્યા, પૂજારીએ દર્શન કરતાં અટકાવ્યા

# મહાકાલ લખેલા, ત્રિપુંડ ચીતરેલા શ્રદ્ધાળુઓના બરમુડા ઉતરાવ્યા

(એજન્સી) ઉજ્જૈન । તા. 16

થોડા સમય પહેલાં દરેક મંદિરની બહાર એવાં પોસ્ટર લગાવવામાં આવ્યાં હતાં કે મહિલાઓ, છોકરીઓએ ટૂંકાં વસ્ત્રો પહેરીને મંદિરમાં પ્રવેશ કરવો નહીં. જોકે એ સમયે આના પર સખત ધ્યાન આપવામાં આવ્યું અને ટૂંકાં વસ્ત્રો પહેરીને આવતી બહેનો શિસ્તબદ્ધ રીતે દર્શને જતી, પરંતુ આ બધા પર ધ્યાન આપવાના બદલે લોકો ખુદ પર ધ્યાન આપવાનું ભૂલી ગયા. આપણો ભારત દેશ સંસ્કૃતિમાં માનનારો દેશ છે. અહીં લોકો ધર્મ સાથે લાગણીથી જોડાયેલા છે, પણ ઘણીવાર એવું થાય કે કંઈક સામાન્ય અથવા મોટી ઘટનાને લીધે લોકોની લાગણીને ઠેસ પહોંચતી હોય છે. ક્યારેક ધર્મ પર નિવેદનથી, તો ક્યારેક જાતિ સંબંધિત શબ્દો ઉચ્ચારવાથી તો ક્યારેક ભગવાનના નામવાળાં કપડાં પહેરવાથી પણ લાગણી દુભાય છે. બાદમાં થાય શું? વિરોધપ્રદર્શન, માફીની માગ વગેરે જેવું ચાલતું હોય છે. ત્યારે હાલમાં ઉજ્જૈનનો એક કિસ્સો સામે આવ્યો છે. ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં 12થી વધુ શ્રદ્ધાળુઓ મંદિરમાં પ્રવેશ કરે એ પહેલાં જ તેમનાં કપડાં ઉતારી લેવામાં આવ્યાં. થયું એવું કે આ શ્રદ્ધાળુઓએ ચડ્ડા (બરમુડા) પહેર્યા હતા, જેના પર મહાકાલ લખેલું હતું અને ત્રિપુંડ પણ બનેલું હતું. મંદિરના કર્મચારીઓ અને સુરક્ષાકર્મીઓએ શુક્રવારે સવારે આવા લોકોને પરિસરમાં જ અટકાવી લીધા હતા.



**ચડ્ડા પહેરેલા ભક્તો એક્શન જોઈને સંતાવા લાગ્યા :** શુક્રવારે સવારે ભસ્મ આરતી દરમિયાન ઘણા ભક્તો તેમના પર મહાકાલ લખેલા ચડ્ડા પહેરીને મંદિર પહોંચ્યા હતા. આ જોઈને ગર્ભગૃહ નિરીક્ષક ઉમેશ પંડ્યા અને મંદિર સમિતિની સુરક્ષા સંભાળતા KSS સુરક્ષા ઈન્ચાર્જ વિષ્ણુ ચૌહાણે કાર્યવાહી શરૂ કરી હતી. ચડ્ડા પહેરીને મંદિરમાં પ્રવેશતાં 12થી વધુ લોકો ઝડપાયા હતા. કેટલાક લોકોનાં સ્થળ પર જ કપડાં ઊતરાવામાં આવ્યાં હતાં

### પૂજારીએ કહ્યું- મંદિરમાં ડ્રેસકોડ લાગુ કરવો જોઈએ

મહાકાલ મંદિરના પૂજારી મહેશ શર્માએ કહ્યું હતું કે તેઓ લાંબા સમયથી ડ્રેસકોડ લાગુ કરવાની માગ કરી રહ્યા છે. મોટાં મંદિરોમાં પણ આવું થાય છે. દરરોજ એવું જોવા મળે છે કે પુરુષો ટૂંકા ચડ્ડા પહેરીને મંદિરમાં પ્રવેશ કરે છે. ઘણાં કપડાં મંદિર માટે યોગ્ય નથી. એ જ રીતે છોકરીઓ પણ ટૂંકાં વસ્ત્રો પહેરીને મંદિરે આવે છે. આ બધાં પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આનાથી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચે છે.

### મંદિરની આસપાસની દુકાનોમાં કપડાં ઉપલબ્ધ

મહાકાલ મંદિરની આસપાસ ધાર્મિક વસ્ત્રોની મોટી સંખ્યામાં દુકાનો આવેલી છે. મહાકાલ લખેલા ટી-શર્ટ, દુપટ્ટા, શર્ટ, કુર્તા, શોર્ટ્સ વગેરે અહીં ઉપલબ્ધ છે. ભક્તો આ પહેરીને મહાકાલ મંદિરમાં પ્રવેશ કરે છે.

# જમ્મુ-કાશ્મીરમાં 18, 25 સપ્ટેમ્બર અને 1 ઓક્ટોબરે મતદાન : હરિયાણાની તમામ સીટો પર 1 ઓક્ટોબરે મતદાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ચૂંટણી પંચે શુક્રવારે 16 ઓગસ્ટે જમ્મુ-કાશ્મીર અને હરિયાણાની વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરી હતી. જમ્મુ-કાશ્મીરમાં 3 તબક્કા, 18, 25 સપ્ટેમ્બર અને 1 ઓક્ટોબરે મતદાન થશે. હરિયાણામાં એક તબક્કામાં 1 ઓક્ટોબરે મતદાન થશે. બંને રાજ્યોમાં પરિણામ 4 ઓક્ટોબરે આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે સુરક્ષા દળો અને તહેવારોને કારણે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પછીથી યોજાશે. અગાઉ 2019માં હરિયાણા-મહારાષ્ટ્રની ચૂંટણી એકસાથે યોજાઈ હતી.

## મને આશા હતી જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી થશે, હું પણ લડીશ : ફારૂક અબ્દુલ્લા



(એજન્સી) જમ્મૂ । તા. 16

જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થઈ ચૂકી છે, ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે. પહેલા તબક્કાનું મતદાન 18મી સપ્ટેમ્બર, બીજા તબક્કાનું મતદાન 25મી સપ્ટેમ્બર અને ત્રીજા તબક્કાનું મતદાન પહેલી ઑક્ટોબરે થશે. પરિણામ ચોથી ઑક્ટોબરે જાહેર થશે. અનુચ્છેદ 370 હટાવ્યા બાદ પહેલીવાર જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે જેને ઐતિહાસિક ચૂંટણી માનવામાં આવી રહી છે. જેને લઈને તમામ રાજકીય પક્ષો સક્રિય થઈ ગયા છે. જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે 'હું હંમેશાથી અપેક્ષા રાખતો હતો કે ચૂંટણી યોજાશે, રાજ્યમાં સરકાર બન્યાને વર્ષો થઈ ગયા છે, જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે, 'નેશનલ કોન્ફરન્સ એકલા ચૂંટણી લડશે કે કોઈની સાથે એ કહેવું સરળ નથી. અન્ય પક્ષો શું નિર્ણય લે છે તેના આધારે ભવિષ્ય જોવામાં આવશે. પાર્ટી આ નિર્ણય લેશે.'

# વાવડી પાસે આવેલી હોટલ VR INNમાં જમવા ગયેલા પરિવારના ભોજનમાંથી જીવડું નીકળતા ઉઠ્યા સવાલ

## હોટલ સંચાલકે પણ કબૂલ્યું કે હા જીવડું નીકળું હતું પણ હમણાં ચોમાસાની સીઝનમાં આવું બની શકે

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા માં ફૂડ એન્ડ ડ્રગ ની કચેરી કાર્યરત નહિ હોવાથી કેટલાક હોટલ અને રેસ્ટોરન્ટ ના સંચાલકો ગ્રાહકો ને હલકી ક્વોલિટી નું ભોજન કે નાસ્તો આપતા હોય છે જેનો એક દાખલ ગઈકાલે જોવા મળ્યો જેમાં રાજપીપળા પાસે આવેલ વાવડી ગામ નજીક આવેલી એક હોટલ માં પરિવાર સાથે જમવા ગયેલા એક વ્યક્તિ ના શાક માંથી જીવડું નીકળતા હોટલ ની કામગીરીનો સવાલ ઉઠ્યા હતા રાજપીપળા રાજપૂત ફળિયા માં રહેતા અને નગરપાલિકા માં કામ કરતા એક કર્મચારી ભુપેન્દ્રભાઇ પોતાના પરિવાર સાથે વાવડી પાસે આવેલી





હોટલ VR INN માં જમવા ગયા હતા એમણે ત્યાં ચણા મસાલા નો ઓર્ડર કર્યા બાદ પરિવાર સાથે ભોજન કરવા બેઠા પરંતુ થોડુક જમ્યા બાદ ચણા મસાલા ની પ્લેટ માંથી જીવડું નીકળતા ભુપેન્દ્રભાઇ એ હોટલ સંચાલક ને ફરિયાદ કરી હતી. જોકે આ મુદ્દે હોટલ VR INN ના સંચાલક ઝહીર અબ્બાસે ટેલીફોનીક વાત માં કબૂલ કર્યું કે હા, એમના ચણા મસાલા માં જીવડું નિકળ્યું હતું પણ એમાં અમારો વાંક નથી કેમ કે હાલમાં ચોમાસા ની સીઝન હોવાથી આવું બન્યું હશે બાકી અમે દરેક બાબતની તકેદારી રાખીએ છીએ. પરંતુ જે પણ કંઈ હોય ગ્રાહક ના જમવા માંથી જીવાત નિકળી એ બાબત આરોગ્ય સાથે ચોક્કસ ચેડા કરે છે માટે નર્મદા જિલ્લામાં આવી હોટલો પર કડક ચેકીંગ જરૂરી છે. માટે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ આ બાબતે કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નડિયાદના પીપલગ ખાતે કર્મયોગી વનનું કર્યું લોકાર્પણ

ખેડા : અશેષ વ્યાસ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૫મી ઓગસ્ટ સ્વતંત્ર દિવસની ઉજવણી બાદ ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત તૈયાર કરવામાં આવેલ કર્મયોગી વનનું લોકાર્પણ કર્યું હતું. વધુમાં,તેમણે વૃક્ષારોપણ કરી જિલ્લાના નાગરિકોને પર્યાવરણ સંવર્ધન માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીને પરીએજ તળાવ ખાતેના સારસ પક્ષીની સુંદર છબી સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. આ અવસરે ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, નડિયાદ ધારાસભ્ય શ્રી પંકજ ભાઈ દેસાઈ, મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ. ડી. વસાવા, નાયબ વન સંરક્ષક શ્રી અભિષેક સામારિયા, નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી શ્રી લલિત પટેલ, પીપલગ સરપંચ શ્રી મનીષભાઈ પટેલ ખેડા જિલ્લા મહિલા મોર્ચા ના પ્રમુખ શ્રી નલિની બેન પટેલ સહિત મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.



# ભારત વિકાસ પરીષદ અને બ્રહ્માકુમારી પરીવારના સહયોગથી રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઇ

નિતીન ઠાકર : ચાણસ્મા

રક્ષાબંધન ને ગણત્રી ના દિવસો બાકી રહ્યા છે ત્યારે ચાણસ્મા ખાતે વિવિધ સંસ્થા ઓ દ્વારા રક્ષા બંધનની ઉજવણી કરાઇ રહી છે ભારત વિકાશ પરીષદ ની મહિલા પાંખ દ્વારા ચાણસ્મા પોલિશ મથકે પોલિશ અધિકારી એસ એફ ચાવડા ને રક્ષા રૂપી રાખડી બાંધી તંદુરસ્ત દિર્ધાયુ ની પ્રાપ્તી થાય તેવા આશિર્વાદ સાથે રક્ષા બંધન ની શુભેરછા ઓ પાઠવી હતી તદઉપરાંધ બ્રહ્મા કુમારી પરીવાર ના બહેનો દ્વારા રક્ષાબંધન નું માર્મિક શબ્દો માં વ્યાખાન ના આધ્યાત્મિક પરીભાષા માં રજૂ કર્યું હતું આ પ્રસંગે ભારત વિકાસ પરીષદ ની મહિલા પાંખ ના બિના બેન વ્યાસ નયનાબેન રાવલ પી.આઈ સોનલ ચાવડા મૂકેશભાઈ બી. પટેલ પ્રવિણભાઈ રમણભાઈ બ્રહ્માકુમારી બહેનો સહિત ભારત વિકાસ પરીષદ ના મહિલા અને પુરૂષ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા



# ભાદરવા ગામમાંથી પાડાની ચોરી કરનાર 2 શખ્સોને ઝડપી પાડતી તિલકવાડા પોલીસ

ભરત શાહ : રાજપીપળા

પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક, નર્મદા નાઓની સુચના અને સંજય શર્મા, નાયબ પોલીસ અધિક્ષક, એકતાનગર ડીવીઝન તથા એસ.કે. ગામીત, સર્કલ પોલીસ ઇન્સ્પેકટર, એકતાનગર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ચોરીના ગુનાઓ અટકાવવા સારૂ અસરકારક કામગીરી કરવા સુચના આપતા, તિલકવાડા પો.સ્ટે.માં ચોરી નો ગુનો તા.૧૫/૦૮/ ૨૦૨૪ ના રોજ દાખલ થયો હતો.આ ગુનાની હકીકત એવી છે કે, ગઈ તા.૧૨/૦૮/ ૨૦૨૪ થી તા.૧૫/૦૮/૨૦૨૪ સુધીના કોઈ પણ સમય દરમ્યાન ભાદરવા ગામે



ભાથીજી મહારાજના મંદિરે માનતામાં છોડવામા આવેલ એક પાડો કાળા કલરનો જેના માથાના ભાગે સફેદ કલરનો ચાંદલા વાળો જેની ઉમર આશરે આઠ વર્ષનો કિ. રૂ.૨૫,૦૦૦/- નો કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી લઈ ગયેલ જે ગુનો રજીસ્ટર થયેલ હતો. આ ગુનાની તપાસ માં જે.એમ. લટા પોલીસ સબ ઈન્સ્પેકટર તિલકવાડા પોલીસ સ્ટેશન નાઓને મળેલ બાતમીના આધારે ગણતરીના કલાકોમાં (૧) અમુમિયા ઈસ્માઈલમિયા સિંધી, રહે.પોયડા સિંધીવાસ તા.બેચરાજી જી. મહેસાણા તથા (૨) મેહુલ ભાઈ વિભાભાઈ ગમારા, મુળ રહે. શીરવાણીયા તા.જી. બોટાદ હાલ રહે.શમસાબાદ તા.જી.વડોદરા નાઓને ભાદરવા ગામેથી પકડી પુછપરછ કરતા તેઓએ પાડો ચોરી કરેલાની કબૂલાત કરતા આ ગુનામાં ચોરી કરેલ પાડો કિ.રૂ.૨૫,૦૦૦/- નો રીકવર કરી ગુનો ડીટેકટ કર્યો હતો.

# જાફરાબાદની સરકારી આર્ટસ કોમર્સ કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ એક પેડ માં કે નામ યોજાયો

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદ ખાતે તા/૧૪/૦૮/૨૦૨૪ ના રોજ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઇટ્સ તેમજ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં આ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. વિરલ કુમાર શિલુ સાહેબ ના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં મંચસ્થ ઉપસ્થિત રહેલ મહાનુભાવો એ પર્યાવરણ વિશે પોતાનું ઉદબોધન કરેલ આ કોલેજના વિદ્યાર્થીઓ તેમજ પ્રાધ્યાપક સાહેબો ઉપસ્થિત રહ્યા હતા દર વર્ષની જેમ આ વર્ષે પણ આ સરકારી કોલેજન પટાંગણ માં વૃક્ષારોપણ કરવામાં આવેલ આ તકે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ભાચકન સાહેબ દ્વારા પોતાના પ્રવચનમાં વિધાર્થીઓ ને પર્યાવરણ વિશે તથા મોટર એક્ટ ના ટ્રાફિક ના નિયમો વિશે



વિસ્તારપૂર્વક સમજણ આપવામાં આવી હતી તેમજ સાયબર ક્રાઈમ વિશે વિધાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# સરસ્વતી વિધામંદિર ખાતે ભાઈ બહેનના અતૂટ સંબંધોનો તહેવારમાં વિધાર્થીઓએ રક્ષાબંધનની ઉજવણી

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ધૂળચોંડ સ્થિત સરસ્વતી વિદ્યામંદિર ખાતે રક્ષાબંધનનો તહેવાર હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો હતો.આ પ્રસંગે વિદ્યામંદિરના મેનેજિંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ એસ ગાઈનનાં માર્ગદર્શન હેઠળ બાળકોને ભાઈ-બહેનના પવિત્ર સંબંધ વિશે માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય પાર્વતીબેન એમ ગાઈન, ઉપઆચાર્ય કુ .સ્વાતીબેન આર કોકણી,શાળાના સ્ટાફ સોમનાથભાઈ વાય બાગુલ, વિનોદભાઈ,હંસાબેન બી ગાયકવાડ, પિન્ટુબેન પી ચવધરી તથા શાળાનાં બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.અહી બાળકોએ ભાઈ-બહેનના પ્રેમનું પ્રતીક સમાન રક્ષાબંધનની રસપ્રદ રીતે ઉજવણી કરી હતી.ત્યારે ભાઈચારાનો નજારો પણ જોવા મળ્યો હતો.



# ગીર જંગલના ગામડામાં બનેલી રાતની ઘટના CCTV માં કેદ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

સાવરકુંડલાના થોરડી ગામે ગત રવિવારની રાતે ૧૧.૨૨ કલાકે બનેલી એક ઘટના સીસીટીવીમાં કેદ થયા પછી સામે આવી છે, જેમાં બે ડાલામથ્થા એક એક ગૌશાળામાં ઘૂસવાનો પ્રયાસ કરે છે, પરંતુ વાડીના ગેઈટ પર રહેલા બે શ્વાને સિંહોનો હિંમતભેર સામનો કરીને તેને નિષ્ફળ બનાવી હતી. સાવરકુંડલાના થોરડી ગામની આ ઘટના જે સીસીટીવીમાં કેદ થયેલ છે, જે વિડીયો એક જ મિનીટનો છે, એટલે ૬૦ સેકન્ડ ના વિડીયોમાં આખોયે ઘટનાક્રમ એવી રીતે બને છે કે, અચાનક રાતના અંધારામાંથી બે ડાલામથ્થા સાવજ આ ગૌશાળા પાસે આવી ચડે છે, અને તેમાં વારફરતી બંને સાવજો ગૌશાળામાં ઘુસવા પ્રયાસ કરે છે. અને વારંવાર ગૌશાળાના લોખંડના ગેઈટમાં પંજા કરીને તેને હચમચાવી મુકે છે. ત્યારે ગેઈટ ઉપર અંદર ફરતા બે શ્વાન તેનો સામનો કરે છે. ૬૦ સેકન્ડ સુધી સિંહની જોડી અને શ્વાનની જોડી વચ્ચે ઘર્ષણ થાય છે. પરંતુ બને વચ્ચે દીવાલ બનીને ઉભેલ લોખંડના ગેઈટના કારણે સિંહો અંદર આવી શકતા નથી અને બંને શ્વાનના પ્રતિકાર સામે અવાર નવાર પ્રયાસ કરીને બને સિંહ આખરે ત્યાંથી ચાલતી પકડી અંધારામાં જંગલ તરફ જતા રહે છે.



# અસ્થિર મગજના બેનનું તેમના પરીવાર સાથે સુખદ મિલન કરાવતી તિલકવાડા પોલીસ

ભરત શાહ : રાજપીપળા

પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક નર્મદા નાઓએ જીલ્લામાં જાહેર રોડ, ફુટપાથ તેમજ અન્ય જાહેર જગ્યા ઉપર રજળતા, નિરાધાર, ઘર વિહોણા અને બિનવારસી બાળકો, સ્ત્રીઓ તથા પુરુષો ફરતા જોવા મળતા હોય છે તેવી વ્યક્તિઓ પોતાના પરીવારથી કોઈ પણ કારણસર વિખુટા પડી ગયેલ હોય જેથી આવા વ્યક્તિઓની તેમના પરીવાર સાથે મેળાપ કરાવવા અંગે યોગ્ય કામગીરી કરવા સુચનાના આપતા સંજય શર્મા નાયબ પોલીસ અધિક્ષક એકતાનગર વિભાગ એકતાનગર નાઓના માર્ગદર્શન હેઠળ તિલકવાડા પોલીસ સ્ટેશન પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.એમ.લટા પોતે ટીમ પોલીસ ટીમ સાથે તિલકવાડા પોલીસ સ્ટેશન ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન તિલકવાડા બજારમાં આવતા એક બેન આમ-તેમ ફરતા જોવા મળેલ જેથી તે બેનને મહીલા પોલીસ સાથે રાખી પુપરછ કરતા આ બેનની અસ્થિર મગજના જણાતા આ બેન થોડી ઘણી છોટાઉદેપુર બાજુની ભાષા બોલતા ટેલીફોનિક જાણ કરતા તેમનુ નામ મોગલીબેન સોલીયાભાઈ ઉકારીયાભાઇ ભીલ આશરે ઉ.વ.૬૦ રહે. મોગરા તા.ક્વાંટ જી.છોટાઉદેપુરનાની હોવાનુ જાણવા મળતા તેના ગામનો સંપર્ક કરી પરીવારનો સંપર્ક કર્યો હતો.

# સદવિચાર પરિવાર વિધાલયમા સ્વતંત્ર્ય દિનની ઉજવણી સાથે ભૂતપૂર્વ વિધાર્થીઓનું સ્નેહમિલન યોજાયું



ભાવેશ ડોલર

ગાંધીનગર જિલ્લામાં આવેલા ઉવારસદ ગામની નજીક હિરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર સદવિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર નામની સંસ્થા આવેલ છે.જેમાં તદ્દન વિનામૂલ્ય શારીરિક ખોડખાપણ ધરાવતા વિકલાંગ બાળકોનું પ્રાથમિક શિક્ષણ,માધ્યમિક શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ તેમજ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર સહિત તદ્દન વિનામૂલ્યે છાત્રાલય પણ છે જેમાં રહેવા જમવા થી લઈને તમામ ભૌતિક સુવિધાઓ સાથે વિકલાંગ વ્યક્તિઓના જીવન ઘડતરનુ ઉત્થાન થાય એવી એક વિશિષ્ટ સંસ્થા છે.જેમાં સમગ્ર ગુજરાતમાંથી અસંખ્ય બાળકો દિવ્યાંગ વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને આજે પોતાના પગપર સ્વનિર્ભર રહીને સારી કમાણી કરી પોતાના પરિવાર તથા સમાજને પણ ઉપયોગી બને છે વિશેષ જણાવતા ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ય દિનની ઉજવણીના ભાગરૂપે ભૂતપૂર્વ વિદ્યાર્થીના સ્નેહમિલન નું પણ સાથે સાથે આયોજન કરેલ હતું, આ સંસ્થા માંથી વિદ્યાભ્યાસ લઈને સરકારી નોકરી તથા પોતાના જુદા જુદા વ્યવસાયમાં સફળતા મેળવી છે.

# દેવગઢ બારિયા તાલુકાની આંગણવાડી બહેનો દ્વારા રાખડીઓ દેશની રક્ષા કરતા સૈનિકો માટે મોકલાઇ

દિપક રાવલ : દાહોદ

રક્ષાબંધનના તહેવાર નિમિત્તે અમે બહાદુર સૈનિક ભાઈઓ માટે આ વખતે રાખડી મોકલીને જવાન ભાઈઓને રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવીએ છીએ. દાહોદ જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ચાલતી આંગણવાડી કેન્દ્રોમાં જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ તેમજ દેવગઢ બારિયાના સી.ડી. પી.ઓ સુશ્રી એમી જોસેફના માર્ગદર્શન હેઠળ દેવગઢબારિયા તાલુકાની તમામ આંગણવાડી કેન્દ્રોમાંથી કેન્દ્ર દીઠ એક રાખડી એમ ૩૯૦ રાખડીઓ દેશ ની રક્ષા કરતા સૈનિકો માટે મોકલવામાં આવી છે. આઈસીડીએસ દેવગઢ બારિયા ઘટક-૧-૨-૩ આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા રક્ષાબંધન પર્વ આવી રહ્યો છે ત્યારે સૌ ભાઈ બહેનમાં ઉત્સાહ અને ઉમંગ જોવાય રહ્યો છે.



# ગુજરાતભરની ટપાલ કચેરીઓમાં સૌ પ્રથમવાર ધ્વજ વંદન અને ડાક ચોપાલ કાર્યક્રમનું આયોજન

નિતીન ઠાકર : ચાણસ્મા

ગુજરાતભરની ટપાલ કચેરીઓમાં સૌ પ્રથમવાર ૧૫ મી ઓગષ્ટના રોજ ધ્વજ વંદન અને ડાક ચોપાલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જે અંતર્ગત પાટણ પોસ્ટલ સુપ્રિ. એચ.સી. પરમાર ના માર્ગદર્શન નીચે સમગ્ર જિલ્લાની પોસ્ટ ઓફિસમાં પ્રચાર અને પ્રસાર કરવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં ચાણસ્મા સબ ડિવિઝન પોસ્ટલ ઈન્સ્પેક્ટર એસ.આઈ.ઘાંચીની સૂચનાથી વડાવલી પોસ્ટ ઓફિસ નીચે આવેલી બ્રાન્ચ પોસ્ટ ઓફિસ મીઠીઘારિયાલમાં ચાણસ્મા મેઈલ ઓવરસિયર માલાજી ઠાકોરની હાજરીમાં ૭૮ માં પ્રજાસતાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડાક ચોપાલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહેલા ગ્રામજનોને ટપાલ ખાતાની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આભારવિધિ ગ્રામીણ ડાક સેવક દિવ્યા દરજી એ કરી હતી.



# શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન મોડાસા દ્વારા તિરંગા યાત્રા અને કરાઓકે મ્યુઝિકલ કાર્યક્રમ યોજાયો

રાકેશ મહેતા : ધનસુરા

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન મોડાસા દ્વારા તેના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે તેમજ એસોસિએશનના સ્થાપના દિવસ નિમિત્તે તારીખ 14 ઓગસ્ટના રોજ ભવ્ય તિરંગા યાત્રા આયોજન કરવામાં આવ્યું હતું આ યાત્રામાં મા. કલેક્ટરશ્રી અરવલ્લી, એએસપી , ડીએસપી અરવલ્લી, આસિસ્ટન્ટ કલેક્ટરશ્રી તેમજ મામલતદાર શ્રી મોડાસા, પુરવઠા અધિકારી શ્રી મોડાસા, તથા મોડાસા હાઈસ્કૂલ અને સર્વોદય હાઈસ્કુલ ના એનસીસી અને સ્કાઉટના કેડેટ્સ, વિવિધ એસોસિએશનના સભ્યશ્રીઓ તથા કટલરી કરિયાણા ના સૌ વ્યાપારી મિત્રો અને કટલરી કરિયાણા મંડળીના ડિરેક્ટરશ્રીઓ ખૂબ ઉત્સાહથી આ યાત્રામાં જોડાયા હતા. આ યાત્રા ની શરૂઆત મંડળીની ઓફિસ માર્કેટયાર્ડ થી કરવામાં આવી હતી જે ડુગરવાડા ચોકડી થઈ બસ સ્ટેશન થઈ ચાર રસ્તા થઈ માલપુર રોડ ઉપર થી કલરવ કેમ્પસમાં પૂર્ણ થઈ હતી. આ યાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો પણ જોડાયા હતા. યાત્રામાં ડીજે સાઉન્ડ ઢોલ નગારા તેમજ રાષ્ટ્રગીત અને સૂત્રચારો સાથે સંપન્ન થઈ હતી.



# પાલનપુરમાં કોંગ્રેસના જનમંચ કાર્યક્રમ માં બાયપાસ રોડ બાબતે ખેડૂતોએ પોતાને અન્યાય થયો છે તે પ્રશ્ન રજૂ કર્યો

મહેશ સોલંકી : પાલનપુર

પાલનપુર શહેરમાં કોંગ્રેસ પાર્ટી નાં વિપક્ષના નેતા અમિતભાઈ ચાવડા નો જનમંચ કાર્યક્રમ યોજાયો હતો કાર્યક્રમ માં પાલનપુર ખાતે અરોમા સર્કલ ટ્રાફીક સમસ્યાને નિવારવા બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાલનપુર શહેર ને ફરતો 24 કિલોમીટર લાંબો બાયપાસ રોડની મંજૂરી આપવામાં આવી છે બાયપાસ રોડ બાબતે ખેડૂતો પોતાની માંગણીઓને લઈને જીલ્લા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપી રજૂઆત કરી ચૂક્યા છે ત્યારે આજે પાલનપુર ખાતે યોજાયેલા જનમંચ કાર્યક્રમ દરમિયાન બાયપાસ રોડ બાબતે ખેડૂતો એ અન્યાય થયો તે બાબતે પ્રશ્ન રજૂ કર્યો હતો કોંગ્રેસ પાર્ટી નાં વિપક્ષના નેતા અમિતભાઈ ચાવડા ખેડૂતો એ પોતાને અન્યાય થયો છે તે પ્રશ્ન ધ્યાન થી સાંભળી ખેડૂતો અને કોંગ્રેસ પાર્ટી નાં કાર્યકર્તાઓ દ્વારા વિશાળ સંખ્યામાં રેલી યોજી ભાજપ સરકાર વિરુદ્ધ નારા લગાવ્યા હતા અને જીલ્લા કલેકટર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું વિરોધ પક્ષના નેતા અમિતભાઈ ચાવડા માંગણી કરી હતી કે પાલનપુર શહેરમાં ટ્રાફિક સમસ્યાને નિવારવા પહેલા બ્રિજ બનાવવામાં આવે બ્રિજ બનાવીને પ્રશ્ન હલ થતો હોય તો બાયપાસ રોડ બનાવવા ની યોજના પડતી મૂકીને સમસ્યા દૂર કરવી જોઈએ બાયપાસ રોડ પર જેટલી જમીન ની જરૂર હોય તેટલી જમીન સંપાદન કરવી સાથે જમીન સંપાદન કરવામાં જે ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે તેની તપાસ થવી જોઈએ.



# રાજપીપળા ટેકરા ફળિયા માં ચાલતા જુગાર પર પોલીસ ત્રાટકી : મુદ્દામાલ સાથે 4 પકડાયા

ભરત શાહ : રાજપીપળા

રાજપીપળા ના ટેકરા ફળિયા વિસ્તાર માં ચાલતા જુગાર પર પોલીસે છાપો મારી મુદ્દામાલ સાથે જુગારીયાઓ ને ઝડપી લીધા હતા. મળતી વિગતો અનુસાર રાજપીપળા પોલીસે બાતમીના આધારે ટેકરા ફળિયા ઝોગણીમાતા મંદિરવાળા ફળીયામાં આવેલ અડાળીની ખુલી જગ્યામાં જુગાર રમતા(૧) ઉમેશભાઇ ઉર્ફે ઉમો રવિશંકરભાઇ વસાવા રહે. રાજપીપલા સીધીવાડ રબારી ફળીયુ (૨) રાહુલકુમાર જગદીશભાઇ વસાવા રહે.રાજપીપલા ટેકરા ફળીયા(૩) મુકેશભાઇ ઝીણાભાઇ વસાવા રહે, રાજપીપલા ટેકરા ફળીયા(૪) રાજેશભાઇ શનુભાઇ વસાવા રહે. રાજપીપલા ટેકરા ફળીયા ને ઝડપી તેમની અંગઝડતીના રોકડા રૂપિયા ૨૫,૫૨૦/- તથા દાવ પરના તેમજ છુટા છવાયા રોકડા રૂપિયા. ૪૬૫૦/- તથા મોબાઈલ નંગ ૧ કિ.રૂ. ૫૦૦૦/- મળી કુલ રૂ. ૩૫,૧૭૦/- ના મૂદ્દામાલ સાથે પકડી લીધા હતા.



દેશભરમાં હર ઘર તિરંગા અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ ગઈ જેમાં હજારોની સંખ્યામાં લોકો જોડાઈ દેશપ્રેમ દર્શાવ્યો ત્યારે ૧૫ ઓગસ્ટના રોજ નખત્રાણા વથાણમાં ફ્રૂટ ના વ્યવસાય સાથે સંકળાયેલા વિનોદભાઈ પટ્ટણીએ પણ પોતાનાં વ્યવસાય સ્થાન પર તિરંગો લહેરાવી દેશપ્રેમ વ્યકત કર્યો હતો. તસવીર: મહેશ સોની નખત્રાણા

# સાપુતારા ખાતે સ્ટંટબાજી કરતા રાઈડર્સનો વિડિયો વાયરલ

સુશીલ પવાર : ડાંગ

15મી ઓગષ્ટ સ્વાતંત્ય પર્વનાં દિને ગિરિમથક સાપુતારા ખાતે પ્રવાસીઓનું ઘોડાપુર ઉમટી પડયુ હતુ.ગુરુવારે 15મી ઓગષ્ટનાં દિને રજા પણ હોય જેથી સાપુતારા ખાતે મોટી સંખ્યામાં બાઈક રાઈડરો તિરંગા સાથે ઉમટી પડ્યા હતા.જેમાં સાપુતારા હેલિપેડ વિસ્તારમાં રાઈડર્સનાં એક ગ્રુપ દ્વારા મોટરસાયકલ પર સ્ટંટબાજી કરવામાં આવી રહી હતી.જેનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા અનેક તર્ક વિતર્કો સર્જાતા જોવા મળી રહ્યા છે.જેથી આ રાઈડર્સ ગ્રુપના યુવકો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.આજના સમયમાં કેટલાક યુવાનો સોશિયલ મીડિયામાં જોખમી સ્ટંટ કરી રીલ્સ બનાવી ફેમસ થવાના ચકકરમાં પોતાનો તથા અન્ય લોકોનો જીવ પણ જોખમમાં મૂકતા હોય છે.ત્યારે ગિરિમથક સાપુતારાનાં હેલિપેડ વિસ્તારમાંથી પણ આવો જ એક સ્ટંટબાજીનો વીડિયો સામે આવ્યો છે.આ ગ્રુપ દ્વારા હેલિપેડ ખાતે જોખમી સ્ટંટ કરી કાયદા અને વ્યવસ્થાને હાથમાં લઈ લીધો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા.સાપુતારાનાં હેલિપેડ ખાતે બાઈક રાઈડર્સ દ્વારા જાણે કોઈ 'ફિલ્મ શો'નું આયોજન કર્યુ હોય તેમ અહી રાઈડર્સને જોવા ભીડ જામી હતી.આ રાઈડર્સ ગ્રુપના યુવકો સ્પોર્ટ્સ બાઈક પર જોખમી રીતે સ્ટંટ કરી રહ્યા હતા.સાથે બાઈકોને રેસ કરી ઘોંઘાટ કરી મઝા માણી રહ્યા હતા.અહી બાઈકો રેસ કરતા ધુમાડાનાં ગોટે ગોટા ફેલાઈ જવા પામ્યા હતા.જેનો વિડિયો સોશિયલ મીડિયાનાં ગ્રુપોમાં વાઈરલ થતા ચકચાર મચી જવા પામી હતી.આ વીડિયોમાં સ્પોર્ટ્સ બાઈક અને બુલેટ પર સવાર યુવકોએ જોખમી સ્ટંટ કર્યા હતા.અને બંને હાથ બાઈક પરથી હટાવીને હેલિપેડનાં રસ્તા પર બાઈક ચલાવી હતી.આ ઉપરાંત યુવકોએ હેલિપેડનાં રસ્તા પર બાઈકને એક વ્હીલ પર પણ ફેરવી હતી.આ યુવકોએ બેખોફ બની આ પ્રકારનો સ્ટંટ કરી પોતાનો અને રસ્તા પરથી પસાર થતા લોકોનો જીવ પણ જોખમમાં મૂક્યો હતો.આ રાઈડરોનાં સ્ટંટ અને ઘોંઘાટનાં કારણે સાપુતારાનાં શાંત વાતાવરણમાં ફરવા આવેલ પ્રવાસીઓએ પણ હેરાન પરેશાન થવુ પડ્યુ હતુ.ત્યારે સાપુતારા ખાતે રાઈડરો દ્વારા નીતિ નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવેલ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.



# બગસરાના માવજીંજવા ગામે ડીમોલેશન કરાયું



અશોક મણવર : અમરેલી

અમરેલીના બગસરા તાલુકાના માવજીંજવા ગામે સર્વે નંબર 391 પૈ 10 ની એક્ટરની જમીન દાદાશ્રી પ્રભાશંકરભાઈ મનજીભાઈ ઠાકરને ભાડા પટ્ટે આપવામાં આવેલ હોય જેથી આ જમીનનો ભાડાપટ્ટો પૂરો થતા તેને રિવ્યુ કરવા માટે અમરેલી કલેક્ટર સાહેબ તારીખ 26/1/2019 માં અરજી આપેલ જે ભાડા પટ્ટેની રીન્યુ કરવાની અરજી ના મંજૂર કરતા જમીન સરકાર દાખલ કરવા હુકમ કારેલ હોય જે અંતર્ગત સરકારી જમીનમાં દબાણ કરવામાં આવેલ હોવાથી આ જગ્યા સરકારી જમીન હોવાથી કલેક્ટરશ્રી દ્વારા આ જમીન ઉપર જે કાંઈ દબાણ કરેલ હોય તેને દુર કરવા માટે તારી 15/8/2024 સુધીમાં આદેશ કરવામાં આવેલ પરંતુ અરજદાર દ્વારા સ્વાગત કાર્યક્રમમાં આ અરજી મુકેલી હોવાથી અમરેલી કલેક્ટરની સૂચના મુજબ ડિમોલેશન કરવામાં આવ્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# 7 સેકન્ડમાં 11 ફડાકા ઝીંકી છરીના બે ઘા માર્યા

## રાજકોટમાં પોલીસપુત્રએ ઉછીના આપેલા રૂપિયા પરત માંગતા મિત્રની ટોળકીએ હુમલો કર્યો...



રાજકોટ | રાજકોટના પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેતા યુવાને તેના મિત્રને ઉછીના આપેલ રૂપિયા પરત માંગતા ઉશ્કેરાયેલ મિત્ર અને તેની સાથેના અન્ય બે લોકો સહિત કુલ 3 લોકોએ સાથે મળી પોલીસ પુત્ર પર છરી વડે હુમલો કરી જાનથી મારી નાખવા ધમકી આપી છે. જે સમગ્ર ઘટના દુકાન પર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે. હાલ યુનિવર્સિટી પોલીસે આ મામલે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટના પોલીસ હેડ ક્વાર્ટરમાં ન્યુ એ.એસ.આઇ બિલ્ડિંગમાં રહેતા પોલીસ પુત્ર જન્મજયસિંહ જયપાલસિંહ ઝાલાએ ફરિયાદ કરતા જણાવ્યું હતું કે, હું બી. કોમના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરું છું. ગઈકાલે (15 ઓગસ્ટ) સાંજના 7 વાગ્યે હું મારા મિત્ર હર્ષિતસિંહ શકિતસિંહ ચુડાસમાનું વાહન લઈ મારા ઘરેથી સાથે વિષ્ણુવિહાર સોસાયટી સામે આવેલ સેવક પાન-ફાકીની દુકાને બેસવા ગયો હતાં. ત્યારે રોહિત રમેશભાઈ ડાભી જે મારો મિત્ર છે અને અમો ત્રણેય મિત્રો ત્યાં બેસેલા હતાં. તે વખતે મારો અન્ય મિત્રો અયાન આરિફભાઈ લંજા, યશુ પ્રવીણભાઈ દવેરા અને શાહરૂખ 10 વાગ્યાના આસપાસ આવ્યાં હતાં. મેં આજથી 15 દિવસ પહેલા મારા મિત્ર અયાન આરિફભાઈ લંજાને 1.15 લાખ રૂપિયા ઉછીના આપ્યાં હતાં. જેમાં તેણે મને રૂ.40,000 પરત આપી દીધી હતા અને મારે રૂ.75,000 લેવાના બાકી છે. જેથી મેં તેને કહ્યું કે, મને મારા પૈસા આપી દેજો. આ દરમિયાન અયાન એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને મને ગાળો દેવા લાગ્યો હતો. તો તેની સાથે આવેલ યશુ પ્રવિણભાઈ દવેરાએ મને શરીરે ઢીક્કા-પાટુનો માર મારવા લાગ્યો હતો. તે વખતે અયાને પોતાની પાસે રહેલ છરી વડે મને ડાબા પગમાં સાથળના પાછળના ભાગે બે ઘા મારી દીધા હતાં અને મને કહ્યું કે, આજ તો તને જાનથી મારી નાખવો છે.

તેની સાથેનો શાહરૂખે પણ મને જેમ ફાવે તેમ ગાળો આપી ઢીક્કા-પાટુનો માર માર્યો હતો. ત્યાં હાજર મારા મિત્રો રોહિત અને હર્ષિતસિંહ વચ્ચે પડી મને વધુ મારથી બચાવ્યો હતો. ઉપરાંત મને છરી વાગવાથી લોહી નીકળતુ હોવાથી અને દેકારો થતાં ઘણા લોકો સ્થળે ભેગા થઈ જતાં આ ત્રણેય લોકો ત્યાંથી ભાગી ગયા હતા. જે બાદ મારા મીત્રો કામીલ, અરબાઝ અને હર્ષિતસિંહએ મને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લાવ્યા છે. હાલ મારી સારવાર ચાલુ છે અને હું સંપૂર્ણ ભાનમાં છું.

આ બનાવનુ કારણ એ છે કે, મારા ઓળખીતા મીત્ર અયાન આરીફભાઈ લંજાને મેં પંદર દિવસ પહેલા પૈસા આપ્યાં હતાં. જે પરત માંગતા અયાન સાથે આવેલ યશુ પ્રવિણભાઈ દવેરાએ અને શાહરૂખે મને ગાળો આપી માર માર્યો હતો. તો અયાને તેની પાસે રહેલ છરી વડે મને ડાબા પગમાં સાથળના પાછળના ભાગે બે ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

---

### ન્યૂઝ કોર્નર

## દાહોદ LCBએ 696 બોટલ વિદેશી દારુ ઝડપી પાડ્યો...

દાહોદ | દાહોદ જિલ્લાના સીંગવડ ગામેથી દાહોદ LCB પોલીસે કારમા દારૂની હેરાફેરી કરતા એક શખ્સને રૂપીયા 92,880/-ની કિંમતની 696 બોટલ વિદેશી દારુ સાથે ઝડપી પાડી જેલ હવાલે કર્યા હતા. દાહોદ જિલ્લામા વિદેશી દારૂની ઘુસણઘોરી અટકાવવા અને આવા બુટલેગરોને ઝડપી પાડવા પંચમહાલ રેન્જ આઈ.જી. આર.વી.અસારીની સુચના મુજબ દાહોદ એસ.પી. ડૉ. રાજદીપસિંહ ઝાલાએ દાહોદ જિલ્લામા વિદેશી દારૂની ઘુસણખોરીની અસામાજીક પ્રવૃતિઓ ઉપર અંકુશ લાવી સદંતર નેસ્તનાબુદ કરવા માટે વિદેશી દારુની હેરાફેરી કરતા લીસ્ટેડ બુટલેગરો ઉપર તેમજ દાહોદ જિલ્લાને અડીને આવેલા બંન્ને રાજ્યો મધ્યપ્રદેશ તથા રાજસ્થાન માથી ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી અને તેમને આશ્રય સ્થાનો ઉપર રેડ કરી.

## ભાવનગરમાં દારૂના સાથે બુટલેગરને ઝડપી લીધો...

ભાવનગર | ભાવનગર જિલ્લાના વરતેજ પોલીસે ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ભોજપરા ગામની સીમમાં આવેલ એક વાડીમાંથી ઇંગ્લિશ દારૂની 180 બોટલ સાથે બુટલેગરની ધરપકડ કરી હતી. સમગ્ર બનાવા અંગે વરતેજ પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર વરતેજ પોલીસ સ્ટેશનમાં જવાનો અલગ અલગ ગામડાઓમાં પેટ્રોલિંગમાં હોય એ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, ભોજપરા ગામે રહેતો પ્રવીણ ઉર્ફે ડીગો ભાનુ ખમળ તેની વાડીએ ઇંગ્લિશ દારૂનો જથ્થો ઉતારી ગેરકાયદે વેપલો કરે છે જે માહિતી આધારે વરતેજ પોલીસ સ્ટેશનના જવાનોએ બાતમી વાળા સ્થળે રેડ કરતા બુટલેગર ડિગો વાડીએ હાજર મળી આવ્યો હતો. જેની પૂછપરછ કરતા તેણે વાડીમાં કપાસના વણમાં છુપાવેલ ઇંગ્લિશ દારૂની 180 બોટલ કાઢી આપી હતી. આ દારૂના જથ્થા અંગે પોલીસે ડીગાની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું.t

---

# ગે એપ અને ગેંગ અલગ-અલગ

## સુરતમાં યુવકોએ જ યુવકોને શરીર સંબંધ બાંધવા બોલાવી ખેલ પાડ્યો; નાની ઉંમરે જ ગેંગ અને ખતરનાક પ્લાન સાથે લૂંટને અંજામ આપ્યો...

સુરત | સુરતમાં એક નવી રીતે સાયબર ક્રાઈમ થતા હોવાની ઘટનાઓ સામે આવી છે. હવે ઠગો કોઈ ઓટીપી કે લિંક દ્વારા નહિ પણ ગે એપ્લિકેશન મારફતે લોકોને લૂંટી રહ્યા છે. સુરત શહેરમાં અત્યાર સુધીમાં આ પ્રકારના ચાર જેટલા કેસ સામે આવી ચૂક્યા છે. જેમાં યુવાનો દ્વારા જ ત્રણ જેટલા યુવાનોને બ્લેકમેલ કરી રૂપિયા પડાવવામાં આવ્યા છે. આ આરોપીઓની મોડસ ઓપરેન્ડી એક છે, જ્યારે એપ્લિકેશન અલગ-અલગ છે. અત્યાર સુધીમાં આવી ત્રણ ગેંગ ઝડપાઈ ગઈ છે. જેણે નાની ઉંમરમાં જ ગે લોકોને શિકાર બનાવી લૂંટને અંજામ આપ્યો હતો. તો આવો જાણીએ કે, આ ચાર કિસ્સા કયા છે? કેવી રીતે ઠગબાજો શિકારને શોધી અને મિશનને પાર પાડતા હતા? આ ગેંગમાં નાની ઉંમરે જ યુવકો જોડાઈ ગયા, તો સાયબર એક્સપર્ટ પાસેથી જાણીએ શું સાવચેતી રાખવી જોઈએ. આવી કોઈ ગેંગના શિકાર થયા હોય તો શું કરવું જોઈએ.

### આ લોકોને આપણી સોસાયટીએ ખૂલીને સ્વીકાર કર્યો નથી: એક્સપર્ટ

સાયબર એક્સપર્ટ સ્નેહલ વકીલનાએ જણાવ્યું હતું કે, ગે એપને લગતી ઘણી બધી એપ્લિકેશનનો ચાલી રહી છે. ગ્રાન્ડર એપ છે તે ઈન્ટરનેશનલી યૂઝ થાય છે. આ એપમાં ઈન્ટરનેશનલ અને ઈન્ડિયાના લોકો જોડાયેલા છે. હવે ધીરે ધીરે ઘણા લોકો સેક્સયુઝ પ્રોફેન્સી છે તે બહુ ખૂલીને બોલતા હોય છે. આવી જે અલગ-અલગ એપ હોય છે.

તેમાંથી તેઓ એકબીજાને કોન્ટેક્ટ કરતા હોય છે. પ્રેક્ટિકલી, સોશિયલી હજી આપણે કહી શકીએ છીએ કે, લોકોએ આમને હજી એક્સેપ્ટ કર્યા નથી. જેમ કે, ગે મેરેજ હોય તેમને હજી પણ આપણી સોસાયટીએ ખૂલીને સ્વીકાર કર્યો નથી. જેથી આ જે લોકો હોય છે તે ખૂલીને લોકોની સમક્ષ ક્લિયરલી આવી શકતા નથી. જે લોકોનો સાયબર માફિયા ફાયદો ઉઠાવતા હોય છે.




### ગેંગમાં નાની ઉંમરના લોકોનો પણ સમાવેશ

આ તમામ ગેંગમાં 17થી લઈને 30 વર્ષની ઉંમરના યુવકો સંકળાયેલા છે. આ ત્રણેય ગેંગમાં નાની ઉંમરે જ યુવકોને પ્લાન બનાવી રૂપિયા પડાવી લેવાના કારસ્તાનમાં જોડી દેવામાં આવ્યા છે. મોટા ભાગના આરોપીનો ગુનાહિત ઈતિહાસ નથી. જોકે, ત્રણેય ગેંગના એક બે શખસના જ ગુનાહિત ઈતિહાસ છે.

અમરોલી પોલીસે પકડેલી ગેંગમાં એક રીઢો ગુનેગાર છે. સાયબર માફિયાઓ મોટાભાગે ગે એપ દ્વારા પોતાના જ લોકોને ક્રિએટ કરીને આર્ટિફિસિયલી લોકોને એક્સેપ્ટ કરે છે. જે બાદ એમને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલે છે, તેમની સાથે કો-ઓર્ડિનેટ કરે છે અને પછી તેમને તેઓ કોઈ જગ્યાએ મળવા બોલાવે છે. ત્યારબાદ તેમની પ્રાઈવેટ મૂવમેન્ટ માટે આગળ વધતા હોય છે, ત્યારે કેટલાક લોકો જે કોઈ ને કોઈ ઘાતક રીતે સેક્સયુલી એબ્યુઝ પણ કરે છે. ઘણી જગ્યાએ રૂપિયા પણ પડાવે છે અને પછી તેમને જીવિત જવા દે છે.

### માસ્ટર ગે એપ સહિતની એપથી શિકારને ફસાવતા

સુરતમાં અત્યાર સુધીમાં ગ્રાઈન્ડર ગે એપ, બ્લુએડ લાઈવ એન્ડ ડેટિંગ ગે એપ સહિતની ગે એપથી શિકાર બનાવ્યાના ચાર કેસ નોંધાયા છે. જેમાં યુવકોને બોલાવી તેમના બીભત્સ ફોટો-વીડિયોના આધારે બ્લેકમેલ કરી રૂપિયા પડાવવામાં આવ્યા છે. આ તમામ કેસમાં ત્રણ જેટલી ગેંગ પકડવામાં આવી છે. પહેલા અમરોલી પોલીસે જે ગેંગને પકડી હતી, તેમાં એક સગીર સહિત ચાર ઝડપાયા હતા. જેમાં એક માસ્ટર માઈન્ડ રીઢો ગુનેગાર હતો. જ્યારે અન્ય પણ મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા હતા. જેમને આ લૂંટવાના કામમાં લગાવી દેવામાં આવ્યા હતા. આ ગેંગ દ્વારા અન્ય એક યુવકને પણ શિકાર બનાવવામાં આવ્યો હતો.

**વરાછા પોલીસે આવી બે ગેંગને ઝડપી :** વરાછા પોલીસે ગેંગના ચારમાંથી બેને ઝડપી પાડ્યા હતા. ગે એપ અંગે જાણ થયા બાદ આ ચારેય એકબીજાના સંપર્કમાં આવ્યા હતા અને ગે એપમાંથી યુવકોને ફસાવવાનો પ્લાન બનાવ્યો હતો. પીડિત યુવક રત્નકલાકાર છે, જ્યારે ચારેય આરોપીઓ પણ રત્નકલાકાર છે. તમામની ઉંમર 20થી 25 વર્ષ છે. વરાછા પોલીસ બે યુવકોને હજુ પણ શોધી રહી છે. ત્રીજી ગેંગ પણ વરાછા પોલીસ દ્વારા જ ઝડપી પાડવામાં આવી છે. જેમાંથી બે આરોપી ઝડપાયા છે, જ્યારે બેને પોલીસ શોધી રહી છે. આ ત્રણેય ગેંગમાં એપ્લિકેશન અલગ-અલગ છે, પણ મોડસ ઓપરેન્ડી એક જ સરખી છે. પહેલી ગેંગ દ્વારા ગે એપ થકી જ યુવકને મળવા બોલાવ્યો હતો, તેમ અન્ય બે ગેંગે પણ એ જ પ્રમાણે પ્લાન કર્યો છે. મળવા બોલાવી રૂમમાં પીડિત હતો, ત્યારે અન્ય યુવકોએ આવી તેની પાસેથી રૂપિયા પડાવ્યા હતા. રૂપિયા પડાવવાનો પ્રકાર પણ અલગ-અલગ છે. જેમાં રોકડા રૂપિયા પડાવવા, ઓનલાઈન ટ્રાન્સફર કરવા જેવી રીતે રૂપિયા પડાવવામાં આવ્યા છે.

**'પીડિત સરળતાથી પોલીસ સમક્ષ ન જઈ શક્તો નથી' :** આ પ્રકારના જે ક્રાઈમ થાય છે, તેમાં જે પણ ક્રિમિનલ હોય તેમની મોડસ ઓપરેન્ડી એવી હોય છે કે, જે પીડિત હોય તે સરળતાથી પોલીસ સમક્ષ ન જાય. તેની આ જ વાતનો સાયબર માફિયાઓ ફાયદો ઉઠાવતા હોય છે. આવા જે પીડિતો હોય છે તેમને એટલો સાથ આપવો જોઈએ કે તેમને કોઈ કડવા અનુભવ થતા હોય તો તે પોતાની વાત લોકોની સમક્ષ મૂકવાથી અચકાય નહીં. આ સાયબર ક્રાઈમના રૂપમાં જ્યારે કિસ્સા થતા હોય છે, ત્યારે 1930 સાયબર ક્રાઈમની વેબસાઈટ પર પણ કંપ્લેઈન કરી શકે છે. તેમને ચોક્કસથી ન્યાય મળે તે તેવા પ્લેટફોર્મ છે.

### 'ભોગ બનનારા ખૂલીને કહી પણ શકતા નથી'

ઘણા બધા કિસ્સામાં એવું બનતું હોય છે કે, આવા ભોગ બનેલા લોકો ફરિયાદ કરતા પણ અચકાતા હોય છે. બહુ સરળતાથી લોકોની સમક્ષ આવી શકતા નથી. પોતાની સાથે જે પીડા અનુભવી છે, તેને પણ ખૂલીને કહી શકતા નથી. પોલીસની સામે પણ જતા અચકાય છે. ઘણીવાર ઈન્ટરનેશનલી આવા લોકો એકબીજાની સમક્ષ આવતા હોય છે. ત્યારે એક તરફ સાયબર માફિયાઓ હોય છે અને બીજી તરફ પીડિત હોય છે. અલગ-અલગ એપથી એકબીજાને મળ્યા હોય છે.

એવા પણ કિસ્સા બન્યા છે કે, જ્યારે અકબીજાનો સંપર્ક કરે છે, ત્યારે બહાનું આપતા હોય છે. આઉટ ઓફ ઈન્ડિયાથી આવતા હોય છે, ત્યારે પીડિત પર કસ્ટમ ડિપાર્ટમેન્ટનો કોલ આવે છે અને તમારા રેફરન્સથી આવતા હોવાથી પાર્સલ સહિતની માહિતી આપેલી હોય તેના પરથી શિકાર બનાવવામાં આવે છે. આવી રીતે શિકાર બનાવી તેમની પાસેથી રૂપિયા પડાવી લેવામાં આવે છે, જે તેમને ક્યારેય પરત મળતા નથી.

---

## ઓરસંગ નદીમાંથી ખનન માફિયા 29 હજાર મેટ્રીક ટન રેતી ચોરી ગયા

(એજન્સી) વડોદરા | તા. 13

વડોદરા જિલ્લામાંથી પસાર થતી ઓરસંગ નદીની રેતી બાંધકામ માટે શ્રેષ્ઠ મનાય છે. વર્ષોથી ખાણ ખનીજ, સ્થાનિક રાજકીય અગ્રણીઓ અને પોલીસ તંત્રના આશિર્વાદથી ગેરકાનૂની રેતી ખનનનો મોટો વેપાર ચાલે છે. ત્યારે હરીફ જૂથ દ્વારા ડભોઇ તાલુકાના કરનેટ ગામ પાસેથી પસાર થતી ઓરસંગ નદીના પટમાંથી મોટા પાયે રેતી ખનન થયું હોવાની રજૂઆત કલેકટરને કરાયા બાદ જાગેલા ખાણ ખનીજ વિભાગ દ્વારા રેતી ખનન માફિયા રૂપિયા 70 લાખની રેતી ખનન કરી ગયા હોવાની વિગતો તપાસમાં આવતા 4 રેતી ચોરો સામે ડભોઇ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મળેલી માહિતી પ્રમાણે ડભોઇ પોલીસ મથકમાં ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાના રોયલ્ટી ઈન્સ્પેક્ટર કિશન એલ. રાણવાએ મહેશ ગોરધનભાઇ પાટણવાડિયા, વસાવા સુરેશ ઉર્ફે મનુભાઈ બચુભાઈ, જીગ્નેશ વસાવા અને મુકેશ મોહનભાઈ વસાવા (તમામ રહે. કરણેટ) સામે 29 મેટ્રિક ટન રેતી ચોરી ગયાની ડભોઇ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

## ફરિયાદીને વળતરની લાલચ આપી શેર માર્કેટમાં રોકાણ કરવા પૈસા ટાન્સફર કરાવ્યાં

(એજન્સી) સુરત | તા. 16

શેર માર્કેટમાં રોકાણ કરવાથી સારું એવું વળતર મળશે, તેવી લોભામણી વાતો અને લાલચ આપી ફરિયાદીને એક લિંક મોકલી હતી. તેમાં ફરિયાદીને રજીસ્ટ્રેશન કરાવી શેર અને આઈપીઓમાં રોકાણ કરવા માટે અલગ-અલગ બેંક એકાઉન્ટમાં કુલ 14.12 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યાં હતાં. નફો અથવા તો જે રૂપિયા ભરવામાં આવ્યા હતા, તે નહીં આપનાર બે આરોપીની સુરત સાયબર બ્રાન્ચે ધરપકડ કરી છે. પેઈન્ટર અને ડ્રાઈવર તરીકે ધંધો કરનાર આ આરોપીઓએ સાઈબર ફ્રોડની ઘટનાને અંજામ આપ્યો છે. 14.12 લાખ લોભામણી લાલચ આપી ટ્રાન્ઝેક્શન કરાવ્યા બાદ નફાના માત્ર 100 રૂપિયા જ આપ્યા હતા. સુરત સાયબર ક્રાઈમ પાસેથી મળતી માહિતી મુજબ, તારીખ 31 માર્ચ, 2024થી લઈ 30 મે, 2024 સુધી અજાણ્યા વ્હોટ્સએપ ગ્રુપમાંથી અલગ-અલગ મોબાઈલ નંબરોના ધારકો અને બેંક એકાઉન્ટના ધારકોને પૂર્વ આયોજિત કાવતરું રચી ફરિયાદીને શેર માર્કેટમાં રોકાણ કરવાથી સારું વળતર મળશે, તેવી લોભામણી લાલચ આપવામાં આવી હતી. આ લોભામણી વાતો કરી આ લોકો અજાણી વેબસાઈટની લિંક ફરિયાદીને મોકલી આપી હતી.

AXIS BANK

મહત્વની જાહેરાત

**અમે સ્થાળાંતર કરી રહ્યા છીએ**

એક્સિસ બેંકની સેટેલાઈટ શાખા
સ્થળાંતર થઈ રહી છે નવી જગ્યાએ
તા. ૧૮મી સપ્ટેમ્બર ૨૦૨૪થી.

**હાલનું સરનમું:**

**એક્સિસ બેંક લિ. - સેટેલાઈટ શાખા**
**દુકાન નં. ૨ થી ૬, કૃષ્ણ સરાઈ કોમ્પલેક્સ,**
**પ્રેરણાતિર્થ દેરાસરની પાસે, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫.**

**નવું સરનામું:**

**એક્સિસ બેંક લિ. - સેટેલાઈટ શાખા**
**દુકાન નંબર ૫, રત્નાંજલિ સોલિટેર, શરણમ-૫ ની સામે,**
**પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઇટ, અમદાવાદ - ૩૮૦૦૧૫.**

અમે તમારું સ્વાગત કરવા આતુર છીએ.

---

### બ્રેકિંગ ન્યૂઝ

## વડોદરામાં ટ્રક ડ્રાઇવર પર ચપ્પુ અને એરગનથી હુમલો કરી ત્રણ બાઈક સવાર ફરાર

વડોદરા | યુપીના આઝમગઢ જિલ્લામાં રહેતો મોહમ્મદ નવાબ મોહમ્મદ અકમલ ખાન હાલ સુરતમાં ડ્રાઈવિંગ કરે છે. ગઈકાલે મોહમ્મદ નવાબ પોતાને ટ્રકમાં સુરતથી માલ ભરીને વડોદરા આવ્યો હતો. વડોદરા માલ ખાલી કરી કારેલીબાગ ખાતે સુરત અમદાવાદ ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં ગાડી ભરવા માટે મૂકી હતી. ગાડી ભરાઈ જતા રાત્રે 9:30 વાગે સુરત જવાથી નીકળ્યો હતો. વડોદરામાં આરાધના સિનેમા પાસે રસ્તો ઓળંગતા સમયે એક બાઈક પર ત્રણ વ્યક્તિઓ આવ્યા હતા અને એકદમ મારા ટકની સામે બાઈક ઊભી રાખી હતી.

## દર્દીનું મોત થતાં બેદરકારીના આક્ષેપ સાથે ઉશ્કે-રાઈને ડૉક્ટર અને નર્સિંગ સ્ટાફ પર હુમલો કર્યો

(એજન્સી) જુનાગઢ | તા. 16

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં એક દર્દીને છાતીમાં દુખાવો થતાં તે દાખલ થયો હતો. જેથી તેની સારવાર કરવામાં આવી રહી હતી. જોકે, વધુ સારવાર માટે દર્દીને આઈસીયુમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો. ત્યારે તેમનું મોત થતાં દર્દીના પરિવારજનોએ ડૉક્ટરની બેદરકારીથી મોત થયાના આક્ષેપ સાથે હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો. તેમજ ઉશ્કેરાઈને ડૉક્ટર તેમજ નર્સિંગ સ્ટાફ પર હુમલો કર્યો હતો. જે ઘટનાનો વિરોધ નોંધાવવા માટે સિવિલના ડૉક્ટરો હડતાળ પર ઉતર્યા હતા. જોકે, પોલીસે આશ્વાસન આપતા ડૉક્ટરોએ હડતાળ સમેટી હતી. બીજી તરફ આ મામલે હુમલો કરનાર 8 લોકો સામે ફરિયાદ નોંધાવામાં આવી છે. જેમાં પોલીસે ત્રણ આરોપીઓને રાઉન્ડ અપ કર્યા છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં રાત્રિના સમયે દર્દીની સારવાર બાદ તેનું મોત થયું હતું. જેથી ફરજ પરના ડૉક્ટર અને નર્સિંગ સ્ટાફ પર દર્દીઓના સગાઓએ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. સિવિલ હોસ્પિટલમાં ગત મોડી રાત્રે સુખનાથ ચોકમાં રહેતા યુનુસભાઈ હુસેનભાઈ ખત્રીને છાતીમાં દુખાવો થતાં તેમના પરિવારજનો દ્વારા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટર દ્વારા તેની સારવાર શરૂ કરવામાં આવી હતી. બાદમાં યુનુસભાઈને વધુ સારવાર માટે આઈસીયુમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા.

સારવાર બાદ તેનું મૃત્યુ થતા પરિવારજનો ઉશ્કેરાયા હતા અને ડૉક્ટરની બેદરકારીથી જ મૃત્યુ થયા હોવાનો આક્ષેપ કરી ડોક્ટર અને નર્સિંગ સ્ટાફ પર હુમલો કર્યો હતો. જે ઘટનાનો વિરોધ નોંધાવવા જુનાગઢ સિવિલ હોસ્પિટલના ડોક્ટર તેમજ નર્સિંગ સ્ટાફ હડતાળ પર ઉતર્યા હતા. ડોક્ટર પર હુમલાની ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક પહોંચી હતી.

## સાવરકુંડલામાં સિંહની દોડધામ: શિકારની શોધમા બજારોમાં રાત્રે શ્વાનની માફક સિંહ પરિવાર લટાર મારતો જોવા મળ્યો...

(એજન્સી) અમરેલી | તા. 16

અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા વધી રહી છે. જેથી સિંહો હવે ગ્રામ્ય વિસ્તારમાં લટાર મારી રહ્યા છે. જેના અનેક વીડિયો સામે આવ્યાં છે. ત્યારે વધુ એક વીડિયો સામે આવ્યો છે. જેમાં સાવરકુંડલાના થોરડી ગામમાં રાત્રે સિંહ પરિવાર લટાર મારતો કેમેરામાં કેદ થયો છે. 2 સિંહ બાળ અને બે સિંહો શિકારની શોધમાં બજારમાં લટાર મારી રહ્યા છે. થોડા દિવસ પહેલા પણ આ ગામમાં સિંહ અને શ્વાનની લડાઈનો વીડિયો વાઈરલ થયો હતો. ચોમાસાની ઋતુમાં વરસાદી માહોલ અને રેવન્યુ વિસ્તાર હોય કે અન્ય વિસ્તારમાં મચ્છરનો ઉપદ્રહ તેમજ જીવજંતુ વધતા હોવાને કારણે સિંહો પરેશાન થતા હોય છે, જેથી સિંહો ખુલ્લામાં રહેવાનું વધુ પસંદ કરતા હોય છે, જેના કારણે સિંહો સતત ગ્રામ્ય વિસ્તારમાં લટાર મારી રહ્યાં છે જેના અનેક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. સાવરકુંડલા તાલુકાના થોરડી ગામ નજીક આદસંગ જવાના રોડ ઉપર બે સિંહ પરિવાર સાથે બજારમાં દોડધામ કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. જેનો વીડિયો હાલ વાઈરલ થયો છે. ત્યારે સિંહોની લટારના પગલે ગામલોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# 28 મીએ મનપાની સાધારણ સભાઃ 15 માં નાણાપંચની ગ્રાન્ટમાંથી 7 કામોને મંજૂરી અપાશે

(એજન્સી) ભાવનગર | તા.16

ભાવનગર મહાપાલિકાની ર૮મી ઓગસ્ટે મળનારી સાધારણ સભામાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાંથી સાત કામો કરવા મંજૂરી અપાશે. આ ઉપરાંત અધેવાડા ટી.પી.સ્કીમનો રીઝર્વ પ્લોટ સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ફેરવવા વેરીએશન કરવાની શરતે ડ્રેનેજ વિભાગને ફાળવવા માટે સૈધ્ધાંતિક મંજુરી આપવા નિર્ણય કરાશે. આ સભામાં જુદા જુદા કામના ચાર ઠરાવને બહાલી આપવામાં આવશે. ભાવનગર મહાપાલિકાના હોલ ખાતે આગામી તા. ૨૮ ઓગસ્ટને બુધવારે સાંજે ૪ કલાકે મેયરના અધ્યક્ષ સ્થાને સાધારણ સભા મળશે.જેમાં ૧૫માં નાણાપંચની વર્ષ ૨૦૨૨-૨૩ની બીજા હપ્તાની અનટાઈડ ગ્રાન્ટની રકમ રૂ.૫,૪૫,૨૬,૬૩૪ ગત તા. ૩૧ માર્ચ,૨૦૨૪ની વિગતે ભાવનગર મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલ છે. જે ગ્રાન્ટમાંથી શહેરમાં વિવિધ સ્મશાન-કબ્રસ્તાનમાં માળખાકીય સુવિધાનું કામ, કોમ્પ્યુટર વિભાગના વિવિધ કામો, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના વિવિધ કામો, ગાર્ડના વિભાગના કામોમળી કુલ સાત વિકાસ કામોને મંજૂરી આપવામાં આવશે. તો, અધેવાડા ટી.પી.સ્કીમ નં. ૭(અધેવાડા) ના ૭૨૪૩ ચો.મી.નું ક્ષેત્રફળ ધરાવતાં એફ.પી.નં.૬૬ રહેણાંક વેચાણનાં હેતુ માટે રીઝર્વ પ્લોટમાં ભાવનગર મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગે સ્ટોર બનાવવા માંગણી કરી છે. જે મુજબ આ પ્લોટ ડ્રેનેજ વિભાગને ડીપાર્ટમેન્ટ સ્ટોર બનાવવા માટે હેતુફેર થતો હોય આ પ્લોટ સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ફેરવવા વેરીએશન કરવાની શરતે ડ્રેનેજ વિભાગને ફાળવવા માટે સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવશે.

## ન્યુઝ ફ્લેશ

### અમદાવાદ-ગાંધીધામની ગેંગની વધુ એક સાગીરત ઝડપાઇ ગાંધીધામથી જ ઝડપાઇ

ગાંધીધામ: નરેન્દ્ર કિશનભાઈ રાજપૂત તેનો મિત્ર છે. બે-અઢી મહિના અગાઉ નરેન્દ્રએ તેને રૂબરૂ મળવા બોલાવીને પોતાના બેંક ખાતાની લિમિટ પૂરી થઈ ગઈ હોવાથી તેમજ તેના રૂપિયા આવવાના હોવાથી ૨-૩ દિવસ પૂરતું તેના બેંક ખાતાનો ઉપયોગ કરવા દેવા વિનંતી કરી હતી. જે બાદ ખાતા પરત આપવામાં યુવાન નાટક કરવા લાગ્યો હતો અને બાદમાં તપાસ કરતાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું અને ખાતાની તપાસ કરતા તેમાં ૯૦ લાખથી વધુના ટ્રાન્ઝેક્શનઓ થયા હોવાની જાણ મળતા સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરવામાં આવતા ફરિયાદીના એકાઉન્ટ પર અલગ અલગ રાજ્યોમાંથી સાત ફરિયાદ થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

### ખંભાતના જલસણ ગામે જુગાર રમતા 9 શખ્સો ઝડપાયા

આણંદ : ખંભાત ગ્રામ્ય પોલીસની ટીમે ગતરોજ રાત્રિના સુમારે ખંભાત તાલુકાના જલસણ ગામના ચરામા મહારાજની વાડી વિસ્તારમાં આવેલ ખેતરની ખુલ્લી જગ્યામાં ઓચિંતો છાપો મારી પત્તાપાનાનો હારજીતનો જુગાર રમી રહેલ નવ શખ્શોને ઝડપી પાડયા હતા. જ્યારે એક શખ્શ ફરાર થઈ ગયો હતો. પોલીસે દીલીપભાઈ મણીભાઈ વાલ્મીક, મગનભાઈ રણછોડભાઈ જાદવ, ચીમનભાઈ આશાભાઈ તળપદા, રાકેશભાઈ લલ્લુભાઈ પરમાર, ભરતભાઈ ગોરધનભાઈ તળપદા, અરવીંદભાઈ ગોવીંદભાઈ દેવીપૂજક, અરવિંદભાઈ ધુળાભાઈ દેવીપૂજક, રમેશભાઈ દાનાભાઈ પરમાર, હસમુખભાઈ નારણભાઈ જાદવ અને જેઠાભાઈ મોહનભાઈ દેવીપૂજક વિરૂધ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ઝડપાયેલ શખ્શોની અંગજડતીમાંથી મળેલ રોકડા રૂા.૧૪૪૦ તેમજ દાવ પરથી મળેલ રોકડા રૂા.૨૭૦ મળી કુલ્લે રૂા.૧૭૨૦ કબ્જે લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

### પિઠાઈ અને વાવની મુવાડીમાંથી 13 શખ્સો જુગાર રમતા ઝડપાયા

કઠલાલ : કઠલાલના પિઠાઈ ગામે ૬ અને વાવની મુવાડીમાંથી ૭ જુગારીઓ પોલીસના હાથે જુગાર રમતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. ફળિયા પાસે અને ખેતરમાં જુગાર રમાતા શખ્સો પાસેથી મોબાઈલ સહિત રૂા. ૩૬ હજારનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરાયો હતો. કઠલાલ પોલીસ મંગળવારે મોડી સાંજે પેટ્રોલિંગમાં હતી. ત્યારે પિઠાઈ પ્રજાપતિ વાળા ફળિયા પાસે કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હતા. જ્યાં પોલીસે દરોડો પાડી સ્થળ ઉપરથી કમલેશકુમાર ધનાભાઈ ચુનારા, વિપુલભાઈ જશુભાઈ પટેલ, ઈરફાન મિયાં સાબીર મિયા મલેક, રાજદીપ કુમાર અશોકભાઈ પરમાર, ઈરફાન મિયાં ફિરોજ મિયા મલેક, સંજય કુમાર કાંતિભાઈ ભોઈ તમામ રહે. પિઠાઈવાળાને ઝડપી પાડી દાવ ઉપરથી રૂપિયા ૬૧૦ તથા અંગ જડતીમાંથી રૂપિયા ૩૦૮૦ તેમજ મોબાઈલ નંગ ૫ કિંમત રૂપિયા ૨૮,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૧,૬૯૦નો મુદ્દા માલ જપ્ત કરી છ શખ્સો વિરૂદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

## બોટાદમાં તિરંગા યાત્રામાં 78 ફૂટના તિરંગા સાથે લોકો જોડાયા

# દેશભક્તિના રંગમાં રંગાતા ભાવનગર અને બોટાદ જિલ્લાના નાગરિકો

(એજન્સી) ભાવનગર | તા.16

ભાવનગર અને બોટાદ જિલ્લામાં હર ઘર ત્રિરંગા અભિયાન યોજાઈ રહ્યું છે અને ઠેરઠેર તિરંગા યાત્રાઓનું આયોજન થઈ રહ્યું છે. ૧૫મીને ગુરૂવારે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થનાર છે ત્યારે નાગરિકો દેશભક્તિના રંગમાં રંગાઈ ગયા છે. ભાવનગરના સરદાર યુવા મંડળ દ્વારા નજીકના માળનાથના ડુંગરમાં બહેનો માટેનો ટ્રેકિંગ કેમ્પ યોજાયો હતો. આ ટ્રેકિંગ દરમિયાન ડુંગર પર રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. પશ્ચિમ રેલવે અમદાવાદ યુનિટના પોલીસ અધિક્ષક બલરામ મીણાના નેતૃત્વ હેઠળ ભાવનગર રેલવે પોલીસ સ્ટેશન દ્વારા હર ઘર તિરંગા કાર્યક્રમ અન્વયે કુંભારવાડાની બ્રહ્મર્ષિ વશિષ્ઠ પ્રાથમિક શાળા નં.૧ ખાતે ચિત્ર તેમજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ૪૦ છાત્રએ ચિત્ર સ્પર્ધામાં અને ૮ છાત્રએ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જે સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતિય નંબર મેળવનારને ઈનામ અને પ્રમાણપત્રથી પ્રોત્સાહિત કરાયા હતા.



ગારિયાધારમાં અઢી કિલોમીટર લાંબી તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં અંદાજિત ૩ હજાર લોકો તિરંગા યાત્રામાં જોડાયા હતા. ગારિયાધારની તમામ ગ્રામ પંચાયતોમાં હર ઘર તિરંગા અંતર્ગત નશામુક્ત ભારત અંગેની રંગોળીઓ ગ્રામ પંચાયત તથા શાળાઓમાં કરવામાં આવી હતી. જિલ્લાની શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.વલ્લભીપુર તાલુકામાં ઉત્સાહભેર તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં નગરજનો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. પાલિતાણા તાલુકાના ઠાડચ ગામની કિશોરીઓએ તિરંગાની થીમને લઈને વિવિધ વાનગીઓ બનાવી દેશ પ્રત્યેની પોતાની ભાવના વ્યક્ત કરી હતી. આમ, રસોઈકળામાં પણ રાષ્ટ્રભક્તિ ઝળકી હતી. ઠળિયામાં હર ઘર તિરંગા યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. મહુવાના ભાદ્રોડ ગામે તિરંગા યાત્રા નિકળી હતી. જેમાં વિશાળ સંખ્યામાં શાળાના બાળકો, આગેવાનો અને અધિકારીઓ જોડાયા હતા. પાલિતાણા ખાતે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત નગરપાલિકાથી બાપા સીતારામ ચોક સુધી તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં અગ્રણીઓ અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા. વેપારીઓ દ્વારા રસ્તા પર ફૂલ પાંદડીઓથી તિરંગા યાત્રાને વધાવવામાં આવી હતી.

### રાજસ્થાનથી કારમાં દારૂની ખેપ લઈને આવતા શખ્સની ધરપકડ

(એજન્સી) ભાવનગર | તા.16

સાતમ-આઠમના તહેવારો ટાણે મહિલા બુટલેગરે રાજસ્થાનથી મંગાવેલો દારૂનો જથ્થો ભાવનગર પહોંચે તે પહેલા ઉમરાળાના રામણકા ગામ નજીકથી લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે વિલાયતી દારૂ અને બિયરનો જથ્થો ભરેલી કાર સાથે એક ખેપિયાની ધરપકડ કરી લીધી છે. દરમિયાનમાં મહિન્દ્રા કંપનીની એક્સયુવી કાર નં.જીજે.૧૦.ડીઈ.૨૪૧૯ શંકાસ્પદ હાલતમાં પસાર થતાં તેને અટકાવી તપાસ કરતા કારની અંદર તેમજ ડીકીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી ૧૨૬૨ બોટલ (કિ.રૂા.૧,૬૩,૨૬૫), બિયરના ટીમ નંગ ૨૩૯ (કિ. રૂા.૨૯,૮૭૫) મળી આવતા એલસીબીએ દારૂ-બિયરનો જથ્થો ઉપરાંત એક મોબાઈલ ફોન, કાર મળી કુલ રૂા.૬,૯૪,૧૪૦ના મુદ્દામાલ સાથે કારનો ચાલક પાબુરામ જગદીશરામ ડારા બિશ્નોઈ નામના શખ્સની ધરપકડ કરી પૂછપરછ કરતા વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલી કાર તેનો શેઠ પીરારામ ઉર્ફે પ્રતાપ ગુજરાતના વિજયનગર ખાતે આપી ગયો હતો .

## પોલીસની આંખમાં ધૂળ નાંખવા બુટલેગરોએ નવો કીમિયો અપનાવ્યો

# એમ્બ્યુલન્સમાં દારૂના જથ્થાની ખેપ લઈને આવતો શખ્સ ઝબ્બે

(એજન્સી) ભાવનગર | તા.16

ભાવનગરમાં પોલીસથી બચી દારૂ ઘૂસાડવા માટે બુટલેગરે નવો કીમીયો અપનાવ્યો હતો. ફિલ્મી સ્ટોરીની જેમ બુટલેગરો હવે ઈમરજન્સી સેવાના વાહનોમાં દારૂની હેરાફેરી કરવા લાગ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે. નારી ગામ નજીકથી ક્રાઈમ બ્રાંચની ટીમે એમ્બ્યુલન્સમાં વિદેશી દારૂનો મસમોટો જથ્થો લઈને ભાવનગર આવી રહેલા એક શખ્સને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવની ઉપલબ્ધ થતી માહિતી અનુસાર ભાવનગર-અમદાવાદ હાઈવે પર ધોલેરા તરફથી એક સફદે કલરની ટેમ્પો ટ્રાવેલર્સ એમ્બ્યુલન્સમાં વિલાયતી દારૂનો મસમોટો જથ્થો ભરી ભાવનગરમાં ઘૂસાડવામાં આવી રહ્યાની ચોક્કસ બાતમીના આધારે નાઈટ પેટ્રોલીંગમાં રહેલી ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે નારી ગામના તળાવ પાસે ,જય મોમાઈ હોટલ સામે નારી ચોકડી તરફ જતા રોડ પર મધરાત્રિના સમયે વોચ રાખી હતી. દરમિયાનમાં ભુરા કલરની લાઈટ લગાડેલી એમ્બ્યુલન્સ નં.જીજે.૧૦.ડબ્લ્યુ.૭૦૦૨ અહીંથી પસાર થતાં એલસીબીએ રોકી તપાસ કરતા એમ્બ્યુલન્સમાં પાછળના ભાગે



સ્ટ્રેચર અને બેસવા માટેની સીટ અને કેબીનની પાછળના ભાગે પતરાવાળું ખાનું જોવા મળી આવ્યું હતું. જે ખાના ઉપર રાખેલ લાકડાનું ઢાકણું કાઢી જોતા તેમાંથી અંગ્રેજી દારૂની એક લીટરની ૨૭૯, ૭૫૦ એમ.એલ.ની ૩૬, ૩૭૫ એમ.એલ.ની ૪૮ અને ૧૮૦ એમ.એલ.ની ૧૯૨ મળી કુલ ૫૫૫ બોટલ (કિ.રૂા.૨,૩૦,૭૯૦) મળી આવતા એલસીબીએ વિલાયતી દારૂનો જથ્થો, એક મોબાઈલ ફોન, એમ્બ્યુલન્સ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધારકાર્ડ સહિત કુલ રૂા.૭,૩૫,૭૯૦ના મુદ્દામાલ સાથે મનીષ દિનેશભાઈ ડાભી (રહે, બારૈયા ફળી, ખીજડાવાળી શેરી, વડવા, ભાવનગર) નામના શખ્સને ઝડપી લઈ વરતેજ પોલીસમાં પ્રોહિ. એક્ટની જુદી-જુદી કલમ હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો.



### ટ્રેક ડબલિંગ કામને લીધે તા.10 સપ્ટેમ્બર સુધી મેમુ ટ્રેનો રદ રહેશે

(એજન્સી) ગોધરા | તા.15

આણંદ-ગોધરા સેક્શન વચ્ચે ડબલિંગ કામ ચાલુ થવાનું હોવાના કારણે રેલવે વિભાગ દ્વારા મોટો નિર્ણય લેવાયો છે. તા.૧૧ ઓગસ્ટ થી ૧૦ સપ્ટેમ્બર સુધી આણંદ-ગોધરા સેક્શન વચ્ચે મેમુ ટ્રેનો રદ રહેશે. આગામી એક મહિના સુધી પશ્ચિમ રેલવેના આણંદ-ગોધરા સેક્શન વચ્ચે ડબલિંગના કામગીરી થવાના કારણે રેલવે વિભાગે એક મહિનાનો બ્લોક લીધેલ છે.જે બ્લોકને કારણે ૧૧ ઓગસ્ટ થી આગલા મહિનાની ૧૦ સપ્ટેમ્બર આણંદ-ગોધરા મેમુ ટ્રેનો રદ રહેશે.આણંદ-ગોધરા વચ્ચે ચાલનારી ટ્રેનો પૈકી(૧)આણંદ-ગોધરા મેમુ ટ્રેન ૧૧ ઓગસ્ટ થી ૧૦ સપ્ટેમ્બર સુધી રદ રહેશે. (૨) ગોધરા -આણંદ મેમુ ટ્રેન ૧૧ ઓગસ્ટ થી ૧૦ સપ્ટેમ્બર સુધી રદ રહેશે.(૩) આણંદ - ડાકોર મેમુ ટ્રેન ૧૧ ઓગસ્ટ થી ૧૦ સપ્ટેમ્બર સુધી રદ રહેશે. (૪)ડાકોર આણંદ મેમુ ટ્રેન ૧૧ ઓગસ્ટ થી ૧૦ સપ્ટેમ્બર સુધી રદ રહેશે. આજે ૧૧ ઓગસ્ટથી ૧૦ સપ્ટેમ્બર સુધી નીચે મુજબની ટ્રેનો ડાયવર્ટ કરેલા રૂટ પર ચલાવશે.



### લૂંટના કેસમાં સંડોવાયેલા 5 આરોપી વાસદ પાસેથી ઝડપાયા

(એજન્સી) આણંદ | તા.15

આણંદ તાલુકાના અડાસ ગામે દામપુરા સીમમાં ગતરોજ બનેલા લૂંટના બનાવમાં વાસદ તથા એલસીબી પોલીસની અલગ-અલગ ટીમોએ પાંચ લૂંટારૂઓને ઝડપી પાડયા છે. પોલીસે તેઓની પાસેથી સોનાના દાગીના તથા એક ઈકો કાર મળી કુલ રૂા.૪.૭૩ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ અર્થે રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. ગત તા.૧૨મી ઓગષ્ટની મધ્યરાત્રિના સુમારે અડાસ ગામે દામપુરા સીમમાં પરસોત્તમભાઈ બુધાભાઈ રાઠોડના ખેતરમાં મકાનમાં સુતેલ માણસો ઉપર ૨૫ થી ૩૦ વર્ષના આશરાના અજાણ્યા ચોર શખ્શો લાકડીઓ સાથે ઘુસી ગયા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી તિજોરીમાંથી રોકડ તથા સોનાના દાગીના સહિત કુલ્લે રૂા.૧.૪૮ લાખની મત્તાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે વાસદ પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



### ખેડા જિલ્લામાં 7,956 વિદ્યાર્થિનીઓ સરસ્વતી સાધનાની સાઇકલોથી વંચિત

(એજન્સી) નડિયાદ | તા.15

સીમ તેમજ છેવાડાના વિસ્તારમાં રહેતી કન્યાઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે સરસ્વતી સાધના યોજના હેઠળ ખેડા જિલ્લામાં ૭,૯૫૬ વિદ્યાર્થિનીઓ સાઈકલોથી દોઢ મહિનાથી વંચિત રહી છે. ત્યારે બીજી તરફ આ સાઈકલો હાલ કાટ અને ધૂળ ખાઈને પડી રહી છે. ત્યારે જિલ્લામાં ચાલી રહેલા વિવિધ કામના ખાતમુહૂર્ત અને લોકાર્પણમાં કન્યાઓને વિતરણ કરાય તેવી રોષેભરાયેલા વાલીઓમાં માંગણી ઉઠી છે.સરકાર દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થિનીઓને શાળા કોલેજમાં જવા માટે એસટી બસમાં મફત મુસાફરી કરી શકે તે માટે વિના મૂલ્યે એસટી બસના પાસની યોજના અમલી બનાવી છે. ઉપરાંત ધો.-૯માં પ્રવેશ મેળવનારી વિદ્યાર્થિનીઓને શાળા પ્રવેશોત્સવ વખતે સરસ્વતી સાધના યોજના હેઠળ સાઈકલોનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે ખેડા જિલ્લામાં શૈક્ષણિક સત્ર શરૂ થયાને દોઢ માસ જેટલો સમય થવા છતાં ધો.-૯ની કન્યાઓને હજુ સુધી સાઈકલોનું વિતરણ કરવામાં આવ્યું નથી.



### જિલ્લા તોલમાપ કચેરીએ વજન-માપના 54 કેસ નોંધી 37 હજારનો દંડ વસૂલ્યો

(એજન્સી) ભાવનગર | તા.15

જિલ્લા તોલમાપ કચેરી દ્વારા જિલ્લાના વિવિધ તાલુકા મથકો પર મોબાઇલ ચેકીંગ અંતર્ગત વજન-માપના ૫૪ કેસ નોંધાયા છે અને ૩૩ હજાર માંડવાળ ફી વસૂલાઇ હતી. જેમાં મુન્દ્રાંકન ન કરાવ્યું હોય તેવા ૧ પેટ્રોલ પંપ, ૧ વેબ્રીજ, મીઠાઇ-ફરસાણના ૮, શાકભાજી ફેરીયા ૧૦ તેમજ ૨૨ સોની વેપારી પણ તોલમાપની ઝપટે ચડયા હતાં. જ્યારે મુદ્રાંકન ચકાસણી અંતર્ગત ૧૨૪૬ સાધનોની ખરાઇ કરી ૬.૮૮ લાખની આવક નોંધાવા પામી હતી. જિલ્લા તોલમાપ કચેરી દ્વારા નિયમિત મોબાઇલ ચેકીંગ ડ્રાઇવ ગોઠવાતી હોય છે. જે ગ્રાહકોની સુરક્ષા અને ગ્રાહકોના હકો માટે કાર્ય કરાતું હોય છે જે અંતર્ગત ગત માસમાં ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકા મથકો પર ચેકીંગ દરમિયાન વજન-માપના કુલ ૫૪ કેસ થવા પામ્યા હતા જેમાં માંડવાળ ફી પેટે કુલ રૂા.૩૩,૦૦૦ની વસૂલાત કરવામાં આવી હતી. આ સાથે પીસીઆરનૌ એક કેસ થતા ૪૦૦૦ રૂપિયા માંડવાળ ફી વસૂલવામાં આવી હોવાનું જણાયું હતું.

### ખેડા જિલ્લામાં શારીરિક ખોડખાંપણ-સ્પોર્ટ્સના બોગસ સર્ટિફિકેટના આધારે શિક્ષકોની ભરતીનો ભાંડાફોડ

(એજન્સી) ખેડા | તા.15

ગુલ્લીબાજ શિક્ષકોના મુદ્દો ઉહોપોહ મચ્યો છે ત્યારે શારીરિક ખોડખાંપણ અને સ્પોર્ટસના ખોટા સર્ટિફિકેટ આધારે શિક્ષકોની ભરતી કરાઈ હોવાનું કૌભાંડ ઉજાગર થયુ છે. ખેડા જિલ્લામાં અરજી કરી ન હોય છતાંય બોગસ દસ્તાવેજો રજૂ કરી 23 ઉમેદવારોએ શિક્ષકની નોકરી મેળવી લીધી છે. ત્યારે ગુજરાત કબડ્ડી એસોસિયેશનના બોગસ સર્ટીફિકેટ આધારે 32 ઉમેદવારો સરકારી શિક્ષકો બની બેઠા છે. આ બોગસ શિક્ષક કૌભાંડ મુદ્દે નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે પગલાં ભરવા માંગ ઊઠી છે. એક તરફ ગુજરાતમાં લાખો શિક્ષિત બેરોજગારો નોકરી માટે ફાંફાં મારી રહ્યા છે. બીજી તરફ બોગસ દસ્તાવેજો આધારે શિક્ષકોની ભરતી કરી કૌભાંડ આચરવામાં આવ્યુ છે. એવો આક્ષેપ કરાયો છે કે, વર્ષ 2010માં ખેડા જિલ્લામાં 141 વિદ્યા



સહાયકની ભરતી કરવામાં આવી જેમાં 23 જણાંએ તો અરજી સુધ્ધાં કરી ન હતી. છતા આ ઉમેદવારોએ શારીરિક ખોડખાંપણના ખોટા સર્ટીફિકેટ રજૂ કરીને નોકરી મેળવી લીધી છે. સામાન્ય પ્રવાહ પીટીસી સહાયકમાં તો 63 ઉમેદવારને બદલે 67 ઉમેદવારોની ભરતી કરવામાં આવી હતી. વર્ષ 2008માં સ્પોર્ટસના માર્કસ મેરિટમાં ગણવામાં આવતા હતા. જેના પગલે સ્પોર્ટસના સર્ટિફિકેટની ડિમાન્ડ છે. ખેલો ઈન્ડિયા, રમશે ગુજરાત, જીતશે ગુજરાતના નામે કરોડોનું આંધણ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે ગુજરાત કબડ્ડી એસોસિયેશનના સર્ટિફિકેટનો ધૂમ ઉપયોગ કરવામા આવ્યો છે.

## પતિ સાથે વીડિયો કોલમાં વાત કર્યા બાદ પોણા કલાકમાં જ અંતિમ પગલું ભરી લીધું

# મૂળ પાલિતાણાના શિક્ષિકાનો કચ્છના તુગા ગામે શિક્ષક કોલોનીમાં આપઘાત

(એજન્સી) ભુજ | તા.15

મુળ ભાવનગર જિલ્લાના પાલિતાણાના વતની અને કચ્છના ખાવડા નજીકના તુગા ગામે છેલ્લા ૧૧ માસથી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ૩૫ વર્ષીય શિક્ષિકા વિણાબેન શાંતિભાઈ દુધરેજીયા શિક્ષક કોલોનીમાં પોતાના ઘરે એ મંગળવારે રાત્રે પતિ સાથે વતનમાં વીડિયો કોલમાં વાત કર્યા પછી પોણા કલાકમાં જ આપઘાત કરી લીધાના બનાવે ચકચાર જગાવી છે. શિક્ષિકાના મોતના પગલે શિક્ષકગણમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ખાવડા પોલીસમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, વિણાબેને રાત્રીના સાડા દસ વાગ્યાના અરસામાં શિક્ષક કોલોનીમાં પોતાના મકાનમાં પંખા પર દુપટ્ટો બાંધીને કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લીધી હતી. ખાવડા પોલીસ મથકના તપાસનીશ અધિકારી એમ.બી.ચાવડાએ જણાવ્યું હતું કે, મરણજનાર શિક્ષકાબેન એકલા રહેતા હતા. અને તેમની રાત્રીના છેલ્લે તેમના વતન પતિ સાથે પોણા દસ વાગ્યે ફોન પર વાત થઈ હતી. બાદમાં ગળે ટુંપો દઈને આપઘાત કરી લીધો હતો. મરણજનાર મહિલા વિકલાંગ હતા અને તેમના પતિ મધ્યાન ભોજનમાં નોકરી કરતા હતા. તે પણ વિકલાંગ છે. પતિનું હાલમાં જ બાયપાસ સર્જરી ઓપરેશન કરાવ્યું હતું. રાત્રે પતિ સાથે વાત કર્યા બાદ આત્મઘાતી પગલું ભરી લીધું હતું. જો કે, મૃતક મહિલાના પરિવારજનોની પ્રાથમિક પુછપરછમાં બનાવ પાછળનું કારણ હજુ બહાર આવ્યું નથી પરંતુ પોલીસ આગળની તપાસ કરી રહી હોવાનું જણાવ્યું હતું.

હત ભાગી શિક્ષિકા વીણાબેન દૂધરેજીયા મૂળ ભાવનગર જિલ્લાના પાલિતાણાના વતની હતી. વર્ષ- ૨૦૨૩માં સપ્ટેમ્બર મહિનામાં તેમની નિમણુંક કચ્છના ખાવડા નજીકની તુગા પ્રાથમિક શાળામાં નિમણુંક થઈ હતી. દિવ્યાંગ શિક્ષિકાએ ગળેફાંસો ખાઈને જિંદગી ટૂંકાવી લીધાની ઘટનાને પગલે શિક્ષણ જગતમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. બીજીતરફ શિક્ષિકાએ શા માટે આત્મહત્યા કરી લીધી છે તે અંગેનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. મોતનું સાચું કારણ જાણવા ખાવડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન, શિક્ષક આલમમાંથી એવી વિગતો બહાર આવી રહી છે કે, શિક્ષિકા વીણાબેને મંગળવારે પોતાની શાળા દ્વારા ગામમાં યોજાયેલી તિરંગા યાત્રામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### ગ્રંથપાલ માટે સ્પે. કોર્સ પરંતુ સરકારી કે ગ્રાન્ટેડ સ્કૂલમાં એકપણ ગ્રંથપાલ નથી

(એજન્સી) ભાવનગર | તા.15

તાજેતરમાં ગ્રંથપાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને નવી શિક્ષણ નીતિ અંતર્ગત સ્કૂલ લાયબ્રેરી પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં જોડાવવા ભલામણ પણ આવી પરંતુ ભાવનગર જિલ્લાની એકપણ સરકારી કે ગ્રાન્ટેડ હાઈસ્કૂલમાં ગ્રંથપાલની જગ્યા ભરાયેલી ન હોવાથી આ અભ્યાસક્રમમાં રિપોર્ટ નીલનો મોકલવામાં આવ્યો હોવાનું જણાયું છે.ભારતમાં પુસ્તકાલય વિજ્ઞાનના પિતા તરીકે ઓળખાતા ડો.એસ.આર. રંગનાથનનો જન્મ તમિલનાડુ રાજ્યના શિયાલી, ચેન્નાઈ ખાતે ૧૨ ઓગસ્ટ ૧૮૯૨ના રોજ થયો હતો. લાઈબ્રેરી સાયંસના અભ્યાસ અને સંશોધન માટે રીસર્ચ સર્કલ ઉભું કરી લાઈબ્રેરી સાયંસના વિકાસમાં ડો.રંગનાથનનું વિશેષ યોગદાન રહેલું છે. તેમણે ૭૦થી વધુ ગ્રંથ અને ૩૦૦૦થી વધારે લેખો લખ્યા હતાં. ભારતમાં ગ્રંથાલય વિજ્ઞાનને સમગ્ર ભારતમાં વિકસાવવામાં ડો.રંગનાથને સખત મહેનત કરી હતી.અને તેમનું એક સ્વપ્ન હતું કે આગામી યુવા પેઢી વધુમાં વધુ લાઈબ્રેરીનો ઉપયોગ કરે અને લાઈબ્રેરીમાં બેસીને વધુ ને વધુ પુસ્તકો વાંચે પરંતુ હાલમાં શાળાઓની સ્થિતિ જોઈએ તો નાની-મોટી લાયબ્રેરી હોય છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.



**વૃષભ (બ,વ,ઉ)**

લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે.



**મિથુન (ક,છ,ઘ)**

તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે.



**કર્ક (ડ,હ)**

તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે.



**સિંહ (મ,ટ)**

આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે.



**કન્યા (પ,ઠ,ણ)**

સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે.



**તુલા (ર,ત)**

આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો.



**વૃશ્ચિક (ન,ય)**

આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો.



**ધન (ભ,ધ,ફ)**

તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**મકર (ખ,જ)**

આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે.



**કુંભ (ગ,શ,સ)**

આજે તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરૂણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

# MSCI ઈન્ડેક્સમાં ભારતનું વેઈટેજ પ્રથમ વખત 20 ટકાને પાર થશે : 2021ની શરૂઆતમાં ભારતનું વેઈટેજ 9.2 ટકા હતું

(એજન્સી) મુંબઇ I તા.16

વૈશ્વિક ઈન્ડેક્સ પ્રોવાઈડર એમએસસીઆઈ દ્વારા તાજેતરની સમીક્ષા બાદ એમએસસીઆઈ (ઈએમ-ઉભરતા બજાર) ઈન્ડેક્સમાં ભારતનું વેઈટેજ પ્રથમ વખત ૨૦ ટકાને પાર કરશે. આનાથી ઈન્ડેક્સમાં સૌથી વધુ વજન ધરાવતા ચીન અને ભારતના વજન વચ્ચે માત્ર ૪૦૦ બેસિસ પોઈન્ટનો તફાવત રહેશે. ૨૦૨૧ની શરૂઆતમાં ભારતનું વેઈટેજ ૯.૨ ટકા હતું, જે ચીનના ૩૮.૭ ટકાના એક ક્વાર્ટર કરતાં ઓછું હતું. એમએસસીઆઈ ઈન્ડિયા ઈન્ડેક્સ ૨૦૨૧ થી ૮૪ ટકા વધ્યો છે જ્યારે એમએસસીઆઈ ચીનમાં લગભગ ૫૦ ટકાનો ઘટાડો થયો છે. ભારતીય બજારનો હિસ્સો હવે મુખ્ય ઊભરતાં બજાર બેન્ચમાર્કમાં પ્રથમ વખત ૨૦ ટકાને વટાવી જશે. આ ઈન્ડેક્સમાં ૫૦૦ બિલિયન ડોલરથી વધુની અસ્કયામતો ધરાવતા ફંડને ટ્રક કરવામાં આવે




છે. એમએસસીઆઈ ઈએમ ઈન્ડેક્સમાં ભારતનું વેઈટેજ ૨૦ ટકા વટાવવું એ એક નોંધપાત્ર સિદ્ધિ છે. આ વૈશ્વિક મંચ પર ભારતની વધતી જતી વિશ્વસનીયતા અને સ્વીકૃતિને દર્શાવે છે. ૨૦૧૭માં ભારતનો હિસ્સો લગભગ ૮ ટકા હતો, જે હવે બમણા કરતાં વધી ગયો છે. આ દેશની પ્રગતિ અને આંતરરાષ્ટ્રીય રોકાણકાર સમુદાયને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.૨૦૧૮માં ભારતનું વજન ૮.૨ ટકા હતું અને ૭૮ સ્વદેશી કંપનીઓ ઈન્ડેક્સમાં સામેલ હતી, પરંતુ હવે તેમની સંખ્યા વધીને ૧૫૦થી વધુ થઈ ગઈ છે. એમએસસીઆઈ સૂચકાંકોમાં વધુ સ્ટોકનો સમાવેશ વિદેશી રોકાણના પ્રવાહમાં વધારો કરવામાં મદદ કરશે, જે પ્રવાહિતામાં પણ સુધારો કરશે.

એમએસસીઆઈ ઈન્ડેક્સોમાં ૧૨, ઓગસ્ટના મોટા ફેરફારો જાહેર કરાયા છે. એસએમસીઆઈ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં નવા ૨૭ શેરોનો સમાવેશ કરાયો છે, જ્યારે ગ્લોબલ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં રેલ વિકાસ નિગમ અને વોડાફોન આઈડીયાનો સમાવેશ કરાયો છે. એમએસસીઆઈ ઈન્ડેક્સોમાં કરાયેલા આ ફેરફારોથી નેટ ધોરણે એફઆઈઆઈઝનો ૨.૭ અબજ ડોલરથી ૩ અબજ ડોલર જેટલો પેસિવ ફંડ પ્રવાહ ઠલવાય એવો અંદાજ છે.

# સેન્સેક્સમાં 1000થી વધુ પોઈન્ટનો ઉછાળો 80,000ને પાર, નિફ્ટી પણ 250 પોઈન્ટ વધ્યો

(એજન્સી) મુંબઈ | તા 16

સપ્તાહના પાંચમા અને છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવારે (16 ઓગસ્ટ) શેરબજારમાં આજે ઉછાળો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ 1000 પોઈન્ટના વધારા સાથે 80,000ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. નિફ્ટી પણ 274 પોઈન્ટ ઉછળીને 24,418ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીના 50 શેરોમાંથી 43 વધી રહ્યા છે અને 7 ઘટી રહ્યા છે. સેન્સેક્સના 30 શેરોમાંથી 28 ઉપર અને 2 ડાઉન છે. શરૂઆતના કારોબારમાં સેન્સેક્સ 850 પોઈન્ટથી વધુ વધીને 79,988ના સ્તરે પહોંચ્યો હતો. તે જ સમયે, પ્રારંભિક ટ્રેડિંગમાં નિફ્ટીમાં લગભગ 250 પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો. તે 24,403ની દિવસની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો હતો.



મજબૂત વૈશ્વિક પરિબળોના પગલે આજે શેરબજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે. મોર્નિંગ સેશનમાં સેન્સેક્સ 882.34 પોઈન્ટ ઉછળી 79988.22ના લેવલે પહોંચ્યો હતો. નિફ્ટી પણ 24400ની અતિ મહત્ત્વની સપાટી ક્રોસ કરવામાં સફળ રહ્યો હતો. રોકાણકારોની મૂડી રૂ. 2 લાખ કરોડ વધી હતી. અમેરિકાનો ફુગાવો 3 વર્ષના તળિયે નોંધાતા આગામી સપ્ટેમ્બરથી ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરો ઘટવાની શક્યતા પ્રબળ બની છે. જેનો ટેકો ઈક્વિટી બજારને મળ્યો છે. અમેરિકી, યુરોપ અને એશિયન બજારોમાં સુધારો નોંધાયો છે. સેન્સેક્સ આજે 79000ના લેવલે ખૂલ્યા બાદ વધી 80000 નજીક પહોંચ્યો હતો.

## NEWS BRIEF

### સ્વાતંત્ર્ય દિવસના પ્રસંગે એનએસઈના એમડી અને સીઈઓ આશિષકુમાર ચૌહાણની પ્રતિક્રિયા

મુંબઈ | "ભારતના 78મા સ્વતંત્રતા દિવસના અવસરે, ચાલો આપણે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનનું સન્માન કરીએ જેમણે એક પ્રગતિશીલ અને સમૃદ્ધ દેશની કલ્પના કરી હતી.



ભારતમાં સંપત્તિના સર્જન માટે ઉત્પ્રેરક તરીકે એક અગ્રણી નિયામક હોવા ઉપરાંત, અમે મજબૂત અને વધુ સમાવેશક રાષ્ટ્રના નિર્માણ માટે પ્રતિબદ્ધ છીએ. રાષ્ટ્રનિર્માણ તરફના તેના સતત પ્રયાસોમાં રોકાણકારોની જાગૃતતા અને સુરક્ષા માટે એનએસઈ કેપિટલ માર્કેટ્સને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખે છે. સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ."

### રેલિગેર મની લોન્ડરિંગ કેસમાં ડાબરના બર્મનને EDનું સમન્સ

મુંબઈ |તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ડાબર ઈન્ડિયાના ચેરમેન મોહિત બર્મન સહિત કેર હેલ્થ ઈન્શ્યોરન્સના ત્રણ સ્વતંત્ર ડિરેક્ટર્સ અને ઓપન ઓફરના મેનેજરને સમન્સ પાઠવ્યા છે. રેલિગેર એન્ટરપ્રાઈઝિસ (આરઈએલ)ના શેરહોલ્ડર્સને બર્મન ફેમિલીની ઓપન ઓફર મામલે હાલ મનિ લોન્ડરિંગના આરોપ મામલે ચાલી રહેલી તપાસના પગલે ઈડી તરફથી આ લોકોને તેડું મોકલવામાં આવ્યું છે. આ તપાસ રેલિગેર જૂથ હેઠળની નોન બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC) રેલિગેર ફિનવેસ્ટમાંથી ઉપાડવામાં આવેલા ભંડોળને ઓપન ઓફરથી જોડાયેલી કંપનીઓમાં લગાવવા સાથે સંબંધિત છે. આરઈએલ શેરહોલ્ડર દ્વારા કરવામાં આવેલી ફરિયાદને પગલે આ તપાસ હાથ ધરવામાં આવી છે. ફરિયાદમાં બર્મન ફેમિલી પર ખોટા દાવા કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

### RBIના નિર્દેશના પગલે મોટી ખાનગી બેંકોએ MFIને અપાતી લોનનું રિસ્ક વેઈટેજ વધાર્યું

મુંબઈ I બેંકિંગ રેગ્યુલેટર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના નિર્દેશને પગેલ છેલ્લા દસ દિવસમાં દેશની કેટલીક મોટી ખાનગી બેંકોએ માઈક્રોફાઈનાન્સ (એમએફઆઈ) લોન્સ મામલે રિસ્ક વેઈટમાં વધારો કર્યો છે. તાજેતરમાં આરબીઆઈએ દેશની પાંચ જેટલી ખાનગી અગ્રણી બેંકો સાથે સંવાદ સ્થાપ્યો હતો. જેમાં નિયમનકારે ફરજ પાડી હતી કે, લેન્ડર્સ માઈક્રોફાઈનાન્સ લોન્સના રિસ્ક વેઈટને 75 ટકાથી વધારી 125 ટકા કરે. આ લોનને બિનસલામત લોન તરીકે જુએ. આરબીઆઈના નિર્દેશનો અમલ તાત્કાલિક અસરથી કરવામાં આવ્યો છે. આરબીઆઈના નિર્દેશની બેંકો પર અસર એ પડશે કે, તેમણે લોન ગુમાવવાથી થનાર નુકસાનને કવર કરવા માટે વધુ મૂડી બાજુ પર રાખવી પડશે. સંભવિત રીતે બેંકોની કમાણીમાં ઘટાડો થઈ શકે છે. આરબીઆઈના રિસ્ક વેઈટેજમાં વધારો કરવાના આદેશનો સીધો મતલબ એ થાય છે કે, માઈક્રોફાઈનાન્સને ધિરાણ કરાતી લોન્સ બિનસલામત લોનની કેટેગરીમાં આવી જશે.

### 450 રૂપિયાનો ગેસ સિલિન્ડર, રક્ષાબંધન પહેલા MP સરકારની શું છે તૈયારીઓ?

મુંબઈ | ભાઈ-બહેનના તહેવાર રક્ષાબંધનને હવે ગણતરીના દિવસો જ બાકી છે. ગત વર્ષે રક્ષાબંધનના અવસર પર વડાપ્રધાન મોદીએ ગેસ સિલિન્ડરની કિંમતમાં 200 રૂપિયાનો ઘટાડો કર્યો હતો. ઘણીવાર જોવા મળે છે કે આ તહેવારના અવસર પર દેશના અલગ-અલગ રાજ્યોમાં સરકાર દ્વારા મહિલાઓ માટે મોટી જાહેરાતો કરવામાં આવે છે. UPના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રક્ષાબંધનના દિવસે મહિલાઓને બસમાં મફત મુસાફરીની ભેટ આપી છે. આ સિવાય મધ્યપ્રદેશ સરકારે LPG સિલિન્ડરને લઈને એક મોટી જાહેરાત કરી છે. તેનો સીધો ફાયદો મધ્યપ્રદેશની મહિલાઓને સરકાર દ્વારા આપવામાં આવશે. થોડા દિવસો પહેલા જ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે 'લાડલી બહેના યોજના' હેઠળ 450 રૂપિયામાં LPG સિલિન્ડર આપવાની વાત કરી હતી.

# લેન્ક્સેસ ઈન્ડિયાને બે ગ્લોબલ એન્વાયર્નમેન્ટ અને એનર્જી ફાઉન્ડેશન (GEEF) ગ્લોબલ એવોર્ડ્ઝ મળ્યા

(એજન્સી) મુંબઈ | તા 16

લેન્ક્સેસ ઈન્ડિયાએ બે પ્રતિષ્ઠિત ગ્લોબલ એન્વાયર્નમેન્ટ એન્ડ એનર્જી ફાઉન્ડેશન (GEEF) ગ્લોબલ એવોર્ડ્ઝ જીત્યા છે, જેમાં વર્ષ 2024 માટે પ્લેટીનમ કેટેગરીમાં સેફ્ટી એવોર્ડ અને સસ્ટેનેબલ વોટર મેનેજમેન્ટ કેટેગરીમાં વોટર ટેક એવોર્ડનો સમાવેશ થાય છે. આ પ્રશસ્તીઓ સુરક્ષા ધોરણો અને ટકાઉ જળ સંચાલન આચરણોમાં શ્રેષ્ઠતા પરત્વેની અમારી પ્રતિબદ્ધતા છે. PTSEના પૂર્ણકાલીન ડિરેક્ટર અને વડા બલરામ ખોટની સાથે PTSEના ઓક્યુપેશનલ સેફ્ટી, Xact, રિસ્પોન્સીબલ કેર અને ટ્રેડ કોમ્પ્લાયન્સના સિનીયર મેજર ભરત મિસાલાએ 26 જલાઈ 2024ના રોજ નવી દિલ્હી ખાયે




યોજાયેલી એક ગાલા ઈવેન્ટમાં લેન્ક્સેસ ઈન્ડિયા વતી આ એવોર્ડ સ્વીકાર્યો હતો. GEEF ગ્લોબલ સેફ્ટી એવોર્ડ લેન્ક્સેસ ઈન્ડિયાના કેમિકલ ઉદ્યોગમાં સર્વોચ્ચ સુરક્ષા ધોરણો જાળવી રાખવામાં શ્રેષ્ઠ સિદ્ધિને ઓળખી કાઢે છે. પ્લેટીનમ કેટેગરીમાં જીત તેના તમામ કર્મચારીઓ અને હિસ્સા ધારકો માટે સુરક્ષિત કાર્ય પર્યાવરણની ખાતરી કરવામાં સંસ્થાની સમર્પિતતા દર્શાવે છે. લેન્ક્સેસ સમગ્ર જૂથમાં આરોગ્ય રક્ષણ, વ્યાવસાયિક અને પ્રોસેસ સુરક્ષા પર કડક માર્ગદર્શિકા ધરાવે છે. સુરક્ષા સિસ્ટમ્સના અગત્યના ફીચર્સમાં ઓપરેટિંગ કાર્યપ્રણાલી તૈયાર કરવામાં કર્મચારીઓની સંડોવણી, જોબ સુરક્ષા વિશ્લેષણ, વર્તણૂંક આધારિત કર્મચારીઓની સંડોવણી પર વધુ ધ્યાન, તંદુરસ્ત કાર્ય મંજૂરી પદ્ધતિ, કોન્ટ્રેક્ટર વ્યવસ્થાપન પદ્ધતિઓ કર્મચારીઓના આરોગ્યમાં સુધારો કરવાના કાર્યક્રમો, મજબૂત ટેકનિકલ કંટ્રોલ પગલાંઓનું અમલીકરણ, અસુરક્ષિત સ્થિતિ અને અસુરક્ષિત કૃત્યોની જાણ કરવા વધુ પડતુ ધ્યાન આપવું, ઘટના વ્યવસ્થાપન પદ્ધતિ, તાલીમ અને અસરકારક તપાસનો સમાવેશ થાય છે. ટકાઉ વોટર મેનેજમેન્ટ કેટેગરીમાં ગ્લોબલ વોટરટેક એવોર્ડ લેન્ક્સેસ ઈન્ડિયાના ટકાઉ જળ સંચાલન તરફેના નવીન અભિગમ પર ભાર મુકે છે.

# રિઝર્વ બેંકે રાહત આપી હોવા છતાં SBIનો ઝટકો, વ્યાજદરોમાં વધારો ઝીંકી લોન મોંઘી કરી

(એજન્સી) મુંબઈ | તા 16

SBI Lending Rate: આરબીઆઈએ સતત નવમી વખત રેપો રેટ 6.5 ટકા પર જાળવી રાખ્યો હોવા છતાં દેશની ટોચની સરકારી બૅન્ક સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયા (SBI) એ ગ્રાહકોને મોટો ઝટકો આપ્યો છે. એસબીઆઈએ પોતાની જુદી-જુદી મુદ્દત માટે માર્જિનલ કોસ્ટ ઑફ લેન્ડિંગ રેટ્સ(એમસીએલઆર)માં 10 બેઝિસ પોઈન્ટનો વધારો કરવાની જાહેરાત કરી છે. નવા દરો 15 ઑગસ્ટથી લાગુ થઈ ચૂક્યા છે. એસબીઆઈ દ્વારા એમસીએલઆરમાં સતત ત્રીજી વખત વધારો કરવામાં આવ્યો છે. એસબીઆઈના સુધારા બાદ 3 વર્ષની મુદ્દત માટે નવો એમસીએલઆર રેટ 9 ટકાથી વધી 9.10 ટકા થયો છે. જ્યારે




ઓવરનાઈટ એમસીએલઆર 8.10 ટકાથી વધારી 8.20 કર્યો છે. એસબીઆઈએ જૂન, 2024થી થોડા દિવસ માટે એમસીએલઆરમાં 30 બેઝિસ પોઈન્ટનો વધારો કર્યો છે. એમસીએલઆર મીનિમમ વ્યાજદર છે. જેનાથી નીચે કોઈ પણ બૅન્ક લોન આપી શકે નહીં. જો કે, અમુક કિસ્સામાં છૂટ આપવામાં આવી છે. એમસીએલઆર રેટમાં વધારો થવાથી ગ્રાહકોની હોમ લોન, કાર લોન, એજ્યુકેશન લોન મોંઘી બને છે.

# સ્માર્ટવર્ક્સ કોવર્કિંગ સ્પેસીસ લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું

(એજન્સી) મુંબઇ I તા. 16

સ્માર્ટવર્ક્સ કોવર્કિંગ સ્પેસીસ લિમિટેડે બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી")માં તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ("ડીઆરએચપી") ફાઇલ કર્યું છે. સ્માર્ટવર્ક્સ એ ઓફિસ અનુભવ અને મેનેજ્ડ કેમ્પસ પ્લેટફોર્મ છે. 31 માર્ચ, 2024 સુધીમાં કુલ સ્ટોકની દ્રષ્ટિએ કંપની બેન્ચમાર્કડ પીઅર્સમાં સૌથી મોટી મેનેજ્ડ કેમ્પસ ઓપરેટર છે (સ્રોત: સીબીઆરઈ રિપોર્ટ). કંપની ઈક્વિટી શેર કેપિટલ (દરેક રૂ. 10ની ફેસ વેલ્યુના)ના આઈપીઓ દ્વારા ફંડ એકત્ર કરવાની યોજના ધરાવે છે જેમાં રૂ. 5,500 મિલિયન (રૂ. 550 કરોડ) સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને વેચાણકર્તા શેરધારકો દ્વારા 67,59,480 સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર ("વેચાણ માટેની ઓફર")નો સમાવેશ થાય છે ("કુલ ઈશ્યૂ સાઈઝ"). કંપની ઈશ્યૂમાંથી મળનારી કુલ રકમનો નીચે પ્રમાણેના ફંડિંગ માટે ઉપયોગ કરવાની યોજના ધરાવે છેઃ (1) નાણાંકીય વર્ષ 2025માં રોકાણ કરવા માટે અંદાજે રૂ. 1,400 મિલિયન (રૂ. 140 કરોડ)ની રકમ કંપની દ્વારા મેળવેલી ચોક્કસ ઉધારની સંપૂર્ણ અથવા આંશિક રીતે ચૂકવણી/પૂર્વચૂકવણી/રિડમ્પશન માટે (2) નાણાંકીય વર્ષ 2025, નાણાંકીય વર્ષ 2026 અને નાણાંકીય વર્ષ 2027માં રોકવા માટે અંદાજે રૂ. 2,823 મિલિયન (રૂ. 282.30 કરોડ)ની રકમ નવા સેન્ટર્સમાં ફિટ-આઉટ અને નવા સેન્ટર્સની સિક્યોરિટી ડિપોઝિટ માટેના મૂડી ખર્ચ માટે અને બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ("ઈશ્યૂનો હેતુ"). ઈક્વિટી શેર કે જે રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવશે તે બીએસઈ લિમિટેડ ("બીએસઈ") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") પર લિસ્ટ કરવાની યોજના છે.

# દોઢ દાયકા જૂના નિયમો બદલાયા, કોલસાની ખરીદીના નિયંત્રણો દૂર

(એજન્સી) મુંબઈ | તા. 16

વિશ્વની સૌથી મોટી કોલસા કંપની અને ભારતની નવરત્ન કોલ ઈન્ડિયા લિમિટેડે કોન્ટ્રાક્ટેડ જથ્થાને લગતા તમામ નિયંત્રણો હટાવીને વીજ ઉત્પાદન એકમોને કોલસાના સપ્લાય માટેના તમામ દરવાજા ખોલી દીધા છે. હવેથી કોલ ઈન્ડિયા સાથે ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ (એફએસએ) ધરાવતો કોઈપણ પાવર પ્લાન્ટ હવે તેની જરૂરિયાત મુજબ કોલસો ખરીદી શકે છે. રેગ્યુરેટલરી ફાઈલિંગમાં કંપનીએ જણાવ્યું કે, ''કોલ ઈન્ડિયાએ સ્વતંત્ર પાવર પ્લાન્ટ્સ અથવા ખાનગી માલિકીના એકમો સહિત દેશના તમામ થર્મલ પાવર પ્લાન્ટ્સ માટે વાર્ષિક કોન્ટ્રાક્ટેડ ક્વોન્ટિટી (એસીક્યુ) ઉપરાંત કોલસાના પુરવઠાનો માર્ગ ખોલ્યો છે.'' જૂનના છેલ્લા સપ્તાહમાં કોલ ઈન્ડિયાના બોર્ડે એસીક્યુથી વધુ સપ્લાયના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ નવી જોગવાઈ વ્યવસાય કરવામાં સરળતા અને સુગમતા લાવશે અને કામના ડુપ્લિકેશનને અટકાવશે. સૌથી મહત્વની વાત એ છે કે કોલ ઈન્ડિયા સાથે કરેલ કરારના ભાવે જ પાવર પ્લાન્ટને વધારાનો સપ્લાય કરવામાં આવશે. અગાઉ પાવર પ્લાન્ટોને એસીક્યુથી મહત્તમ ૧૨૦ ટકા સપ્લાયની જ મંજૂરી આપવામાં આવતી હતી. ૨૦૦૭માં રજૂ કરવામાં આવેલી નવી કોલસા વિકાસ પોલિસીમાં એસીક્યુનો ખ્યાલ પ્રથમ વખત



રજૂ કરવામાં આવ્યો હતો. તે સમયે સપ્લાય મર્યાદા ૮૦થી ૯૦ ટકા હતી જે ૨૦૨૨-૨૩ના અંતમાં પ્લાન્ટની જરૂરિયાતના ૧૦૦ ટકા સુધી વધારવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૩-૨૪માં કોલ ઈન્ડિયા પાસે કોલસાની વધારાની ઉપલબ્ધતાને કારણે વધારીને ૧૨૦ ટકા કરવામાં આવી હતી. કોલ ઈન્ડિયા પાસે હાલમાં ૭.૨ કરોડ ટન કોલસાનો ભંડાર છે, જે ૧૨ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજના ૪.૯ કરોડ ટન કરતાં ૪૭ ટકા વધુ છે. પાવર પ્લાન્ટો પાસે કોલસાના સ્ટોકની રાષ્ટ્રીય સરેરાશના ૧૪ દિવસનો સ્ટોક છે, જે ચોમાસાના મહિનાઓમાં છેલ્લા કેટલાક વર્ષોની સરખામણીમાં રેકોર્ડ વધુ છે.

# સ્માર્ટફોન માર્કેટમાં H1માં 7.2%નો વધારો,શિપમેન્ટમાં 6.9 કરોડની વૃદ્ધિ

(એજન્સી) મુંબઈ | તા. 16

વર્ષ ૨૦૨૪ના પ્રથમ છ મહિનામાં ભારતીય સ્માર્ટફોન માર્કેટમાં વાર્ષિક ધોરણે ૭.૨ ટકાનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન ૬.૯ કરોડ સ્માર્ટફોન સપ્લાય કરવામાં આવ્યા હતા. ઈન્ટરનેશનલ ડેટા કોર્પોરેશન (આઈડીસી)ના વર્લ્ડવાઈડ ક્વાર્ટરલી મોબાઈલ ફોન ટ્રેકરના ડેટા અનુસાર કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના બીજા કવાર્ટર દરમિયાન બજારમાં ડીલરોને ૩.૫ કરોડ સ્માર્ટફોન સપ્લાય થયા હતા, જે ગયા વર્ષની સરખામણીમાં ૩.૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. જોકે વાર્ષિક દ્રષ્ટિએ શિપમેન્ટમાં વૃદ્ધિનો આ સતત ચોથો ત્રિમાસિકગાળો હતો. ધીમી ગ્રાહક માંગ અને વધતી સરેરાશ વેચાણ કિંમતને કારણે વાર્ષિક રિકવરી મર્યાદિત હતી. પ્રથમ



અર્ધવાર્ષિક ગાળામાં જૂના સ્ટોકનો નિકાલ કરવા ઉપરાંત કંપનીઓએ જુલાઈ અને ઓગસ્ટમાં ચોમાસાના વેચાણ માટે મીડ-પ્રીમિયમ/પ્રીમિયમ કેટેગરીમાં નવા સ્માર્ટફોન લોન્ચ કરવાનું શરૂ કર્યું હતુ. આઈડીસી અનુસાર, ગયા વર્ષની સરખામણીમાં સ્માર્ટફોનની સરેરાશ વેચાણ કિંમતમાં ૨.૮ ટકાનો વધારો થયો છે. જોકે ત્રિમાસિક ધોરણે તે ૫.૬ ટકા ઘટીને ૨૪૮ ડોલર આસપાસ આવી ગઈ છે. આઈડીસીએ જણાવ્યું કે પ્રીમિયમ કેટેગરીમાં એપલ અને સેમસંગના સારા પ્રદર્શનને કારણે, બેઝ પ્રીમિયમ (૨૦૦ ડોલરથી ૪૦૦ ડોલર) કેટેગરીનો હિસ્સો ૨૨ ટકાથી વધીને ૩૦ ટકા થયો હતો અને વાર્ષિક ધોરણે તો ૪૨ ટકા વૃદ્ધિ નોંધાઈ છે.

# NBFCs પાસેથી લોન લેતાં પહેલાં આ બાબતોને અવશ્ય ધ્યાનમાં લો, નહીં તો થશે મોટું નુકસાન

(એજન્સી) નવી દિલ્હી I તા. 16

આજના યુગમાં ઝડપી અને સરળતાથી લોન મળી રહી હોવાથી મોટાભાગના લોકો પોતાની જરૂરિયાતો માટે ઉધાર લેવાનું પસંદ કરે છે. તેમાંય બેન્ક કરતાં ફિનટેક કંપનીઓ અને નોન બેંક ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુટ (NBFC) ઓછા ડોક્યુમેન્ટ્સ પર ઝડપથી લોન આપતી હોવાથી તેને પ્રાધાન્ય આપવામાં આવે છે. પરંતુ ગ્રાહકોએ ફિનટેક એનબીએફસી પાસેથી લોન લેતી વખતે સાવચેત રહેવાની જરૂર છે, કારણકે, તેમાં ઘણીવખત ઝડપની મજા મોતની સજાની માફક લોન માથાનો દુ:ખાવો બની શકે છે. તમારે પ્રથમ તો ચેક કરવાની જરૂર છે કે, તમે જે ફિનટેક્ NBFCમાંથી લોન લેવા માંગો છો તે ફાઈનાન્સિયલ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ કાઉન્સિલ (FIDC) માર્ગદર્શિકાને અનુસરે છે કે કેમ. પેયુ ફાઈનાન્સના વાઈસ પ્રેસિડેન્ટ અને બિઝનેસ હેડ આશિષ શર્માએ કહ્યું કે લોન આપનારી કંપની માટે લોન સંબંધિત મહત્વની બાબતો ગ્રાહકને જણાવવી જરૂરી છે. જેમાં વ્યાજ દર, ફી અને ચુકવણી શેડ્યૂલનો સમાવેશ થાય છે. તમારે તેને સંપૂર્ણ રીતે સમજ્યા બાદ અને સંતુષ્ટ થયા બાદ જ નિર્ણય લેવો પડશે. બીજું, ગ્રાહકોએ જોવું જોઈએ કે ફિનટેક કંપની લોન કલેક્શન અંગે કેવી રીતે વર્તે છે. જો કે, તે જાણવું મુશ્કેલ છે. પરંતુ, જો




શક્ય હોય તો ચકાસો. આનું કારણ એ છે કે ઘણી ફિનટેક એનબીએફસી ઝડપથી લોનના નાણાં ગ્રાહકના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરે છે. પરંતુ, જો કોઈ કારણોસર ગ્રાહક લોનની EMI સમયસર ચૂકવતો નથી, તો તેઓ ખરાબ વર્તન કરે છે. ફિનટેક કંપનીના કર્મચારીઓ ગ્રાહકને ફોન કરીને ધમકાવતા હોવાના કિસ્સા જોવા મળ્યા છે. ગ્રાહકોને ઈએમઆઈ ચૂકવવામાં નિષ્ફળ રહેવા બદલ ધાક-ધમકી અને હેરાનગતિ જેવા બનાવો ન બને તે માટે એનબીએફસી વિશે વિસ્તૃત માહિતી મેળવો. લોન લેવા માટે એનબીએફસીને પ્રાધાન્ય એટલે આપવું જોઈએ, કે તે તેના ગ્રાહકોને કી ફેક્ટ્સ સ્ટેટમેન્ટ (KFS) જારી કરે છે. ઘણી એનબીએફસી અને ફિનટેક કંપનીઓએ ગ્રાહકોને KFS આપવાનું શરૂ કર્યું છે. એક ઓક્ટોબરથી તમામ બેન્કો, NBFC અને ફિનટેક કંપનીઓ માટે ગ્રાહકોને KFC જારી કરવાનું ફરજિયાત બનશે. KFS એ એક દસ્તાવેજ છે જેમાં લોન સંબંધિત તમામ નિયમો અને શરતો શામેલ છે.

# ભારતના પ્રથમ ક્રોસઓવર યુટિલિટી વ્હીકલ [CUV] – MG વિન્ડસર દ્વારા તેમના તાજેતરના ટીઝરમાં અજોડ વોટર વેડિંગ ક્ષમતાઓ દર્શાવવામાં આવી

(એજન્સી) ગુરુગ્રામ I તા. 16

JSW MG મોટર ઈન્ડિયાએ તેના આગામી સમયમાં આવી રહેલા વ્હીકલ અને ભારતના પ્રથમ ક્રોસઓવર યુટિલિટી વ્હીકલ [CUV] - MG વિન્ડસરનું નવું ટીઝર રિલીઝ કર્યું છે, જેમાં આ વ્હીકલની અસાધારણ વોટર વેડિંગ ક્ષમતાઓ દર્શાવવામાં આવી છે. આ તાજેતરનું ટીઝર MG વિન્ડસરની એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા અને ભારતીય માર્ગોની પરિસ્થિતિઓમાં તેની અનુકૂલનક્ષમતા દર્શાવે છે, જેના કારણે તે વિવિધ ભૂપ્રદેશો માટે ઈન્ટેલિજન્ટ CUV તરીકે સ્થાન મેળવે છે. આ ટીઝરમાં ભારતમાં કાર ચાલકોએ સામાન્યપણે સામનો કરવો પડતો હોય તેવી ચોમાસાની ઋતુમાં એક સમાન પડકારરૂપ પ્રદેશોમાંથી આત્મવિશ્વાસપૂર્વક આગળ વધી રહેલું MG વિન્ડસર વ્હીકલ દર્શાવવામાં આવ્યું છે. ચતુરાઈપૂર્વક એન્જિનિયર્ડ ડિઝાઈન સાથે, વિન્ડસર પાણીની ઊંડાઈને સહેલાઈથી સંભાળે છે. વાહનના એલિવેટેડ ગ્રાઉન્ડ ક્લિયરન્સ અને CUVના વલણને કારણે આ ક્ષમતા શક્ય બની છે, જે અત્યંત પડકારજનક પ્રદેશોમાં પણ સરળ અને સુરક્ષિત ડ્રાઈવિંગ



સુનિશ્ચિત કરે છે. આ ટીઝરમાં સેગમેન્ટ-ફર્સ્ટ એરો-લૉન્જ સીટ્સની તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાતને અનુસરવામાં આવી છે, જેણે આ સેગમેન્ટમાં આરામ અને વૈભવી માટે પહેલાંથી જ એક નવો માપદંડ નિર્ધારિત કર્યો છે. આ અદ્યતન સુવિધાઓનું સંયોજન વ્યવહારિકતા અને પરફોર્મન્સ સાથે બાંધછોડ કર્યા વગર MG વિન્ડસરને પ્રીમિયમ ડ્રાઈવિંગનો અનુભવ ઈચ્છતા ભારતીય ગ્રાહકો માટે એક ઉત્તમ પસંદગીનું વાહન બનાવશે. ઈન્ટેલિજન્ટ CUVની પ્રેરણા આઈકોનિક આર્કિટેક્ચરલ માસ્ટરપીસ અને રોયલ હેરિટેજનું પ્રતીક ગણાતી વિન્ડસર કેસલ પરથી લેવામાં આવી છે. સુપ્રસિદ્ધ કેસલ (કિલ્લા) જેમ, MG વિન્ડસર પણ ઝીણવટભરી કારીગરી, શ્રેષ્ઠતા અને શાહી ભાવના પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવશે. નાનામાં નાની બાબતો પર ધ્યાન આપવું એ વિશ્વમાં આ સૌથી મોટી સંખ્યામાં માલિકી ધરાવતા કેસલની અન્ય એક ઓળખ છે. MG વિન્ડસર કારના દરેક પાસાને વિન્ડસર કેસલની શ્રેષ્ઠતા અને લક્ઝરીના સમાન સ્તરને પ્રતિબિંબિત કરવા માટે ચોક્કસ રીતે તૈયાર કરવામાં આવે છે તેની ખાતરી કરીને આ શ્રેષ્ઠતાને પ્રતિબિંબિત કરે છે. ભારતના માર્ગોનો એકધારો વિકાસ થઈ રહ્યો છે જેથી CUVની જરૂરિયાત પણ ઉત્તરોત્તર સુસંગત બની રહી છે. CUVમાં એરોડાયનેમિક ડિઝાઈન અને મોકળાશ ધરાવતા ઈન્ટિરિઅરનું પરફેક્ટ સંયોજન મળે છે, જેથી શહેરના ધમધમતા માર્ગો અને નાના નગરોમાં સાંકડી જગ્યાઓમાં પણ તમે આગળ વધી શકો તે માટે તે આદર્શ સવારી બને છે. CUVની વૈવિધ્યતા અને અનુકૂલનક્ષમતાને લીધે, પરિવારોને ભલે દૈનિક મુસાફરીએ જવાનું હોય કે વિકએન્ડમાં રજાઓ માણવા માટે જવાનું હોય, ત્યારે તેઓ સાથે મળીને આનંદથી મુસાફરી કરી શકે તેની ખાતરી થાય છે. તેમના ઊંચા ગ્રાઉન્ડ ક્લિયરન્સના કારણે ખાડાઓ, સ્પીડ બમ્પ અને ખરબચડા માર્ગો પર વધુ સારી રીતે સવારી કરી શકાય છે, જે એક સરળ અને વધુ આરામદાયક ડ્રાઈવ પૂરી પાડે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, શ્રાવણ સુદ-12

# ઇતિહાસનું સૌથી મોટું જબરદસ્તી પલાયન

બ્રિટનના તત્કાલીન વડાપ્રધાન ક્લેમેન્ટ એટલીએ ૨૦ ફેબ્રુઆરી, ૧૯૪૭ના રોજ હાઉસ ઓફ કોમન્સમાં જાહેરાત કરી કે બ્રિટિશ સરકાર ૩૦ જૂન, ૧૯૪૮ સુધી ભારતની સત્તા જવાબદાર ભારતીયોના હાથમાં સોંપવા માગે છે. તેથી લોર્ડ વેવેલના સ્થાન પર લોર્ડ માઉન્ટબેટનને ભારતના અંતિમ વાઇસરોય બનાવીને મોકલવામાં આવ્યા. મુખ્ય રાજકીય પક્ષો, નેતાઓ અને રાજાઓ સાથે વિમર્શ બાદ માઉન્ટબેટન એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે ભારતીય સમસ્યાનું એકમાત્ર સમાધાન દેશનું વિભાજન છે. તેમણે પોતાની યોજના ૩ જૂને જાહેર કરી, જે અનુસાર ભારતને એટલી દ્વારા નિર્ધારિત તારીખ પહેલાં જ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ સ્વતંત્રતા આપી દેવાશે. આ યોજના અનુસાર પંજાબ અને બંગાળના વિભાજન માટે સીમા આયોગોની નિયુક્તિ, પશ્ચિમોત્તર સીમાંત પ્રાંત અને આસામના સિલહટ જિલ્લામાં જનમત સંગ્રહ કરાવવો, સિંધ અને બલુચિસ્તાનમાં પ્રાંતીય વિધાનમંડળોને નિર્ણય લેવા દેવો કે તેઓ પાકિસ્તાનમાં ભળવા માગે છે કે નહીં તથા દેશી રજવાડાંને ભારત કે પાકિસ્તાનમાં સામેલ થવા કે સ્વતંત્ર રહેવાનો અધિકાર આપવામાં આવ્યો. પરિણામે સિરિલ રેડક્લિફને ભારત અને પાકિસ્તાન વચ્ચે સીમાઓના નિર્ધારણ માટે ૩૦ જૂન, ૧૯૪૭ના રોજ રચાયેલ પંજાબ સીમા આયોગ અને બંગાળ સીમા આયોગના સંયુક્ત અધ્યક્ષ નિયુક્ત કરાયો. તેણે આંતરરાષ્ટ્રીય સીમા નિર્ધારણનું કામ માત્ર છ અઠવાડિયામાં કરવાનું હતું. માઉન્ટબેટનની યોજનાને ૧૦ જૂન, ૧૯૪૭ના રોજ મુસ્લિમ લીગે, ૧૫ જૂન, ૧૯૪૭ના રોજ કોંગ્રેસે સ્વીકાર કરી. મહાત્મા ગાંધીએ ત્યારે કહ્યું હતું કે જો કોંગ્રેસ ભાગલા મંજૂર કરશે, તો તે મારી લાશ ઉપર કરવા પડશે. માઉન્ટબેટનની યોજનાના આધાર પર બ્રિટિશ સંસદે ભારતીય સ્વતંત્રતા અધિનિયમ, ૧૯૪૭ પસાર કર્યો, જેનાથી ભારતની સ્વતંત્રતાની સાથે વિભાજનની વિભીષિકા પણ પેદા થઈ. વિભાજને વિસ્થાપન અને સાંપ્રદાયિક હિંસાને જન્મ આપ્યો. લાખો લોકોએ પોતાના ઘરબાર છોડીને બીજા દેશમાં શરણ લેવા મજબૂર થવું પડ્યું. આ કોઈ યુદ્ધ કે દુકાળ સિવાય થનારું ઇતિહાસનું સૌથી મોટું જબરદસ્તી પલાયન માનવામાં આવે છે. આ દરમ્યાન બે લાખથી ૧૦ લાખ લોકો માર્યા ગયા. વિભાજને ભારતીય ઉપમહાદ્વીપના સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક તાણાવાણાને પણ ઊંડે સુધી પ્રભાવિત કર્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૨૧માં 'વિભાજન વિભીષિકા દિવસ'ની ઘોષણા એ દર્શાવે છે કે વિભાજનની પીડા અને તેના પરિણામોને યાદ રાખવા મહત્ત્વપૂર્ણ છે. વિભાજનની ઘટનાઓનું સ્મરણ અને વિશ્લેષણ આપણને ન માત્ર ભૂતકાળની ભૂલો પરથી શીખવાનો મોકો આપે છે, બલ્કે આપણે એક ખુશહાલ ભવિષ્યની દિશામાં અગ્રેસર થવાની પ્રેરણા પણ આપે છે.

### ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા શ્રાવણ સ્પેશ્યલ 07 જ્યોતિર્લિંગ યાત્રા

# ભારતીય રેલવે અને IRCTC દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ અંતર્ગત, IRCTC લઈને આવ્યું છે ધાર્મિક પ્રવાસો

(એજન્સી) અમદાવાદ । તા. 16

આ યાત્રા ભારત ગૌરવ ટ્રેન હેઠળ તારીખ: ૨૦.૦૮.૨૦૨૪ થી ૨૯.૦૮.૨૦૨૪ (૦૯ રાત્રી / ૧૦ દિવસ) રાજકોટ થી પ્રસ્થાન થશે. આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર - વિરમગામ - ચાંદલોડિયા - નડિયાદ - આણંદ - છાયાપુરી (વડોદરા) - ગોધરા - દાહોદ-મેઘનગર-રતલામ-નાગદા થી બેસી શકે છે. પવિત્ર શ્રાવણ મહિના માં યાત્રીઓ ને ૦૭ જ્યોતિર્લિંગ જેમાં મહાકાલેશ્વર - ઓમકારેશ્વર - ત્ર્યંબકેશ્વર - ભીમાશંકર - ગ્રિષ્ણેશ્વર - પરલી વૈજનાથ - મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ ના દર્શન કરવાનો લાભ મળશે. IRCTC તેના મુસાફરોને આરામદાયક મુસાફરી આપવા માટે પ્રતિબદ્ધ છે. મુસાફરોને ભજન કીર્તન અને મુસાફરીની માહિતી આપવા માટે ટ્રેનમાં ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે.

સુરક્ષા માટે દરેક કોચમાં પ્રાઈવેટ સુરક્ષા ગાર્ડ અને સીસીટીવી કેમેરા પણ ઉપલબ્ધ રહેશે. આ ટૂર પેકેજની કિંમતમાં, IRCTC મુસાફરોને ટ્રેનની મુસાફરી ઉપરાંત આધુનિક કિચન કાર દ્વારા મુસાફરોને તેમની સીટ પર જ સ્વાદિષ્ટ શાકાહારી ભોજન પીરસવામાં આવશે, બસ દ્વારા પ્રવાસન સ્થળોની મુલાકાત, હોટેલમાં રહેવાની વ્યવસ્થા, માર્ગદર્શિકા અને અકસ્માત વીમો વગેરે જેવી સુવિધાઓ પૂરી પાડશે. આ અંતર્ગત, પ્રવાસ માટે ત્રણ શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે, જેમાં સ્ટાન્ડર્ડ ક્લાસ (સ્લીપર) માટે રૂ. ૨૦,૯૦૦/-, કમ્ફર્ટ ક્લાસ -3AC માટે રૂ. ૩૪,૫૦૦/- અને સુપિરિયર ક્લાસ- 2AC માટે રૂ. ૪૮,૯૦૦/- ના દરો નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રવાસમાં IRCTC દ્વારા LTC સુવિધા પણ આપવામાં આવી રહી છે. IRCTC દ્વારા શરૂ કરવામાં આવેલ ટૂર પેકેજમાં બુકિંગ શરૂ થઈ ગયું છે, હવે પેકેજ "બુક કરો EMI" થી આ સુવિધા ફક્ત ઓનલાઈન બુકિંગ માટે ઉપલબ્ધ છે. બુકિંગ માટે IRCTC ની વેબસાઈટ (www.irctctourism.com) પર લોગીન કરી ઓનલાઈન ટૂર પેકેજ બુક કરી શકો છો. આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ. આર.સી.ટી.સી.ની ઓફિસ 502, 5મો માળ, પેલિકન બિલ્ડીંગ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, આશ્રમ રોડ, અમદાવાદ. 380009. મા સંપર્ક કરી શકો છો. રસ ધરાવતા પ્રવાસીઓ ટુર પ્રોગ્રામ માટે WhatsApp (9653661717) અથવા ઈમેઈલ: roadi@irctc.com પર કરી શકો છો.

# ટીવીએસ આઈક્યુબ વેરિએન્ટ્સની મર્યાદિત 'સેલિબ્રેશન એડિશન' રજૂ કરી

(એજન્સી) બેંગ્લુરુ । તા. 16

ભારતના 78માં સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ વિશ્વની અગ્રણી ઓટો ઉત્પાદક કંપની ટીવીએસ મોટર કંપનીએ તેના ટીવીએસ આઈક્યુબ 3.4 કેડબ્લ્યુએચ અને ટીવીએસ આઈક્યુબ એસ વેરિએન્ટની લિમિટેડ 'સેલિબ્રેશન એડિશન' લોંચ કરવાની ગર્વભેર જાહેરાત કરી છે. ટીવીએસ આઈક્યુબ સિરીઝની આ એક્સક્લુઝીવ એડિશન ઈનોવેશન, વિશ્વાસપાત્ર અને પાવર ઓફ ચોઈસના મૂલ્યોને વધુ મજબૂત કરે છે, જેને લીધે 3,50,000થી વધારે ખુશ ગ્રાહક ટીવીએસ આઈક્યુબને પસંદ કરી ચુક્યા છે. અલગ દેખાવ માટે ડિઝાઈન કરવામાં આવેલ "સેલિબ્રેશન એડિશન" ભારતની પૂરતા પ્રમાણમાં પ્રતગિ અને આકાંક્ષાને પ્રેરિત કરવા માટે સંપૂર્ણપણે તૈયાર કરવામાં આવેલ છે. પોતાની ખાસ ડિઝાઈન અને ખાસ ઉપલબ્ધતા સાથે 'સેલિબ્રેશન એડિશન' એવા ઉચ્ચ મૂલ્યો પ્રત્યે અમારું વ્યાપક સન્માનનું પ્રમાણ છે, જે ભારતને અસાધારણ બનાવે છે. ટીવીએસ આઈક્યુબ 3.4 કેડબ્લ્યુએચ અને ટીવીએસ આઈક્યુબ 'સેલિબ્રેશન એડિશન'ના ફક્ત 1,000 યુનિટ જ ઉપલબ્ધ બનશે. તેમાં આકર્ષક ડ્યુઅલ-ટોન કલર સ્કીમ હશે, જે બોલ્ડ ડિકલ્સ અને ખાસ બેજીંગથી યુક્ત હશે, તેમાં હેશટેગ CelebrationEdition એટલે કે સેલિબ્રેશનએડિશન મુખ્યત્વે દર્શાવવામાં આવશે.

# અમદાવાદ મંડળમાં 78માં સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી

(એજન્સી) અમદાવાદ । તા. 16



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માં 78માં સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. મંડળ રેલવે પ્રબંધક કાર્યાલય અમદાવાદના પરિસરમાં આયોજિત ગૌરવપૂર્ણ સમારોહમાં ડીઆરએમ શ્રી સુધીર કુમાર શર્માએ ધ્વજ ફરકાવ્યો હતો અને આરપીએફ, સ્કાઉટ્સ અને ગાઈડ્સની સંયુક્ત પરેડનું નિરીક્ષણ કર્યું હતું અને સલામી લીધી હતી.આ પ્રસંગે તેમણે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી અશોકકુમાર મિશ્રના સ્વતંત્રતા દિવસના સંદેશ નું વાંચન કર્યું હતું. અમદાવાદ મંડળ ની સાંસ્કૃતિક ટીમ દ્વારા દેશભક્તિ પર આધારિત નૃત્યો અને ગીતો રજૂ કર્યા હતા જેણે દરેકના મન ને દેશપ્રેમ ની લાગણી સાથે રોમાંચિત કરી દીધા હતા. આ દરમિયાન સ્વતંત્રતાના પ્રતિક એવા ત્રિરંગાના ફુગ્ગા પણ હવામાં છોડવામાં આવ્યા હતા.આ પ્રસંગે મંડળ રેલવે પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ મંડળ ના વિવિધ વિભાગોના 56 થી વધુ રેલવે કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ મેડલ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા હતા. પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંસ્થા, અમદાવાદ ના પ્રમુખ શ્રીમતી સંગીતા શર્મા દ્વારા ગંભીર બીમારીઓથી પીડિત બે રેલવે કર્મચારીઓને આર્થિક સહાય આપીને મદદ કરી અને તેમણે રેલવે હોસ્પિટલ અને આરોગ્ય એકમોને 7 વોટર પ્યુરીફાયર પણ આપ્યા.

# રેલવે બોર્ડના એડીશનલ મેમ્બર (કોમર્શિયલ)ની અમદાવાદ મંડળની મુલાકાત

(એજન્સી) અમદાવાદ । તા. 16



રેલવે બોર્ડ ના એડિશનલ મેમ્બર (કોમર્શિયલ) શ્રી મુકુલ સરણ માથુરે 15 ઓગસ્ટ 2024 ના રોજ અમદાવાદ મંડળ ની મુલાકાતે લીધી હતી. આ દરમિયાન તેમણે અમદાવાદ રેલવે સ્ટેશન ના રિડેવલપમેન્ટ સાઈટ અને અમદાવાદ ના એનએચએસઆરસીએલ સ્ટેશન નું નિરીક્ષણ કર્યું હતું. એડિશનલ મેમ્બર (કોમર્શિયલ) શ્રી માથુરે અમદાવાદ સ્ટેશનના રિડેવલપમેન્ટ સાઈટ ની મુલાકાત લીધી હતી અને કામની પ્રગતિનું અવલોકન કર્યું હતું અને સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે અમદાવાદના એનએચએસઆર સીએલ સ્ટેશનનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન શ્રી માથુરે અમદાવાદ સ્ટેશન પર રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી, નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ અને અમદાવાદ મંડળ ના વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. અમદાવાદ મંડળ પર ચાલી રહેલા વિવિધ રેલવે પ્રોજેક્ટ્સની પ્રગતિની પણ સમીક્ષા કરી હતી. શ્રી માથુરે કામમાં ઝડપ લાવવા સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ પણ આપી હતી. શ્રી માથુરની સાથે આ દરમિયાન અમદાવાદ મંડળ ના ડીઆરએમ શ્રી સુધીર કુમાર શર્મા, રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીના ચીફ પ્રોજેક્ટ મેનેજર શ્રી સંજીવ કુમાર, નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ ના વરિષ્ઠ અધિકારીઓ અને અમદાવાદ મંડળ ના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મંડલોપ શાળાના આચાર્યને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ એનાયત કરાયો



નિતીન ઠાકર : ચાણસ્મા

મંડલોપ પ્રાથમિક શાળામાં આચાર્ય પટેલ મહેન્દ્રભાઈ કરસનભાઈ તરીકેની છેલ્લા 22 વર્ષથી ફરજ બજાવે છે તેઓનું વતન મીઠી ઘારિયાલ છે.તેઓનું સંપૂર્ણ સમય શાળા માટે યોગદાન આપેલ છે અને શાળાને સરસ રીતે બનાવેલ છે શાળામાં તમામ સગવડો ગામ લોકોના સહકારથી ઊભી કરેલ છે તો તેઓને 15 મી ઓગસ્ટના દિવસે મીઠા ધરવા મુકામે સ્વાતંત્ર દિન ના દિવસે તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ તાલુકાના માનનીય શ્રી મામલતદાર વરદ હસ્તે એવોર્ડ આપવામાં આવ્યો.

# જીતપુરા ચોકડી પાસે ઉછીના લીધેલા રૂપિયા પરત નહિ કરવા બાબતે બબાલ : માર મારનાર 8 વિરૂદ્ધ ફરિયાદ

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના જીતપુરા ગામની ચોકડી પાસે થયેલી મારામારી બાબતે આઠ શખ્સો વિરુદ્ધ ફરિયાદ થતાં પોલીસે ગુનો દાખલ કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર સંતોષભાઈ મહેન્દ્રભાઈ જાતે-તડવી ઉ.વ.૨૫ ધંધો-મજુરી રહે-જીતપુરા પટેલ ફળીયુ તા-ગરુડેશ્વર જી-નર્મદા નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તારીખ.૧૪/૦૮/૨૦૨૪ ના રાત્રીના ૧૦ વાગે જીતપુરા ચોકડી ખાતે આવેલ પેટ્રોલપંપ ખાતે તેમણે પ્રવિણભાઈ અર્જુનભાઈ વસાવા રહે, નવા વાઘપુરા તા.ગરુડેશ્વર જી.નર્મદા નાઓ પાસેથી ઉછીના પૈસા લીધેલ હોય જે તે બાબતે તેઓ અવાર-નવાર ફોન કરી પૈસા માંગતા હોય જેથી અમે અમારા પાસે પૈસા ન હોય તેમ કહેવા માટે ઉભા હતા તે વખતે પ્રવીણભાઈ તથા જીજ્ઞેશસિંહ ચંપકસિંહ ગોહિલ રહે.ગોપાલપુરા તા.નાંદોદ જી.નર્મદા મો.સા લઈને આવી સંતોસભાઈ પાસે આવી કહેવા લાગેલ કે મારા ઉછીના લીધેલ પૈસા કેમ આપતો નથી તેમ કહી ગાળો બોલી ઉશ્કેરાઈ જઈ પ્લાસ્ટીકની પાઈપથી માથામાં સપાટો મારી દિધેલ તેમજ આરોપી જીગ્નેશભાઈ એ ગમે ગાળો બોલી તેના હાથમાંની લોખંડની પાઈપ વડે જમણા પગની જાંઘના ભાગે તેમજ માથાની ડાબી બાજુ સપાટો મારી ઈજા કરેલ ત્યારબાદ (૩)સતિષભાઈ મહેશભાઈ તડવી રહે.હિરાપુરા તા. ગરૂડેશ્વર જી.નર્મદા (૪) હેતનભાઈ અશોકભાઈ તડવી રહે.હિરાપુરા તા. ગરૂડેશ્વર જી.નર્મદા (૫)વિરેન્દ્રભાઈ સુરેશભાઈ વસાવા રહે.નવા વાઘપુરા તા.ગરૂડેશ્વર જી.નર્મદા(૬)વિપુલભાઈ દિનેશભાઈ વસાવા રહે. નવા વાઘપુરા તા.ગરુડેશ્વર જી.નર્મદા (૭)અજયભાઈ વસાવા જેના બાપના નામની ખબર નથી તે રહે.નવા વાઘપુરા તા. ગરૂડેશ્વર જી.નર્મદા (૮)અનિલભાઈ ઉર્ફે નાનકો ગંગારામભાઈ વલવી રહે.મોટારાયપુરા તા.નાંદોદ જી.નર્મદા નાઓ પણ ભેગા આવી તેમને મુક્કા વડે શરીરે ગમે તેમ મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધાક ધમકી આપી આપતા રાજપીપળા પોલીસે એટ્રોસીટી સહિતની કલમો સાથે ગુનો દાખલ કર્યો છે.



ગ્રીન અને સસ્ટેનેબિલિટી પહેલના ભાગરૂપે નેપ્રા રિસોર્સ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડે સ્વતંત્રતા દિવસના અવસરે તેના સાણંદ પ્લાન્ટ ખાતે વૃક્ષારોપણની ઝુંબેશ હાથ ધરી હતી. કંપનીના 10.5 એકરમાં ફેલાયેલા હરિયાળા પ્લાન્ટમાં આ મહિનાના અંત સુધીમાં લગભગ 1,000 વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે લગભગ 250 રોપાઓ વાવવામાં આવ્યા હતા અને બાકીના રોપાઓ નેપ્રા ટીમ દ્વારા પહેલેથી જ ખરીદવામાં આવ્યા છે જે આગામી થોડા દિવસોમાં વાવવામાં આવશે.

# સાપુતારા PI નિખિલ ભોયાને રાજયનાં શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાનાં હસ્તે પ્રશિસ્ત પત્ર આપી સન્માન

સુશીલ પવાર : ડાંગ



ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ મથક વિસ્તારમાં ખૂબ જ ટૂંકા ગાળામાં પ્રસંશનીય કામગીરી કરવા બદલ 15મી ઓગસ્ટનાં રોજ સાપુતારા પોલીસ મથકનાં પોલીસ ઈન્સ્પેક્ટર નિખિલ ભોયાને પ્રશિસ્ત પત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યુ હતુ.સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.નિખિલભાઈ ભોયાએ લોકસભાની ચૂંટણી દરમિયાન આચારસંહિતાનાં અમલ રૂપે સાપુતારા પોલીસ મથક વિસ્તારમાંથી ત્રણ જેટલા ફાયર આર્મ્સ સાથે હાર્ડકોર ક્રિમિનલ્સને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરી હતી.આ પ્રશંસનીય સેવા બજાવવા તથા ઉત્કૃષ્ઠ કામગીરી કરવા બદલ ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ મથકનાં પોલીસ ઈન્સ્પેક્ટર નિખિલ ઝેડ.ભોયાને આહવા ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાનાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા કલેક્ટર બી.બી.ચૌધરી અને ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયાની ઉપસ્થિતમાં રાજ્ય કક્ષાનાં શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાનાં હસ્તે પ્રશિસ્ત પત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યુ હતુ.તેમજ ભવિષ્યમાં પણ આ રીતે જ અવિરત સેવા આપતા રહે એવી અભિલાષા કરવામાં આવી હતી.જિલ્લા કક્ષાનાં રાષ્ટ્રીય પર્વનાં પ્રસંગે ઉપસ્થિત પદાધિકારીઓ અને અધિકારીઓએ પ્રશિસ્ત પત્ર મેળવનાર પી.આઈ. નિખિલભાઈ ભોયાને અભિનંદન પાઠવ્યા હતા.

# ચાણસ્મા ડેપો ખાતે ડેપો મેનેજરે ધ્વજવંદન કર્યું



નિતીન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા ડેપો ખાતે ૭૮મા સ્વાતંત્ર્ય પર્વ ની ધામધુમથી ઉજવણી કરાઇ હતી ચાણસ્મા ડેપો ખાતે ડેપો મેનેજર ગુંજન ભાઈ પંચાલ દ્વારા ધ્વજ વંદન કરાયું હતું આ પ્રસંગે ટી આઈ નરેશભાઈ પ્રજાપતી દિનેશજી ઠાકોર જીતુભાઈ પટેલ વિષ્ણુભાઈ વ્યાસ પ્રદિપભાઈ સહિત ડેપો ના કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતાં.

# લહાનમાળુંગા ખાતે પિતા-પુત્રએ સાથે મળીને ભાઈ અને ભાભી પર જીવલેણ હુમલો કરતા પોલીસ ફરીયાદ

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં લહાનમાળુંગા ગામ ખાતે પિધેલાનો કેસ કરવા બાબતે ઝઘડો થતા પિતા - પુત્ર એ ભાઈ અને ભાભી પર પથ્થર,દાતરડા અને હથોડી વડે હુમલો કર્યો હતો.જેમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા દંપતીને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે સમગ્ર મામલો સાપુતારા પોલીસ મથકે પહોંચ્યો હતો. વઘઈ તાલુકાના લહાનમાળુંગા ગામ ખાતે રહેતા વસંતભાઈ ચિંતામણ ચૌહાણ ઉપર ત્રણેક મહિના અગાઉ સાપુતારા પોલીસ સ્ટેશનમા દારૂ પીધેલાનો કેસ થયો હતો. અને તે કેસના કારણે તા.13/08/2024ના રોજ વસંતભાઈ ચૌહાણ આહવા કોર્ટમાં તારીખે ગયેલ હતા.ત્યારે વસંતભાઈ ચૌહાણ રાત્રીના આઠેક વાગ્યે પોતાના ઘરના ઓટલા ઉપર બેસી તેમના ભાઈ કિશનભાઇ ચિંતામણભાઇ ચૌહાણને બોલતા હતા કે, 'મે તમારૂ આટલુ સારૂ રાખેલ છે તેમ છતા તમે મારા ઉપર સાપુતારા પોલીસ સ્ટેશનમાં દારૂ પીધેલાનો કેસ કરી મને કોર્ટના પગથીયા ચઢાવેલ છે.' તેમ કહેતા કિશનભાઇ ચૌહાણ એકદમ ઉશ્કેરાઇ ગયા હતા. અને આંગણામાં દોડી આવી તેમને ગાળો બોલતા હતા. ત્યારે વસંતભાઈ ચૌહાણ પણ આંગણામાં જતા કિશનભાઈ એ મારામારી કરી નજીકમાં પડેલ પથ્થર હાથથી ઉચકીને પથ્થરથી વસંતભાઈનાં માથામાં તથા પીઠ ઉપર મારી માથામાં તથા પીઠનાં ભાગે મુઢ ઈજા પહોંચાડી હતી.તેમજ કિશનભાઈના પુત્ર યોગેશભાઈએ પોતાના ઘરેથી હાથમાં દાતરડુ લઈ આંગણામાં દોડી આવી (કાકા)વસંતભાઈને માથાના પાછળના ભાગે તથા જમણા હાથમાં કાંડાના ભાગે તથા જમણા પગમાં ઘુટણ નીચે અને કપાળમાં જમણી આંખ અને કાન વચ્ચેના ભાગે દાતરડાથી ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.જેથી વસંતભાઈની દીકરી જ્યોતિબેન અને તેમની પત્ની પ્રભાબેન છોડાવવા જતા યોગેશભાઈ ચૌહાણએ કાકી પ્રભાબેનનાં હાથમાં હથેળીના ભાગે દાતરડાનો ઘા કર્યાં હતા.

# સોશિયલ અવેરનેસ સાથે 78 સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી




(એજન્સી) અમદાવાદ । તા. 16

સ્મિત ફાઉન્ડેશન (જીત પારેખ) દ્વારા સ્વતંત્રતા દિવસ બાળકો દ્વારા ઉજવવામાં આવ્યો. કરોડો દેશ પ્રેમીઓના બલિદાનના લીધે મળેલી અમુલ્ય આઝાદી ઉજવવાનો દિવસ એટલ સ્વાતંત્ર્ય દિવસ. દેશના દરેક નાગરિક આ રાષ્ટ્રીય પર્વની વિવિધ રીતે ઉજવણી કરતા હોય છે મોટા શહેરો થી લઈને નાના ગામડાઓ સુધી ઠેર-ઠેર ધ્વજ વંદન કરી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવા માં આવે છે ત્યારે અમારા બાળકો દ્વારા સોશિયલ અવેરનેસ, મોટીવેશનલ નારા સાથે રેલી યોજાઈ હતી, આ રેલી માં ઘણા બાળકો જોડાયા હતા. અહિયાં બાળકોએ દેશ ભક્તિના ગીતો ઉપર ડાન્સ પરફોર્મન્સ, ભારત માતા અને ગાંધી બાપુ ઉપર નાટક પ્રસ્તુત કર્યા હતા. સાથે અહિયાં ઉપસ્થિત સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ, ટ્રસ્ટીશ્રી આનંદ પારેખ, ટ્રસ્ટીશ્રી હર્ષ જોશી, કિંજલબેન ગોખલે, નિકિતાબેન જૈન ,ચંદ્રિકાબેન, રીતી, રોહનભાઈ વગેરે ઉપસ્થિત રહી. બાળકોના પરફોર્મન્સ જોઈ મંત્રમુગ્ધ થયા હતા. અને આ બાળકોનો જુસ્સો વધાર્યો હતો.

# આરોગ્યપ્રદ ખોરાક અને બદામના સારાપણા સાથે રક્ષાબંધનની ઉજવણી કરો

(એજન્સી) અમદાવાદ । તા. 16



રક્ષાબંધન તહેવારોની સિઝનના પ્રારંભની નિશાની છે, જેમાં ભાઈબહેન વચ્ચેના બંધનની ઉજવણી કરવામાં આવે છે, તેમજ બહેનો તેમના ભાઈના આરોગ્ય અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે, જ્યારે ભાઈઓ બહેનને ટેકો અને રક્ષણ કરવાનું વચન આપે છે, તેમજ તેમના આરોગ્ય અન ખુશીઓની સંભાળ રાખવા માટે પણ બંધાય છે. આ હૃદયસ્પર્શી પ્રતિબદ્ધતાને સન્માનિત કરવા માટે આ રક્ષાબંધનને તમારા દૈનિક આહારમાં બદામ જેવા પોષણયુક્ત ખોરાકનો સમાવેશ કરીને વધુ અર્થપૂર્ણ બનાવો. તહેવારો અને ઉજવણીઓની વચ્ચે આરોગ્ય પર શું અસર થશે તેની ચિંતા કર્યા વિના સ્વીટ ડીશ અને બિનઆરોગ્યપ્રદ નાસ્તો ખાવાનું સહજ હોય છે. વધુ પડતા ખાંડવાળા અને તૈલી ખોરાકનો ઉપભોગ કરવાથી ગંભીર આરોગ્ય ચિંતામાં પરિણમે છે, જેમ કે ડાયાબિટીઝ, સ્થૂળતા અને કાર્ડીયોવાસ્ક્યુલર સમસ્યાઓ, તેથી યોગ્ય ખોરાકની પસંદગી કરવી તે અત્યંત અગત્યની છે. તેથી જ્યારે તમે તહેવારની ખુશીઓને માણવા માટે સજ્જ થાઓ છો અને તમારા પરિવાર માટે ખાસ ડીશ તૈયાર કરો છો ત્યારે ખાતરી કે તમે બદામ જેવા આરોગ્યપ્રદ વિકલ્પોનો સમાવેશ કરો છો. બદામ અત્યત પોષણયુક્ત હોય છે અને તે બ્લડ સુગરના સ્તરને નાથવામાં અને LDL સ્તર અને એકંદરે કોલેસ્ટરલને નીચુ રાખવામાં મદદ કરે છે, જે હૃદયની ઈષ્ટતમ તંદુરસ્તી અને એકંદરે સુખાકારીને જાળવી રાખવામાં યોગદાન આપે છે. વધુમાં રિફાઈન્ડ ખાંડને બદલે કુદરતી સ્વીટનર્સ અપનાવવાનું અને તળેલા ખોરાકને બદલે બેક કરેલા ખોરાક વિશે વિચારો. આવી વિચારપૂર્ણ પસંદગીઓ કરીને તમે તમારા પ્રિયજનો સાથે તમારા આરોગ્યની સંભાળ લેવાની સાથે ઉજવણીઓની મજા માણી શકો છો. પોતે કેવી રીતે રક્ષા બંધનની ઉજવણી કરે છે તે અંગે જણાવતા બોલિવુડ અભિનેત્રી સોહા અલી ખાનએ જણાવ્યુ હતુ કે, 'રક્ષાબંધન એ મારા અને મારા પરિવાર માટે ખાસ દિવસ છે. દર વર્ષે અમે ઉજવણી માટે એકત્રિત થઈએ છીએ અને વિધિ અનુસર્યા પછી અમે એક સાથે ભોજન માણીએ છે. મારો પરિવાર અને હું શુ ખાઈએ છીએ તેનો વિચાર કરતા હું દર વર્ષે ખાસ ડેઝર્ટ - ગ્રીલ્ડ આલમોન્ડ બરફી- બનાવુ છુ, જે ફક્ત સ્વાદિષ્ટ નહી પરંતુ આરોગ્યપ્રદ પણ છે. અન્ય રેસિપીઓમાં પણ બદામ જેવા દરેક ઈનગ્રેડીયન્ટસ હોય તેની હું ખાતરી રાખુ છુ કેમ કે તે ફક્ત સ્વાદિષ્ટ નહી પરંતુ આરોગ્ય પણ અત્યંત લાભકારક હોય છે."

# હોમ્બલ ફિલ્મ્સે 4 નેશનલ એવોર્ડ જીત્યા, કાંટારા બની શ્રેષ્ઠ ફિલ્મ!

(એજન્સી) મુંબઈ । તા. 16

હોમ્બલ ફિલ્મ્સની મોટી સિદ્ધિ: 4 રાષ્ટ્રીય પુરસ્કારો સાથે કાંટારા શ્રેષ્ઠ ફિલ્મ બની. હોમ્બલે ફિલ્મ્સે 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર 2022માં જોરદાર કમાણી કરી છે. ઋષભ શેટ્ટી, હંમેશા તેના મજબૂત અભિનય માટે જાણીતો છે, તેણે કંતારા ફિલ્મમાં તેના જબરદસ્ત કામ માટે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યો છે. આટલું જ નહીં, 'કંતારા' એ બેસ્ટ પોપ્યુલર ફિલ્મ પ્રોવાઈડ્ડ હોલસમ એન્ટરટેઈનમેન્ટનો એવોર્ડ પણ જીત્યો છે.



દરમિયાન, KGF ચેપ્ટર 2, શ્રેષ્ઠ કન્નડ ફિલ્મ અને શ્રેષ્ઠ એક્શન ડિરેક્ટરનો એવોર્ડ જીત્યો. એક વર્ષમાં ચાર રાષ્ટ્રીય પુરસ્કારો જીતવાની હોમ્બલે ફિલ્મ્સની સિદ્ધિ ખરેખર અદભૂત છે. હોમ્બલે ફિલ્મ્સે કંટારા સાથે દેશભરમાં ભારે પ્રભાવ પાડ્યો છે, અને તેઓ આ રીતે રાષ્ટ્રીય પુરસ્કાર જીતવાને પાત્ર છે. કંટારા અને KGF ચેપ્ટર 2 જેવી ફિલ્મો સાથે, હોમ્બલે ફિલ્મ્સે સફળ ઉદાહરણો સ્થાપિત કર્યા છે જે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પડઘો પાડે છે. હોમ્બલ ફિલ્મ્સ દર્શકોના દિલ જીતી રહી છે અને તેની પાસે આવનારી ફિલ્મોની જબરદસ્ત યાદી છે. તેમાં 'કાંતારા: પ્રકરણ 1', 'સાલર: ભાગ 2 - શૌર્યાંગ પર્વ' અને અન્યનો પણ સમાવેશ થાય છે.

# ધોધ, ડુંગરો અને લીલુડી ધરતી !
## વરસાદી માહોલમાં ફરવાની પડી જશે મજા



ચોમાસામાં ફરવાની ઘણી મજા આવે. એક તો વરસાદને કારણે લીલોતર એકદમ સરસ ખીલી હોય. ત્યારે આવા માહોલમાં ફરવાની એવી મજા આવે કે ન પૂછો વાત. ત્યારે જો તમે આવા સમયે ફરવા જવા માગતા હોવ તો આપણે આજે વાત કરીએ લોનાવાલાની. જે ચોમાસામાં સ્વર્ગની જેમ ખીલી જાય છે. પૂણેથી માત્ર 65 કિમી અને મુંબઈથી 80 કિમી દૂર આ મોહક હિલ સ્ટેશન આવેલુ છે. તેનું લીલાછમ લેન્ડસ્કેપ, ઝાકળથી ઢંકાયેલી ટેકરીઓ અને ધોધ સૌને આકર્ષે છે. વરસાદના ટીપાં પૃથ્વીને અડતા જ જાણે લોનાવાલા જીવંત થઈ જાય છે. શહેરની ફાસ્ટ લાઇફસ્ટાઇલથી આ નજારો રાહત આપનારો છે. ચાલો ચોમાસાની થીમ આધારિત તમારી સફરને યાદગાર બનાવી શકો છો.

## ધોધનો નજારો મન મોહી લેશે

લોનાવલામાં આકર્ષક ધોધ છે જે ચોમાસા દરમિયાન જીવંત બને છે. તમે બુશી ડેમ વોટરફોલ તરફ જઈ શકો છો, જે ગર્જના સાથે ગર્જના કરે છે અને તમને તેના ધોધની નીચે ઊભા રહેવાનું આમંત્રણ આપે છે. વૈકલ્પિક રીતે, તમે કુને ધોધ પર ઝાકળના જાદુને કેપ્ચર કરી શકો છો, જ્યાં 200 મીટરની ઊંચાઈથી પાણી પડે છે. તે ભારતનો ચૌદમો સૌથી ઊંચો ધોધ છે. શાંત અનુભવ માટે, નાના પરંતુ મનોહર લાયન પોઈન્ટ વોટરફોલની મુલાકાત લો અને ઠંડી છાંટા તમારી સંવેદનાઓને શાંત કરવા દો. શાંત પવન અને તળાવના કિનારે તમારો તંબુ બાંધીને નજારો એન્જોય કરી શકો છો. ચોમાસાની ઋતુમાં તમારી જાતને શાંતિપૂર્ણ માહોલમાં આરામ મળશે.



## રાજમાચી કિલ્લો

લોનાવાલા અને ખંડાલા વચ્ચે સ્થિત રાજમાચી કિલ્લો એક લોકપ્રિય ટ્રેકિંગ સ્થળ છે. આ કિલ્લો સહ્યાદ્રી પર્વતો અને શિરોટા ડેમનું અદભૂત દૃશ્ય પ્રદાન કરે છે. રાજમાચી ફોર્ટ સુધીનો ટ્રેક લોનાવાલાથી લગભગ 15 કિમી દૂર છે અને પ્રમાણમાં સરળ છે, જે તેને નવા નિશાળીયા અને અનુભવી ટ્રેકર્સ બંને માટે યોગ્ય બનાવે છે.



**લોહાગઢ કિલ્લો |** લોહાગઢ કિલ્લો જે લોહના કિલ્લા તરીકે જાણીતો છે, તે લોનાવલાનું બીજું લોકપ્રિય ટ્રેકિંગ સ્થળ છે. આ કિલ્લો 1,033 મીટરની ઉંચાઈ પર આવેલો છે અને તેના મજબૂત સ્થાપત્ય અને ઐતિહાસિક મહત્વ માટે પ્રખ્યાત છે. લોહાગઢ સુધીનો ટ્રેક લગભગ 5 કિમી અને સાધારણ સરળ છે.

**હાઇલાઇટ્સ**


આસપાસની ખીણો અને પવન તળાવનું મનોહર દૃશ્ય.
ટ્રેકિંગ રૂટ પર લીલોતરી અને નાની નાની નદીઓ.

**વિસાપુર કિલ્લો |** લોહાગઢ કિલ્લાની નજીક આવેલો વિસાપુર કિલ્લો મોટો છે અને વધુ પડકારરૂપ ટ્રેક ઓફર કરે છે. આ કિલ્લો 1,084 મીટરની ઉંચાઈ પર આવેલો છે અને સહ્યાદ્રી પર્વતમાળાઓનું મનોહર દૃશ્ય આપે છે. વિસાપુર કિલ્લા સુધીનો ટ્રેક લગભગ 6 કિમીનો છે અને તેમાં ખડકાળ ભૂપ્રદેશ પર ચડવું સામેલ છે.

**હાઇલાઇટ્સ**

કિલ્લાની અંદર જૂના મકાનો, પાણીની ટાંકીઓ અને મંદિરોના અવશેષો.
લોહાગઢ કિલ્લા અને આસપાસના લેન્ડસ્કેપનું અદભૂત દૃશ્ય.
કિલ્લાનો ઉચ્ચપ્રદેશ, જે ચોમાસા દરમિયાન લીલોછમ અને ઝાકળથી ભરેલો બની જાય છે.

**ડ્યુકનું નાક (હોથોર્ન) |** ડ્યુક નોઝ, જેને હોથોર્ન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે લોનાવાલા નજીકનો એક ખડક છે જે ટ્રેકિંગનો સૌથી રોમાંચક અનુભવ છે. આ ખડકનું નામ ડ્યુક ઓફ વેલિંગ્ટનના નામ પરથી રાખવામાં આવ્યું છે અને તે સાપના હૂડ જેવું લાગે છે, તેથી તેનું નામ હોથોર્ન પડ્યું. ડ્યુક્સ નોઝ સુધીનો ટ્રેક આશરે 7 કિમીનો છે અને તે સાધારણ પડકારજનક છે.



**હાઇલાઇટ્સ**

ઢોળાવ અને ખડકાળ ભૂપ્રદેશ સાથે એક રોમાંચક ચઢાણ.
પશ્ચિમ ઘાટ અને મુંબઈ-પુણે એક્સપ્રેસવેનું અદભૂત દૃશ્ય.
રોક ક્લાઈમ્બીંગ, રેપેલિંગ અને એડવેન્ચર ફોટોગ્રાફી માટેનું આદર્શ સ્થળ.

# ચાર વર્ષ પહેલાં ગણપતિ વિસર્જનના દિવસે....



**વિસર્જન કોનું ?**

**- રુપાલી દવે**

શકુંતલા નો ફેવરિટ નાસ્તો ચીઝ પાસ્તા વિથ રેડ સોસ અને ગાર્લિક ટોસ્ટ રેડી થતાં યુવાન એ ડાયનનીંગ ટેબલ પર ગોઠવી ને બેઠક ખંડ ના સોફા પર બેઠા બેઠાક્રિકેટ મેચ જોવા લાગ્યો.અચાનક યુવાન ની પીઠ પર શકુંતલા ના ભીના હાથ નો સ્પર્શ થતા જ યુવાન એ પાછળ ફરીને જોતાજ શકુંતલા તરફ નજર પડતાં ખુશખુશાલ થતાં બોલ્યો ઓહ!!શકું,યાર તું કેટલી બધી સુંદર લાગે છે આટલી બધી સુંદર કેમ છો બોલ તારું શું કરું સમજાતું નથી? અત્યારે તું બ્લુ મખમલી ગાવુનમાં એકદમ સેક્સી હોટ લાગે છે. ડીયર,એવું મને લાગે છે કે ખુશીના લીધે હાર્ટ એટેક આવી જશે.આમ બોલીને યુવાન ચેર પર થી ઉભો થયો ને શકુંતલા ની નજીક જઈને 'રૂપ તેરા મસ્તાના પ્યાર મેરા દિવાના....' ગીત ગણગણવા લાગ્યો..શકુંતલા એ શરમાઈ ને એની મોટીકાળી આંખો ને નીચે તરફ ઢાળી દીધી. યુવાને નજીક જઈને એના રેડ લિપસ્ટિક લગાવેલ હોઠ પર કિસ કરતા શકુંતલા એની બાહો માં સમાઈ ગઈ.યુવાને એના મજબુત હાથ શકુંતલા ને ઉંચકીને બંગલાના સેકન્ડ ફ્લોર પર આવેલ બેડરૂમમાં લઈ જઈને અંદર થી દરવાજો લોક કરી દીધો. ચાર વર્ષ પહેલાં ગણપતિ વિસર્જન ના દિવસે શશાંક ની કાર નું ટ્રક સાથે થયેલ એક્સિડન્ટ બાદ શકુંતલા ની નિયમિત ચાર વર્ષથી હોસ્પિટલ માં દોડાદોડી રહેતી હતી. ચાર વર્ષ બાદ શશાંક કોમાં માંથી બહાર નીકળી ને સાજો થયો આ વિચિત્ર ટાસ્ક ના લીધે એ ખૂબ થાકી ને કંટાળી ગઈ હતી.ચાર વર્ષ બાદ શકુંતલા શાંતિથી ગાઢ નિદ્રામાં સૂઈ રહી હતી.શકુંતલા ના બન્ને મોબાઈલ ના રીંગર યુવાન એ ઓફ કરીને એ પણ એને નિહાળતા નિહાળતા ઊંઘી ગયો.એ શકુને શશાંક ના મામલામાં ઉલજવા દેવા માંગતો નહતો. ખુદને સારી રીતે મેનેજ કરી શકે એવી સ્થતિ માં શશાંક ની થઈ ગઈ હતી. નોકર શંભુ કાકા અને હોસ્પિટલ ના નર્સિંગ સ્ટાફ એની સેવામા સતત ખડે પગે હાજર હતા.શાંતિની નિંદ્રામાં પોઢેલ શકું ખબર નહિ કોનાં સ્વપ્ના જોવામાં તલ્લીન હતી? પરંતુ એ સ્વપ્ના ના લીધે હોઠ પર સ્મિત હતું.

બેઠક ખંડ ના ટેબલ પરના બન્નેન મોબાઈલ પર સતત રણકી રહ્યા હતા.પરંતુ ફોન કોઈ ઉઠવતું નહતું,શંભુ કાકા એના સર્વન્ટ ક્વાર્ટર માં હતા.બન્ને હોસ્પિટલ નો નર્સિંગ સ્ટાફ વરંડા માં સિગારેટ પીવા માં વ્યસ્ત હતા. શશાંક ની નીંદર તૂટતાં એણે રાડ પડતાં કહ્યું કે શંભુ કાકા,મોબાઈલ ઉઠાવો જલદી પેલી ડાકણ ક્યાં જઈને સંતાઈ ગઈ છે? ફોન પણ ઉપાડતી નથી.શંભુ કાકા ફાટફાટ શશાંક આગળ આવ્યા ને પૂછ્યું શું થયું શશાંક બાબા? દર્દ થાય છે હમણાં શેક કરી આપુ. શશાંક એ શંભુ કાકા નો હાથ પકડી ને કીધું કે મારે મારી સ્મૃતિ અને બાળકો ને મળવું છે.ચુડેલ એ મારી સ્મૃતિઅને બાળકોને ક્યાં સંતાડી દીધા છે? તમને તો બધી વાત ની ખબર હશે. શંભુકાકા જલદી વિડિયો કોલ કરીને સ્મૃતિ સાથે વાત કરવી દયો.વર્ષોથી ઊંઘતો હતો એનો લાભ લઈને નક્કી એ ડાકણ એ મારો પરિવાર ને છુપાવ્યો છે.આમ પણ મારી સભાન અવસ્થામાં તો એનાથી કશું થઈ શક્યું નહિ,બેભાન થતાંજ બધા કારનામા કર્યા લાગે છે,કાકા,બધું જાણું છું એ વિચિત્ર સ્ત્રી નાં કરતૂત.કાકા છેલ્લો ઉપકાર કરી નાખો મને મારી સ્મૃતિ સાથે વાત કરાવો છે. શંભુકાકા એ હા!!બોલીને બહાનું કાઢીને પોતાનો હાથ છોડાવતા કહ્યું કે ભાઈ મારા જેવા ગરીબ માણસ પાસે મોબાઈલ ક્યાંથી હોઈ? બંગલાની અંદર લેન્ડલાઇન છે પછી મોબાઈલ ની શું જરૂર? શંભુ કાકા એ ગળગળા અવાજે કીધું કે માફ કરજો બાબા, સ્મૃતિ વહુ ની જાણકારી મારી પાસે નથી એમના વિશે દીદી ને બધી ખબર છે.તમે શાંતિથી આરામ કરો જેટલું વધારે આરામ કરશો એટલું જલદી પથારી છોડશો. જલદી જલદી સાજા થતા જ દીદી ની સારી એવી ખબર લેજો. અચાનક દુર્ઘટના દિવસની યાદ આવતા શશાંક બોલવા લાગ્યો કે વિસર્જન ના દિવસે થયેલ કાર એક્સિડન્ટ ના લીધે વર્ષોથી ઊંઘતો રહ્યો બિચારી સ્મૃતિ પર પરિવાર નો બધો બોજ આવી ગયો હશે.સ્મૃતિની તકલીફનો લાભ ચોક્કસ શકું એ લીધો હશે. ધીમેથી શશાંક ની નજીક બેસીને શંભુ કાકા એ માંથા માં હાથ ફેરવતા કહ્યું કે બેટા, કદાચ અકસ્માત બાદ સ્મૃતિ વહુ એ તમારો અને ઘરનો બધો વહીવટ શકુંતલા ને સોંપીને પિયર ગયા હોઈ શકે. એ અકસ્માત બાદ સમૃતિ વહુ નો અને બાળકોનોક્યાંય અતોપતો જ નથી. બાળકોને લઈને પિયર ગયા બાદ એ હોસ્પિટલ સુધા આવ્યા નથી. દીદી એ એને ઘણા ફોન કર્યા હશે પણ.. વિસર્જન ના દિવસે અકસ્માત થયો ત્યારથી અત્યાર સુધી તમારી બધી દેખભાળ કરે દીદી જ કરે છે.શશાંકે સહેજ ચોકી જતાં કહ્યું કે ઓહ!બાપરે.

શંભુ કાકા શશાંક માટે કિચનમાં ચા બનાવવા ગયા ત્યારે એ મનોમન વિચારવા લાગ્યો કે અકસ્માત પહેલા દીકરો 7th માં હતો ને દીકરી 6th માં હતી.બંન્નેની પરીક્ષાઓ પણ સાવ નજીક હતી તો શું આવી સ્થતિ માં સ્મૃતિ બાળકો ને લઈને પિયર જઇ શકે? ના ના બાળકો ના ભણતર પ્રત્યે સ્મૃતિ ખૂબ સજાગ હતી.સ્મૃતિ નું પિયર અમદાવાદ નથી સુરત છે એટલે એ પિયર ગઈ નથી. આ વાત શંભુ કાકાની સાવ ખોટી છે.ભલે એ ગમે તે કહે પણ શકુંતલા એ જ મારી સ્મૃતિ અને બાળકોને છુપાવ્યા હશે.તુ તારા મનમાં શું સમજે છે શકું? કોમાં માંથી નીકળી ગયો છું એટલે બધી જાણકારીઓ મેળવી લઈશ...

શશાંક એ બેડ બાજુની બેલ દબાવતા જ મેઈલ નર્સ હાજર થતા જ શશાંકે કહ્યું કે બેડરૂમ માં સુતા સુતા મને કંટાળો આવે છે બેઠક ખંડના સોફા પર લઈ જઈને બેસાડી દયો. નર્સે શશાંક ને સોફા પર બેસાડી ને ટેબલ પરના રિમોટ વડે ટી.વી ઓન કરી આપ્યું. શશાંક નીઆંખ ભલે ટી.વી પર ન્યુઝ જોઈ રહી હતી પરંતુ મનમાં વિચારો એ ખળભળાટ મચાવ્યો હતો.ક્યાં હશે સ્મૃતિ અને બન્ને બાળકો ક્યાં હશે? આજ આખા દિવસમાં શકું એ ફોન કેમ નથી આવ્યો? સ્મૃતિ સાથે લગ્ન કર્યા એ આઘાત માં બેંગલોર માં કાયમી સેટલ થઈ ગયેલી શકુંતલા અચાનક અમદાવાદ માં કેમ આવી ગઈ? શકું પર બિલકુલ વિશ્વાસ નથી. સ્મૃતિ અને બાળકો વિષે માહિતીઓ મેળવવા માટે મારે જલદી સાજા થવું પડશે. શશાંક એ એની નજીક બેઠેલ નર્સ ને ધીમેથી પૂછ્યું કે હોસ્પિટલમાં મને કોણે aedmit કર્યો હતો? મારી સાથે બે બાળકો અને એક લેડીઝ હતી.નર્સ એ મિનિટ નો વિલંબ કર્યા વગર કીધું કે સર,'શકુંતલા દીદી' આપને લઈને હોસ્પિટલ મા આવ્યા હતા.બાળકો કે લેડીઝ કોઈ નહતું આપની સાથે. વિસર્જન ના દિવસે થયેલ અકસ્માત વિશે યાદ કરતા કરતા શશાંક ના મગજમાં ચમકારો થયો ને મનમાં બોલ્યો કે અનંત ચતુર્દશી ના બે ત્રણ દિવસ પહેલાસ્મૃતિ અને બન્ને બાળકો સાથે અમદાવાદ થી દુર ઉદયપુર ના રિસોર્ટ માં ફરવા ગયા હતા.વિસર્જન ના દિવસે અમદાવાદ એન્ટર થતાં રસ્તા માં વિસર્જન ના લીધે ભયાનક ટ્રાફિક હતો. રસ્તા પર ટ્રક, છકડા, કાર વગેરેના સામ્રાજ્ય ના કારણે ટ્રાફિક ધીમેધીમે માંડમાંડ પસાર થતો હતો. શું થયું હતું? એ રાત્રે? શું ઓવર નાઈટ ડ્રાઈવિંગ ના લીધે ઝોકું આવી ગયું હતું? ખરેખર સ્ટાઈરિંગ પરનો કાબૂ છૂટતા કાર સીધી ટ્રક સાથે ટકરાઈને નદીની દીવાલ તોડીને પાણીમાં પડી એ પહેલા ...કઈક તો એવું થયું હતું..શું?..અકસ્માત બાદ શું થયું? કેમ યાદ નથી આવતું?. વધારે વિચારવા ના લીધે નેમગજ પર સ્ટ્રેસ પડતાં નર્સે એ આપેલ પાંચ મિનિટ પહેલાની દવાઓની અસર થતાં શશાંક ની નીંદર ના લીધે આંખ બંધ થતાં નર્સે એ સોફા પર સીધા સુવડાવી દીધો.શશાંકને ચાદર ઓઢડતા ઓઢાડતા સૂઈ ગયેલા શશાંક ના નિર્દોષ ચહેરા તરફ નજર કરીને ચોધાર આંસુએ રડતાં રડતા મનમાંબોલ્યાં કે હે!!! ભગવાન,એવા તે મે કેવા પાપ કર્યા હશે? સમજાતું નથી..મોટાભાઈ એ મારા જેવા મામૂલી માણસને ઘરમાં આશ્રય આપ્યો ત્યારે સ્વપ્નેય ખ્યાલ નહતો કે આવા બધા દિવસો જોવા પડશે.ત્રીસ વર્ષ પહેલા અકસ્માત મા મોટા ભાઈ અને ભાભીનું મોત થતા એની લાશ ને કાંધ મારા ખંભા એ આપી હતી. બિચારા બન્ને ભગવાન નું માણસ હતા એણે કોઈનો ગુનો કર્યો નહતો છતાંય એની સાથે આવું અપ્રિય બન્યું ત્યારે રાડ પાડી પાડીને રડવા નું મન થતું હતું પણ શશાંક ના લીધે દુઃખ હદયમાં સંઘરી રાખ્યું વર્ષો સુધી. accident માં ભાઈ ભાભી ની લોહી થી લથ બથ લાશ નિહાળતા જ 9th માં ભણતા મારો શશાંકમને વળગી ને ત્યારે ખૂબ રડ્યો હતો.દિવસોના દિવસો જમ્યા વગર સૂનમૂન બેઠો રહેતો હતો.. તાત્કાલિક સુશીલા ભાભી અમેરિકાથી આવ્યા ને એણે શશાંક ને સાંભળી લીધો હતો.. સુશીલા ભાભીનો તો બાળપણ થી એ ખૂબ લાડકો એટલે એણે 'શ્રી કૃષ્ણ આશ્રય' માં કાયમી સ્થાયી થઈને બધું સરખું કરી નાખ્યું હતું.

## રક્ષાબંધન પર 4 શુભ યોગ, જાણો કયા શુભ મુહૂર્તમાં ભાઈને રાખડી બાંધવી



**જ્યોતિષ આદિત્ય ઝા**

રક્ષાબંધન પર ભાઈને રાખડી બાંધવાનો શ્રેષ્ઠ સમય કયો છે? જ્યોતિષ આદિત્ય ઝા પાસેથી આ વિશે વિગતવાર જાણો.

હિન્દુ ધર્મમાં રક્ષાબંધનનો તહેવાર ભાઈ-બહેન માટે સૌભાગ્યનું પ્રતિક માનવામાં આવે છે. આ દિવસે બહેન પોતાના ભાઈની પ્રગતિ અને સારા સ્વાસ્થ્યની કામના કરે છે અને ભાઈને રાખડી બાંધે છે. આ દિવસે ભાઈ પણ તેની બહેનની રક્ષા કરવાનું વચન આપે છે. રક્ષાબંધનનો તહેવાર એ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

હવે આવી સ્થિતિમાં રક્ષાબંધનના દિવસે શુભ યોગ બની રહ્યો છે. સાવન પૂર્ણિમાની તિથિ 19 ઓગસ્ટના રોજ સવારે 3.05 વાગ્યાથી અને રાત્રે 11.56 વાગ્યે સમાપ્ત થશે. તેથી રક્ષાબંધનનો તહેવાર 19 ઓગસ્ટે ઉજવવામાં આવશે.

### રક્ષાબંધન પર 4 શુભ યોગ બની રહ્યા છે

રક્ષાબંધનનો દિવસ પણ શ્રાવણ માસનો સોમવાર છે. આ ઉપરાંત આ શુભ દિવસે 04 શુભ યોગ પણ રચાઈ રહ્યા છે. આ વખતે રક્ષાબંધન પર સર્વાર્થ સિદ્ધિ યોગ, શોભન યોગ, રવિ યોગ અને સૌભાગ્ય યોગ બનવા જઈ રહ્યો છે. આ સાથે શ્રવણ નક્ષત્રનો પણ અદ્ભુત સંયોગ થઈ રહ્યો છે. જો કે આ દિવસે ભદ્રાનો પડછાયો પણ રહેશે. જો કે આ વખતે ભદ્રા અધધધ રહેશે. આથી ભદ્રાની કોઈ અશુભ અસર નહીં રહે.

તેથી, તમે જ્યારે ઈચ્છો ત્યારે રાખડી બાંધી શકો છો. પરંતુ રાખડી બાંધવાનો શુભ સમય બપોરે 1:30 થી 4:30 સુધીનો રહેશે. આ પછી બહેનો પણ સાંજે 6:39 થી 8:52 વાગ્યા સુધી ભાઈઓને રાખડી બાંધી શકે છે.

# મુન્નાભાઈ એમબીબીએસની રિલીઝ વખતે થિયેટર ખાલી હતા




## વિધુ વિનોદે કહ્યું, 'હિરાણીનું દિલ તૂટી ગયું હતું, તેમને લાગ્યું કે તેમના પૈસા ડૂબી ગયા છે...'


(એજન્સી) મુંબઇ । તા. 16

મુન્નાભાઈ એમબીબીએસ ફિલ્મ ઘણી હિટ રહી હતી. રિલીઝના 26મા સપ્તાહમાં પણ આ ફિલ્મ ભારતભરમાં 300 સ્ક્રીન પર ચાલી રહી હતી. પરંતુ રિલીઝના પહેલા દિવસે આખું થિયેટર ખાલી હતું. રિલીઝના એક અઠવાડિયા પછી પણ સિનેમાઘરોમાં દર્શકોની ભીડ નહોતી. આ કારણે મેકર્સને લાગ્યું કે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ જશે.

તાજેતરના એક ઇન્ટરવ્યૂમાં, વિધુ વિનોદ ચોપરાએ 2003ની ફિલ્મ મુન્નાભાઈ MBBS પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું, 'મુન્નાભાઈ એમબીબીએસ ખાલી થિયેટરોમાં રિલીઝ થઈ હતી. રાજુ (રાજકુમાર હિરાણી) એ વિચારીને ખૂબ જ પરેશાન હતો કે મેં ઘણા પૈસા ગુમાવ્યા છે. તે સમયે મેં રાજુને 11 હજાર રૂપિયા આપ્યા હતા. આ પૈસા આપ્યા પછી, મેં રાજુને કહ્યું – હું કંઈ નહીં લઈશ અને આ પૈસા આગામી ફિલ્મ માટે છે. બીજી ફિલ્મ બનાવો. આ એક શાનદાર ફિલ્મ છે.' 'તે સમયે અમારી પાસે લગભગ 4 કરોડ રૂપિયા હતા. હું બીજી ફિલ્મ બનાવવા માગતો હતો. મુન્નાભાઈ હિટ જશે કે નહીં તેની મને પરવા નહોતી. જોકે સોમવાર પછી ફિલ્મે જોર પકડવાનું શરૂ કર્યું હતું, પરંતુ સપ્તાહના અંતે બેઠકો ખાલી રહી હતી. બીજી ફિલ્મ બનાવવા માટે મેં ખરેખર ફિલ્મ સફળ થવાની રાહ જોઈ ન હતી.'

અગાઉ, કેલોગ સ્કૂલ ઓફ મેનેજમેન્ટમાં એક ઈવેન્ટ દરમિયાન, રાજકુમાર હિરાણીએ ખુલાસો કર્યો હતો કે, કોઈ વિતરક ફિલ્મના રાઇટ્સ ખરીદવા તૈયાર ન હતા. પાછળથી કોઈક રીતે તમિલનાડુના એક વિતરક અધિકારો ખરીદવા સંમત થયા. જોકે બાદમાં તેણે પણ પીઠ ફેરવી લીધી હતી.'


'મુન્નાભાઈ એમબીબીએસ' સંજય દત્તના પિતા સુનીલ દત્તની છેલ્લી ફિલ્મ હતી. ફિલ્મનો બીજો ભાગ 'લગે રહો મુન્ના ભાઈ' 2006માં રિલીઝ થયો હતો.



# જ્યારે શાહરુખે કહ્યું, 'હું કામ કરવા નથી માગતો' 'ઝીરો' ફિલ્મ ફ્લોપ થયા બાદ આ નિર્ણય લીધો હતો

(એજન્સી) મુંબઇ । તા. 16

શાહરુખ ખાન ફિલ્મ ઝીરોની રિલીઝ પછી તરત જ રાકેશ શર્માની બાયોપિક 'સારે જહાં સે અચ્છા'માં કામ કરવા જઈ રહ્યો હતો. પરંતુ છેલ્લી ઘડીએ તેણે કામ કરવાની ના પાડી દીધી. 'ઝીરો' ફ્લોપ થયા બાદ તેણે તરત જ આ નિર્ણય લીધો હતો. નોંધનીય છે કે, મહેશ મથાઈ ફિલ્મ 'સારે જહાં સે અચ્છા'નું નિર્દેશન કરવા જઈ રહ્યા હતા અને સિદ્ધાર્થ રોય કપૂર તેને પ્રોડ્યુસ કરી રહ્યા હતા.



વેરાયટીને આપેલા ઈન્ટરવ્યૂમાં શાહરૂખે કહ્યું, 'મેં પ્રોડ્યુસરને ફોન કર્યો અને કહ્યું કે હું એક વર્ષ સુધી કામ કરવા માંગતો નથી'. તેના પર મેકર્સે કહ્યું, 'આ શક્ય નથી. તમે એક મિનિટ પણ કામ કર્યા વિના બેસી શકશો નહી. જો તમને ફિલ્મ ન ગમતી હોય તો મને કહો, પરંતુ એવું ન કહો કે તમે એક વર્ષ સુધી કામ નહીં કરો.' અભિનેતાએ કહ્યું, 'તે સમયે હું અભિનય કરવા માંગતો ન હતો.

મને અભિનય કરવામાં બિલકુલ મન નહોતું લાગતું અને મન વગર હું અભિનય કરી શકતો નહોતો.' શાહરુખે આગળ કહ્યું, મેં હંમેશા કહ્યું છે કે જે દિવસે મને સવારે ઊઠીને શૂટિંગ માટે જવાનું મન ન થાય તે દિવસે હું કામ કરવા માંગતો નથી. આ ખૂબ જ બિનવ્યાવસાયિક છે. હું જાગી ગયો અને કહ્યું- હું જઈને ફિલ્મ 'સારે જહાં સે અચ્છા'નું શૂટિંગ કરવા નથી માગતો.' શાહરુખ ખાનના આગામી પ્રોજેક્ટની વાત કરીએ તો તે સુજોય ઘોષની ફિલ્મ કિંગમાં જોવા મળશે.

# મધુર ભંડારકર ફેશન ટૂ વેબ સીરિઝ બનાવશે






મુંબઇ : મધુર ભંડારકર 'ફેશન ટૂ ' પ્રોજેક્ટ હાથ ધરી રહ્યો છે. જોકે, તે ફિલ્મ બનાવશે કે વેબ સીરિઝ તે અંગે હજુ આખરી નિર્ણય લેવાયો નથી.

મધુર ભંડારકરના જણાવ્યા અનુસાર એક જમાનો સુપર મોડલ્સનો હતો. પરંતુ, હવે સુપર મોડલ્સ ગાયબ થઈ ગયા છે. શો સ્ટોપર્સ તરીકે ફિલ્મ સ્ટાર્સ જ જોવા મળે છે. બીજી તરફ નાના ગામની યુવતી પણ સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર તરીકે પ્રસિદ્ધિ મેળવી મોડલ બની જાય છે. આ બધી વાત 'ફેશન ટૂ'માં આવરી લેવાશે.

મધુર ભંડારકરની 'ફેશન'માં પ્રિયંકા ચોપરા અને કંગના રણૌત સહિતના કલાકારો હતા. આ ફિલ્મમાં ફેશનની ગ્લેમરસ દુનિયા પાછળની કાળી બાજુ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. મધુર ભંડારકરના જણાવ્યા અનુસાર ૧૬ વર્ષ પછી હવે દુનિયા એટલી બદલાઈ ગઈ છે કે આ પ્રોજેક્ટને એક ફિલ્મમાં સમાવી શકાશે કે કેમ અથવા તો પછી કોઈ વેબ સીરિઝ બનાવવી પડશે તે અંગે પોતે વિચારી રહ્યો છે.

# અભય દેઓલને હોલીવૂડની રોમેન્ટિક ફિલ્મ મળી : ફિલ્મનું ટાઈટલ ડૉન્ટ યુ બી માય નૈબર



મુંબઇ : અભય દેઓલને હોલીવૂડની એક રોમાન્ટિક ફિલ્મ 'ડોન્ટ યુ બી માય નૈબર' મળી છે. આ ફિલ્મમાં ઓસ્ટ્રેલિયન અભિનેત્રી નતાશા બેસ્સેટ તેની હિરોઈન બનશે.

નતાશા 'એલ્વિસ' ફિલ્મમાં હિરોઈનના રોલમાં જાણીતી બની હતી. ફિલ્મમાં અભય જય અને નતાશા એમીલીના રોલમાં જોવા મળશે. ફિલ્મમાં ૮૦ અને ૯૦ના દાયકાના યુવાનોની લવ લાઈફ દર્શાવાશે. ફિલ્મનું દિગ્દર્શન હેરી ગ્રેવાલ કરશે. અભય દેઓલે જાતે સોશિયલ મીડિયા પર આ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. તે પછી અનેક બોલીવૂડ કલાકારોએ તેને અભિનંદન પાઠવ્યાં હતાં.

અભય દેઓલ છેલ્લે વેબ સીરિઝ ' ટ્રાયલ બાય ફાયર'માં જોવા મળ્યો હતો.

# કરીનાએ કોલકાતા રેપ કેસની તુલના નિર્ભયા સાથે કરી

## પ્રીતિ ઝિંટાએ કહ્યું, 'પીડિતાનો ચહેરો લીક કરાય છે, આરોપીનો ચહેરો છુપાવવામાં આવે છે'

(એજન્સી) મુંબઇ । તા. 16

કોલકાતાની આરજી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર ગુજારવામાં આવ્યો, સામૂહિક બળાત્કાર થયો અને પછી તેની હત્યા કરવામાં આવી. આ મામલો સામે આવ્યા બાદ હજારો લોકો ન્યાયની માંગણી સાથે રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે, જ્યારે દેશભરના લોકોમાં આક્રોશ છે. થોડા સમય પહેલા, આલિયા ભટ્ટ, આયુષ્માન ખુરાના સહિત ઘણા બોલિવૂડ સેલેબ્સે આ બાબતે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો, જેમાં પ્રીતિ ઝિંટા, કરીના કપૂર અને બીજા ઘણા સેલેબ્સ હવે જોડાયા છે.

કરીના કપૂરે ગઈકાલે સોશિયલ મીડિયા પર આ કેસની સરખામણી 12 વર્ષ પહેલા બનેલા નિર્ભયા કેસ સાથે કરી છે. તેણે એક પોસ્ટમાં લખ્યું છે કે, - 12 વર્ષ પછી પણ સ્ટોરી એ જ છે અને વિરોધ એ જ છે. પરંતુ અમે હજુ પણ પરિવર્તનની રાહ જોઈ રહ્યા છીએ. પ્રીતિ ઝિંટાએ ભાવુક થઈને લખ્યું છે કે,- આપણે આ દુનિયાની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છીએ. ચૂંટણીમાં પુરૂષો અને મહિલાઓ સહિત 66 ટકા લોકોએ મતદાન કર્યું હતું, જેના કારણે એવો અંદાજ છે કે આવતા વર્ષે પુરૂષો કરતા મહિલા મતદારો વધુ હશે. હવે સમય આવી ગયો છે કે મહિલાઓની સુરક્ષા સરકારની પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ. ધરપકડ સમયે બળાત્કારીનો ચહેરો ઢંકાયેલો રહે છે, જ્યારે પીડિતાનો ચહેરો અને નામ આખા મીડિયામાં લીક થાય છે તે જોવું હૃદયદ્રાવક અને પીડાદાયક છે. ન્યાય ક્યારેય આપવામાં આવતો નથી, સજા ક્યારેય આપવામાં આવતી નથી, લોકોને ક્યારેય જવાબદાર ગણવામાં આવતા નથી.' પ્રીતિ ઝિંટાએ આગળ લખ્યું કે, ઘણી મહિલાઓ તેમની ગરિમા અને જીવન ગુમાવે છે, જ્યાં સુધી તમારી સાથે આવું ન થાય ત્યાં સુધી લોકો તેની પરવા નહીં કરે.



હવે સમય આવી ગયો છે કે તમામ મહિલાઓ સાથે મળીને મહિલાઓની સુરક્ષાને રાજકીય મુદ્દો બનાવે. આ સમયે જાતીય હિંસાના મામલામાં ગેરરીતિ કરનારા ઈન્ચાર્જની બદલી નહીં, પરંતુ તેમની નોકરી છીનવી લેવી જોઈએ. એક મહિલા તરીકે હું નિર્ભયા અને મૌમિતા અને દરેક છોકરીની માફી માંગવા માંગુ છું જેની સાથે અન્યાય થયો હતો. મને અફસોસ છે કે ભૂતકાળમાં હું મારી પૂરી તાકાતથી તમારા માટે લડી શકી નથી.

### આ સેલેબ્સે પણ વ્યક્ત કર્યો પોતાનો ગુસ્સો

#### આલિયાએ કહ્યું- 'મહિલાઓ ક્યાંય સુરક્ષિત નથી'

- આલિયા ભટ્ટે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે. તેણે લખ્યું, 'બીજો ક્રૂર બળાત્કાર. બીજો દિવસ જ્યારે અમને અહેસાસ કરાવવામાં આવ્યો કે મહિલાઓ ક્યાંય પણ સુરક્ષિત નથી.
- બીજી એક હૃદયસ્પર્શી ઘટના આપણને યાદ અપાવી દે છે કે (નિર્ભયા બળાત્કાર કેસ)ને એક દાયકાથી વધુ સમય થઈ ગયો છે પરંતુ આજે પણ કંઈ બદલાયું નથી.
- આ પોસ્ટમાં આલિયાએ આ ઘટના પ્રત્યે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે અને મહિલાઓની સુરક્ષા પર ધ્યાન આપવાની વિનંતી કરી છે.
- આયુષ્માન ખુરાનાએ ઘટના પર અલગ રીતે પ્રતિક્રિયા આપી છે. તેણે એક વીડિયો શેર કર્યો જેમાં તે તેના દ્વારા લખેલી કવિતા વાંચતો જોવા મળી રહ્યો છે. કાશ હું પણ છોકરો હોત.

#### પરિણીતીએ ફાંસી આપવાની માંગ કરી હતી

પરિણીતી ચોપરાએ પોસ્ટ શેર કરી જેમાં તેણે લખ્યું, 'જ્યારે તમને આ બળાત્કાર કેસના સમાચાર વાંચીને આટલી તકલીફ થઈ રહી છે, તો કલ્પના કરો કે તે મહિલા ડૉક્ટરે કેટલી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હશે. ઘૃણાજનક છે. અભિનેત્રીએ પોતાની પોસ્ટમાં આરોપીને ફાંસી આપવાની માગણી પણ કરી છે.

#### રિયા ચઢ્ઢાએ કહ્યું- યોગ્ય તપાસ થવી જોઇએ

આ સેલેબ્સ સિવાય રિચા ચઢ્ઢાએ પણ મમતા બેનર્જીને યોગ્ય તપાસ કરાવવાની માંગ કરી છે. સોનાક્ષી સિન્હા, વિજય વર્મા અને મલાઈકા અરોરાએ પણ પોસ્ટ અને સ્ટોરી દ્વારા પ્રતિક્રિયા આપી છે.

સ્વરા ભાસ્કરે પણ આ ઘટના પર એક પોસ્ટ કરી અને લખ્યું કે આજના યુગમાં મહિલાઓ સુરક્ષિત નથી. રેસિડેન્ટ ડોક્ટર પર બળાત્કાર અને હત્યાનો મામલો ખૂબ જ ભયાનક છે.



# શ્રદ્ધાને કેવો પાર્ટનર જોઈએ? બ્રેકઅપ પછીનો ખુલાસો

## બોલિવુડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર આજકાલ પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને લઈને ચર્ચામાં છે

(એજન્સી) મુંબઇ । તા. 16

શ્રદ્ધા કપૂરની ફિલ્મ સ્ત્રી 2 થિયેટરોમાં રિલીઝ થઈ ગઈ છે. ફિલ્મને ઘણી પસંદ કરવામાં આવી રહી છે. પરંતુ એક્ટ્રેસ સતત જોરદારથી ફિલ્મના પ્રમોશનમાં બિઝી છે. હવે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન શ્રદ્ધા કપૂરે તેના પાર્ટનરના ગુણો વિશે વાત કરી. ફિલ્મ સ્ત્રી 2ની રિલીઝ પહેલા દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ફિલ્મની આખી સ્ટારકાસ્ટ હાજર રહી હતી.

આ દરમિયાન શ્રદ્ધાને પૂછવામાં આવ્યું કે તે આ ફિલ્મમાં વરુણ ધવન અને રાજકુમાર રાવ સાથે રોમાન્સ કરી રહી છે. આવામાં જો તે વાસ્તવિક જીવનમાં કોઈની ગર્લફ્રેન્ડ અથવા જીવનસાથી બને છે, તો તે રેડ ફ્લેગ બનવા માંગશે કે શું? એક્ટ્રેસે મજાકમાં કહ્યું કે તે પ્રામાણિકપણે રેડ ફ્લેગ વ્યક્તિ બનવાનું પસંદ કરશે.

શ્રદ્ધા કપૂરે વધુમાં કહ્યું કે તેને જીવનમાં કેવો પાર્ટનર જોઈએ છે. તેણે કહ્યું કે "હું શ્રેષ્ઠ પ્રકારની પાર્ટનર બનવા માંગુ છું, કારણ કે હું ખરેખર પરી-કથાના રોમાંસમાં માનું છું અને હું મારા જીવનસાથી માટે બેસ્ટ પાર્ટનર બનવા માંગુ છું. એક રીતે, હું જેવી છું તેવો પાર્ટનર હોવો જોઈએ."

તમને જણાવી દઈએ કે શ્રદ્ધા કપૂર છેલ્લા કેટલાક દિવસોથી રાહુલ મોદી સાથે ડેટિંગને લઈને ચર્ચામાં હતી. રિપોર્ટ મુજબ બંને ફિલ્મ તુ જૂઠી મેં મક્કારના શૂટિંગ દરમિયાન નજીક આવ્યા હતા. બંને ઘણી વખત સાથે જોવા મળ્યા હતા જેના કારણે ડેટિંગના સમાચારોએ જોર પકડયું હતું. પરંતુ લગભગ બે વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા પછી, કપલ અલગ થઈ ગયાના સમાચાર છે. મળતી માહિતી મુજબ એક્ટ્રેસે રાહુલને ઈન્સ્ટાગ્રામ પરથી અનફોલો કરી દીધો હતો.

### દેવોલિનાએ તેના પતિ શાહનવાઝ શેખ સાથેની કેટલીક તસવીરો શેર કરી છે

# દેવોલિના ભટ્ટાચારીના ઘરમાં આવશે નાનું મહેમાન, ટૂંક સમયમાં બનશે માતા : પ્રેગ્નેન્સીની જાહેરાત કરી

(એજન્સી) મુંબઇ । તા. 16

લોકપ્રિય ટીવી એક્ટ્રેસ દેવોલિના ભટ્ટાચારીના ફેન્સ માટે એક મોટા સારા સમાચાર આવ્યા છે. 'ગોપી બહુ'ના પાત્રથી દરેક ઘરમાં ફેમસ થયેલી દેવોલીનાએ સ્વતંત્રતા દિવસના અવસર પર પોતાના ફેન્સને એક શાનદાર સમાચાર આપ્યા છે કે તે ટૂંક સમયમાં માતા બનવા જઈ રહી છે. દેવોલીનાની પ્રેગ્નન્સીની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી હતી, પરંતુ હવે તેણે પોતે જ પોતાની પ્રેગ્નન્સીની પુષ્ટિ કરી છે.

15 ઓગસ્ટના રોજ, દેવોલિના ભટ્ટાચારીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક ખાસ પોસ્ટ શેર કરી, જેમાં તેણે અનોખી રીતે તેની પ્રેગ્નન્સીની જાહેરાત કરી. આ પોસ્ટમાં દેવોલિનાએ તેના પતિ શાહનવાઝ શેખ સાથેની કેટલીક તસવીરો શેર કરી છે. આમાંથી એક તસવીરમાં દેવોલિના તેના પતિ અને ડોગ સાથે સોફા પર બેઠેલી જોવા મળી રહી છે. તેણે હાથમાં એક નાનું ટી-શર્ટ પકડ્યું છે, જેના પર લખ્યું છે, 'હવે તમે પૂછવાનું બંધ કરી શકો છો.' આ સમાચાર તેના ફેન્સ માટે આનંદનું કારણ છે અને સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે.




દેવોલીનાની આ પોસ્ટ જોયા બાદ ફેન્સ ખૂબ જ ખુશ થઈ ગયા. 'ગોપી બહુ'ને ફેન્સ તરફથી ખૂબ અભિનંદન મળી રહ્યા છે. ફેન્સ તેને શુભેચ્છા પાઠવી રહ્યા છે. દેવોલીનાના આ સમાચાર સાંભળીને ફેન્સ ઉત્સાહિત છે. તમને જણાવી દઈએ કે છેલ્લા ઘણા સમયથી દેવોલિના પ્રેગ્નેન્ટ હોવાના અહેવાલો આવી રહ્યા છે, પરંતુ દેવોલિના અત્યાર સુધી આ બાબતે કંઈ બોલી રહી ન હતી.

તમને જણાવી દઈએ કે 'સાથ નિભાના સાથિયા' ફેમ દેવોલિના ભટ્ટાચારિ તેના લગ્નના 2 વર્ષ બાદ માતા બનવા જઈ રહી છે. એક્ટ્રેસે ડિસેમ્બર 2022માં જીમ ટ્રેનર શાહનવાઝ શેખ સાથે લગ્ન કર્યા હતા. એક્ટ્રેસે સોશિયલ મીડિયા પર પોતાના લગ્નની તસવીરો શેર કરીને બધાને હેરાન કરી દીધા હતા.

# 'મેરી બારી તે લગદે, તુ રબ્બા સોતા રહ ગયા...'

## સિલ્વરની અપીલ ફગાવ્યા બાદ વિનેશે ઈન્સ્ટામાં ઈમોશનલ સોંગ સાથે રડતો ફોટો પોસ્ટ કર્યો




(એજન્સી) પેરિસ તા 16

રેસલર વિનેશ ફોગાટે સિલ્વર અપીલ ફગાવી દીધા બાદ એક ઈમોશનલ પોસ્ટ કરી છે. ગુરુવારે તેણે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર મેટ પર રડતો પોતાનો ફોટો પોસ્ટ કર્યો અને આ ફોટામાં સિંગર બી પ્રાકનું ગીત, 'મેરી બારી તે લગડે, તુ રબ્બા સોતા રહે ગયા...' લગાવ્યું હતું. મહત્વની વાત એ છે કે આ ફોટોના કેપ્શનમાં વિનેશે કંઈ લખ્યું નથી, પરંતુ ઘણા ચાહકોએ વિનેશને પ્રોત્સાહિત કરવા માટે કોમેન્ટ કરી છે. ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી મનિકા બત્રાએ કોમેન્ટમાં લખ્યું, તમે પ્રેરણાદાયક છો, તમે પ્રશંસાને પાત્ર છો, તમે ભારતનું રત્ન છો. મનિકાની સાથે અન્ય લોકોએ પણ વિનેશ માટે ટિપ્પણી કરી છે.

એક દિવસ અગાઉ 14 ઓગસ્ટ, બુધવારે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ (CAS) એ પેરિસ ઓલિમ્પિકમાં સંયુક્ત સિલ્વર મેડલની માગ કરતી વિનેશની અરજીને ફગાવી દીધી હતી. વિનેશે સતત 3 મેચ જીતીને 50 કિલોગ્રામ મહિલા કુસ્તી વર્ગમાં ફાઈનલમાં જગ્યા બનાવી હતી. ફાઈનલ 8 ઓગસ્ટે યોજાવાની હતી, પરંતુ મેચ પહેલા ઓલિમ્પિક કમિટીએ વિનેશને ગેરલાયક ઠેરવી દીધી હતી કારણ કે તેનું વજન 50 કિલો કરતાં 100 ગ્રામ વધારે હતું.

**IOAના વકીલે કહ્યું- વિગતવાર આદેશની રાહ છે, સ્વિસ ફેડરલ ટ્રિબ્યુનલમાં અપીલ કરીશું**

CASમાં ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના વકીલ વિદુષ્પત સિંઘાનિયાએ કહ્યું કે, વિગતવાર ઓર્ડર હજુ આવ્યો નથી. માત્ર એક લાઈન ઓર્ડર આવ્યો છે કે વિનેશની અપીલ ફગાવી દેવામાં આવી છે. તેને શા માટે નકારી કાઢવામાં આવી અથવા આટલો સમય કેમ લાગ્યો તે અંગે કોર્ટે કોઈ કારણ આપ્યું નથી.

**આ દલીલો વિનેશની તરફેણમાં મુકવામાં આવી હતી :** 00 ગ્રામ વજન ખૂબ ઓછું છે. તે રમતવીરના વજનના 0.1% થી 0.2% કરતા વધુ નથી. ઉનાળાની ઋતુમાં માનવ શરીર પર સોજો આવવાથી વજન સરળતાથી વધી શકે છે. જીવિત રહેવા માટે માનવીની જરૂરિયાતને કારણે શરીરમાં વધુ પાણી એકઠું થાય છે, જેના કારણે વજન ગમે ત્યારે વધી શકે છે. વિનેશે એક જ દિવસમાં 3 સ્પર્ધાઓમાં ભાગ લેવાની હતી. આ દરમિયાન તેણે એનર્જી જાળવી રાખવા માટે ખાવાનું પણ ખાવું પડતું હતું. આ સમય સુધીમાં તેનું વજન 52.7 કિલો સુધી પહોંચી ગયું હતું. સ્પોર્ટ્સ વિલેજ અને ઓલિમ્પિક રમતના મેદાન વચ્ચેનું અંતર અને પ્રથમ દિવસે સતત મેચોને કારણે વિનેશને વજન ઘટાડવાનો પૂરતો સમય નહોતો મળ્યો.

**મેડલ અપિલના બીજા દિવસે વિનેશની નિવૃત્તિ :**વિનેશે પેરિસ ઓલિમ્પિક ફાઈનલ પહેલા ગેરલાયક ઠર્યા બાદ 8 ઓગસ્ટે કુસ્તીમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. તેણે એક પોસ્ટમાં લખ્યું છે કેસ હું ઋણી રહીશ, માફ કરશો. વિનેશ ફોગાટની આ તસવીર સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે ઓલિમ્પિકમાંથી બહાર થયા બાદ વિનેશ ખૂબ જ નિરાશ થઈ ગઈ હતી. વિનેશ ફોગાટની આ તસવીર સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ છે.

## ફૂટબોલર લેમિન યમલના પિતા હોસ્પિટલમાં દાખલ:બાર્સેલોનામાં ગુનેગારોએ છરા માર્યા

પેરિસ તા 16

યુવા સ્પેનિશ ફૂટબોલર લેમિન યામલના પિતાને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. તેના પિતાને બાર્સેલોનામાં પાર્કિંગની બહાર ગુનેગારોએ છરી મારી હતી. અનેક વાર માર મારવાથી તે ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમની સારવાર કરવામાં આવી રહી છે. 17 વર્ષના યમલે જુલાઈમાં સ્પેનને યુરો કપ ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે ફ્રાન્સ સામેની સેમિફાઈનલમાં પણ ગોલ ફટકારીને ટીમને લીડ અપાવી હતી. હુમલો બુધવારે થયો હતો

ESPN અનુસાર, યમલના પિતા મૌનીર નસરોઈ પર તેમના વતન માતરોમાં હુમલો કરવામાં આવ્યો હતો. માટારો બાર્સેલોનાથી 30 કિમી છે. સ્થાનિક પોલીસે જણાવ્યું કે બુધવારે રાત્રે લગભગ 9:10 વાગ્યાની આસપાસ બદમાશોએ તેમને ચાકુ માર્યો હતો. જો કે, આ હુમલો જીવલેણ હોવાનું જાણવા મળ્યું નથી. યમલના પિતાએ ગુરુવારે સોશિયલ મીડિયા પોસ્ટથી કહ્યું કે તે સારું અનુભવી રહ્યા છે. તેમણે સાથ આપનાર લોકોનો પણ આભાર માન્યો હતો.લેમિન યામલ બાર્સેલોના માટે ક્લબ ફૂટબોલ રમે છે. જ્યારે તેના પિતા પર હુમલો થયો ત્યારે તે તેની ટીમ સાથે પ્રેક્ટિસ કરી રહ્યો હતો. તે શનિવારે લા લીગામાં વેલેન્સિયા સામે મેચ રમવાનો છે.સ્પેને આ વર્ષે



જૂન અને જુલાઈમાં રમાયેલ યુરો કપ જીત્યો હતો. ટીમને ચેમ્પિયન બનાવવામાં યુવા યમલે મોટી ભૂમિકા ભજવી હતી. યમલે જર્મનીમાં યોજાયેલી ટુર્નામેન્ટમાં તમામ મેચ રમી હતી, તેણે ફ્રાન્સ સામે મહત્વપૂર્ણ ગોલ કર્યો હતો અને ટીમને ફાઈનલમાં પહોંચાડી હતી. ઈંગ્લેન્ડ સામેની ફાઈનલમાં નિકો વિલિયમ્સે યમલના આસિસ્ટ પર ગોલ કર્યો હતો. આ ગોલ સાથે ટીમે ઈંગ્લેન્ડ પર 1-0ની સરસાઈ મેળવી લીધી હતી. અંતે મેચ 2-1ની સ્કોર લાઈન સાથે સમાપ્ત થઈ અને સ્પેને ટાઈટલ જીત્યું. યમલને યંગ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો અવોર્ડ આપવામાં આવ્યો હતો.

## મોર્ને મોર્કેલ ટીમ ઈન્ડિયાના બોલિંગ કોચ બન્યો

(એજન્સી) નવી દિલ્હી તા 16

39 વર્ષીય દક્ષિણ આફ્રિકાના પૂર્વ બોલર મોર્ને મોર્કેલને ભારતીય ક્રિકેટ ટીમના બોલિંગ કોચ તરીકે નિયુક્ત કર્યો છે. તે 1 સપ્ટેમ્બરે ટીમ સાથે જોડાશે. BCCI સેક્રેટરી જય શાહે બુધવારે 14 ઓગસ્ટે આ માહિતી આપી હતી. મોર્કેલ પાકિસ્તાન ક્રિકેટ ટીમનો બોલિંગ કોચ રહી ચૂક્યો છે. હેડ કોચ ગૌતમ ગંભીરે મોર્કેલને બોલિંગ કોચ બનાવવાની માગ કરી હતી. બંનેએ IPL ફ્રેન્ચાઈઝી લખનઉ સુપર જાયન્ટ્સ માટે સાથે કામ કર્યું છે. મોર્કેલ ભૂતપૂર્વ ભારતીય કોચ પારસ મ્હામ્બ્રેનું સ્થાન લેશે. મ્હામ્બ્રેનો કાર્યકાળ પૂરો થઈ ચૂક્યો હતો, પરંતુ મોર્કેલ અંગત કારણોસર શ્રીલંકા પ્રવાસ પર ટીમ ઈન્ડિયા સાથે જોડાઈ શક્યો નહોતો. આવી સ્થિતિમાં BCCIએ સાઈરાજ બહુતુલેને બોલિંગ કોચ તરીકે મોકલ્યા હતા. મોર્કેલની આંતરરાષ્ટ્રીય કારકિર્દી 12 વર્ષની મોર્ને મોર્કેલ 2006 થી 2018 વચ્ચે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યો છે. આ સમયગાળા દરમિયાન, તેણે 86 ટેસ્ટ, 117 ODI અને 44 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. મોર્કેલ પાકિસ્તાન ક્રિકેટ ટીમનો બોલિંગ કોચ રહી ચૂક્યો છે. વર્લ્ડ કપ 2023માં નિરાશાજનક પ્રદર્શન બાદ તેણે પાકિસ્તાન ટીમના બોલિંગ કોચ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. મોર્કેલ ગયા વર્ષે જૂનમાં છ મહિનાના કોન્ટ્રાક્ટ પર પાકિસ્તાની ટીમ સાથે જોડાયો હતો.

## VVS લક્ષ્મણ NCAના પ્રમુખ રહેશે:એક વર્ષ માટે કાર્યકાળ લંબાવાયો, IPL કોચની ઓફર નકારી




(એજન્સી) નવી દિલ્હી તા 16

પૂર્વ ભારતીય બેટર વીવીએસ લક્ષ્મણ નેશનલ ક્રિકેટ એકેડમીના વડા તરીકે યથાવત રહેશે. તેમનો કાર્યકાળ એક વર્ષ માટે લંબાવવામાં આવશે. લક્ષ્મણનો ત્રણ વર્ષનો કોન્ટ્રાક્ટ આવતા મહિને સપ્ટેમ્બરમાં પૂરો થાય છે. અગાઉ એવું કહેવામાં આવી રહ્યું હતું કે તેઓ આગામી વર્ષની IPL સિઝન માટે ફ્રેન્ચાઈઝીનો મુખ્ય કોચ બની શકે છે. આ તમામ શક્યતાઓને ફગાવીને લક્ષ્મણે NCA ચીફ તરીકેનો કાર્યકાળ લંબાવવાનો પ્રસ્તાવ સ્વીકારી લીધો છે. તેમની સાથે તેમના સાથીદારો સિતાંશુ કોટક, સાઈરાજ બહુતુલે અને હૃષિકેશ કાનિટકરનો કાર્યકાળ પણ લંબાવવામાં આવશે. સૌરવ ગાંગુલી BCCIના અધ્યક્ષ હતા, ત્યારે તેમણે લક્ષ્મણને વર્ષ 2021માં NCAની કમા સોંપી હતી. NCA નવા કેમ્પસમાં શિફ્ટ થશે નેશનલ ક્રિકેટ એકેડમી હવે નવા કેમ્પસમાં શિફ્ટ થશે. અગાઉ તે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં યોજવામાં આવી હતી. આ અત્યાધુનિક NCA સંકુલમાં ઓછામાં ઓછી 100 પિચ હશે, જેમાં 45 ઈન્ડોર પિચનો સમાવેશ થાય છે. આ સુવિધામાં ત્રણ આંતરરાષ્ટ્રીય કદના મેદાનો, એક આધુનિક રિહેબ સેન્ટર, રહેવાની સગવડો અને ઓલિમ્પિક કદના પૂલનો સમાવેશ થાય છે. નેશનલ ક્રિકેટ એકેડમીમાં આ તમામ કામ અંતિમ તબક્કામાં છે. આગામી વર્ષની શરૂઆતથી જ ખેલાડીઓને આ તમામ સુવિધાઓ મળવાનીશક્યતા છે. લક્ષ્મણ પહેલાં રાહુલ દ્રવિડ પાસે NCAની જવાબદારી હતી. વર્ષ 2021માં દ્રવિડને ટીમ ઈન્ડિયાનો હેડ કોચ બનાવવામાં આવ્યા બાદ NCAની જવાબદારી લક્ષ્મણને સોંપવામાં આવી હતી. NCAમાં તેમના પ્રથમ ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન, લક્ષ્મણે ઈન્જરી મેનેજમેન્ટ, ખેલાડીઓના રિહેબ, કોચિંગ કાર્યક્રમો અને સિનિયર ટીમ-જુનિયર ટીમ સાથે મહિલા ક્રિકેટ માટે એક મહાન રોડમેપ તૈયાર કર્યો છે. એક વર્ષ માટે લંબાવવામાં આવશે. લક્ષ્મણનો ત્રણ વર્ષનો કોન્ટ્રાક્ટ આવતા મહિને સપ્ટેમ્બરમાં પૂરો થાય છે. અગાઉ એવું કહેવામાં આવી રહ્યું હતું કે તેઓ આગામી વર્ષની IPL સિઝન માટે ફ્રેન્ચાઈઝીનો મુખ્ય કોચ બની શકે છે. આ તમામ શક્યતાઓને ફગાવીને લંબાવવાનો પ્રસ્તાવ સ્વીકારી લીધો સિતાંશુ કોટક, સાઈરાજ બહુતુલે અને હૃષિકેશ કાનિટકરનો કાર્યકાળ પણ લંબાવવામાં આવશે.

## BCCI સેક્રેટરી ડે નાઈટ ટેસ્ટના પક્ષમાં નથી:જય શાહ

મુંબઈ તા 16

જય શાહે મુંબઈમાં ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની ઓફિસમાં આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું, 'પિંક બોલ ટેસ્ટને આગામી સિઝનમાં સ્થાન મળ્યું નથી. ભારતમાં પિંક બોલ ટેસ્ટ 2 દિવસમાં સમાપ્ત થાય છે. આવી સ્થિતિમાં દર્શકો અને બ્રોડકાસ્ટર્સને આર્થિક નુકસાન થાય છે. એક ચાહક તરીકે, તમે 5 દિવસની મેચ માટે ટિકિટ ખરીદો છો અને જો મેચ 2-3 દિવસમાં સમાપ્ત થાય છે, તો તમે બાકીના દિવસોની ટિકિટોનું શું કરશો? ત્યાં કોઈ રિફંડ મળશે નહીં, તેથી હું તેને સહેજ ભાવનાત્મક દ્રષ્ટિકોણથી જોઉં છું.' ભારતે અત્યાર સુધી ચાર ડે-નાઈટ ટેસ્ટ



રમી, જે ત્રણ દિવસમાં સમાપ્ત થઈ ગઈ

ભારત અત્યાર સુધી ચાર ડે-નાઈટ ટેસ્ટ મેચ રમી ચુક્યું છે. જેમાં ત્રણ મેચ હોમ ગ્રાઉન્ડ પર અને એક મેચ વિદેશમાં રમાઈ છે. તમામ મેચ ત્રણ દિવસથી ઓછા સમયમાં સમાપ્ત થઈ ગઈ હતી. ભારતે 2019માં કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે બાંગ્લાદેશ સામે પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ મેચ રમી હતી. આ મેચ ત્રણ દિવસમાં પૂરી થઈ ગઈ હતી. ભારતમાં મહિલા T20 વર્લ્ડ કપના પ્રસ્તાવને પણ ફગાવી દેવામાં આવ્યો હતો જય શાહે કહ્યું કે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ઓક્ટોબરમાં ભારતમાં મહિલા T-20 વર્લ્ડ કપ યોજવાના પ્રસ્તાવને ફગાવી દીધો છે. હકીકતમાં, મહિલા T20 વર્લ્ડ કપ બાંગ્લાદેશમાં 3 ઓક્ટોબરથી 20 ઓક્ટોબર સુધી રમાવાનો છે. બાંગ્લાદેશમાં અત્યારે રાજકીય અસ્થિરતા છે. આવી સ્થિતિમાં બાંગ્લાદેશમાં યોજાનાર મહિલા T20 વર્લ્ડ કપને લઈને સંકટના વાદળો ઘેરાઈ રહ્યા છે.

## ભારત-શ્રીલંકા પ્રથમ વન-ડેમાં સુપર ઓવર થવાની હતી

શ્રીલંકા તા 16

ભારત અને શ્રીલંકા વચ્ચે 2 થી 7 ઓગસ્ટ વચ્ચે રમાયેલી ત્રણ મેચની ODI શ્રેણીની પ્રથમ મેચમાં અમ્પાયરોએ સુપર ઓવર ન કરાવવામાં પોતાની ભૂલ સ્વીકારી લીધી છે. આ મેચ ટાઈ રહી હતી. ESPN ક્રિકઈન્ફો અનુસાર, ફિલ્ડ અમ્પાયર જોએલ વિલ્સન અને રવીન્દ્ર વિમલાસિરી, તેમજ રેફરી રંજન મદુગલે, ટીવી અમ્પાયર પોલ રાઈફલ અને ચોથા અમ્પાયર રુચિરા પલ્લિયાગુરુગેએ આંતરિક રીતે સ્વીકાર્યું છે કે ODI મેચ ટાઈ થવા પર સુપર ઓવર કરાવવાનો ICCનો નિયમ હતો. આ અંગે થોડી મૂંઝવણ. તેમને સમજવામાં ભૂલ હતી. ICCના રમવાના નિયમોમાં જણાવવામાં આવ્યું હતું કે ટાઈના કિસ્સામાં, ટીમ પરિણામ મેળવવા માટે સુપર ઓવર રમશે. આ પ્રવાસ માટે શ્રીલંકા બોર્ડ અને BCCI વચ્ચેના કરારમાં સુપર ઓવરની પરવાનગી આપવામાં આવી હતી કે કેમ તે અંગે અમ્પાયરો સમાપ્ત થતી તમામ ODI મેચમાં સમય અને સંજોગો અનુસાર સુપર ઓવર રમાશે.

## બેટર કોનવે, એલને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ છોડી દીધો હતો

(એજન્સી) ન્યૂઝીલેન્ડ તા 16

ન્યૂઝીલેન્ડના બેટર ડેવોન કોનવે અને ફિન એલને ન્યૂઝીલેન્ડના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ છોડી દીધા છે. ગયા મહિને તેમને ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે જાહેર કરેલા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની યાદીમાં સામેલ કર્યા હતા. આ બંને ખેલાડીઓએ ફ્રેન્ચાઈઝી ક્રિકેટને પ્રાધાન્ય આપવા માટે ન્યૂઝીલેન્ડ ક્રિકેટનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ છોડી દીધો છે. હવે આ બંનેના સ્થાને અન્ય કોઈ ખેલાડીને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સામેલ કરવામાં આવશે. કોનવેએ કેન વિલિયમસન જેવા જ કેઝ્યુઅલ એગ્રીમેન્ટ પર સાઈન કરી છે અને તે જાન્યુઆરીમાં શ્રીલંકાની વ્હાઈટ બોલની મેચ સિવાય તમામ આંતરરાષ્ટ્રીય મેચ માટે ઉપલબ્ધ રહેશે. તે જાન્યુઆરીમાં દક્ષિણ આફ્રિકા T20માં રમશે. તે SA20 માં જોબર્ગ સુપર કિંગ્સ માટે રમતા જોઈ શકાય છે. કોનવે દક્ષિણ આફ્રિકાનો રહેવાસી છે. 2017માં દેશ છોડીને ન્યૂઝીલેન્ડ શિફ્ટ થયો. ફિન એલનને ન્યૂઝીલેન્ડ ક્રિકેટે કેઝ્યુઅલ એગ્રીમેન્ટ ઓફર કરી નથી. જો કે, તે લીગ મેચ નહીં રમીને આંતરરાષ્ટ્રીય મેચ માટે પસંદગી માટે ઉપલબ્ધ રહેશે. ડેવોન કોનવે અને ફિન એલન પહેલા અન્ય ચાર ખેલાડીઓએ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ છોડી દીધો છે. જેમાં ટ્રેન્ટ બોલ્ટ, લોકી ફર્ગ્યુસન, કેન વિલિયમસન અને એડમ મિલ્નેનો સમાવેશ થાય છે. કોનવેને આવતા મહિને અફઘાનિસ્તાન અને શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી માટે ટીમમાં સામેલ કર્યો છે. તે ન્યૂઝીલેન્ડની આગામી 9 ટેસ્ટ મેચ માટે ઉપલબ્ધ રહેશે. તે ફેબ્રુઆરીમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા વોર્મ-અપ મેચોમાં રમવા માટે રાજી થઈ ગયો છે. તે ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાકિસ્તાનમાં ત્રણ મેચની વન-ડે શ્રેણીમાં પણ રમશે.

## ભારતે મહિલા T20 વર્લ્ડ કપ યોજવાની ચોખ્ખી ના પાડી દીધી

બાંગ્લાદેશ તા 16

બાંગ્લાદેશ હાલ ભડકે બળી રહ્યું છે. ત્યાંના વડાપ્રધાન શેખ હસીનાને ભાગવું પડ્યું હતું. હાલ ત્યાં વચગાળાની સરકાર છે. બાંગ્લાદેશમાં આવી પરિસ્થિતિ ઊભી થતા હાલ તેઓ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. ત્યાંના સ્થાનિકોને પણ આવા સમયમાંથી પસાર થવું પડ્યું છે. આની અસર તેમને હવે જોવા મળી શકે છે. કારણ કે ઓક્ટોબરમાં મહિલા T20 વર્લ્ડ કપનું આયોજન બાંગ્લાદેશમાં છે. 27 સપ્ટેમ્બરથી વોર્મઅપ મેચ પણ રમાવવાના ચાલુ થઈ જશે. 3 ઓક્ટોબરથી 20 ઓક્ટોબર સુધી આ ટુર્નામેન્ટ રમાશે. હવે આવી આકરી પરિસ્થિતિ વચ્ચે બાંગ્લાદેશ મહિલા T20 વર્લ્ડ કપની યજમાની ગુમાવવાના જોખમમાં છે. હોસ્ટિંગ લાદ્યા છે. ઓસ્ટ્રેલિયા, બ્રિટન, ભારત અને ન્યૂઝીલેન્ડની સરકારોએ બાંગ્લાદેશની મુસાફરી પર નિયંત્રણો લાદ્યા છે.




**ICCએ શું કહ્યું? :** ન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ શનિવારે ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહેલા બોર્ડને જણાવ્યું કે તે બાંગ્લાદેશની સ્થિતિ પર હજુ પણ નજર રાખી રહ્યું છે. તે ટુર્નામેન્ટને અન્યત્ર શિફ્ટ કરવા સહિતના તમામ વિકલ્પો પર વિચાર કરશે. ESPN cricinfo પ્રમાણે BCB (બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ) પ્રવાસ પ્રતિબંધોને ટુર્નામેન્ટની યજમાનીમાં સૌથી મોટી અડચણ માને છે. અન્ય દેશોની સરકારો મુસાફરી પ્રતિબંધો અંગે નિર્ણય લઈ શકે છે. ક્રિકેટ બોર્ડ આમાં કંઈ કરી શકે તેમ નથી.

**આસિફ મહમૂદે શું કહ્યું? :** આસિફ મહમૂદે કહ્યું, 'કેટલાક દેશોએ મુસાફરી પર પ્રતિબંધ લગાવ્યો છે અને તેથી અમે સંયુક્ત રાષ્ટ્ર સાથે વાત કરીશું. સુરક્ષા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતી કેટલીક સમસ્યાઓ છે અને અમે આ સંબંધમાં પ્રોફેસર યુનુસ (બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર) સાથે વાત કરીશું. તેઓ રમતપ્રેમી છે અને આશા છે કે તેઓ આ મામલો ઉકેલી લેશે.

**BCB પણ મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે :** વર્લ્ડ કપને લઈને અનિશ્ચિતતા એવા સમયે આવી છે જ્યારે BCB પણ મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. બોર્ડના અધ્યક્ષ અને પૂર્વ ખેલ મંત્રી નઝમુલ હસન 5 ઑગસ્ટે અવામી લીગ સરકારના પતન બાદથી ગુમ છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રાજકીય જોડાણ ધરાવતા બોર્ડના ઘણા ડિરેક્ટરો પણ મળ્યા નથી.

# PM મોદી પેરિસ ઓલિમ્પિકમાં રમેલા ભારતીય ટીમને મળ્યા








**રેસલર અમન સેહરાવતે જર્સી તો ભારતીય ટીમને હોકી સ્ટીક ભેટમાં આપી**

નવી દિલ્હી તા 16

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે પેરિસ ઓલિમ્પિકમાં ભાગ લઈ ચૂકેલા ભારતીય ખેલાડીઓ સાથે મુલાકાત કરી હતી. લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યા બાદ મોદી હોકી ટીમ સહિત અન્ય રમતોના ખેલાડીઓને મળ્યા હતા. પીએમ મોદી પ્રથમ વખત બ્રોન્ઝ મેડલ જીતનાર ભારતીય હોકી ટીમના ખેલાડીઓને મળ્યા હતા. પછી તેઓ પેરિસ ઓલિમ્પિકમાં 2 બ્રોન્ઝ મેડલ જીતનાર શૂટર મનુ ભાકરને મળ્યા. અહીં મનુ તેમને પિસ્તોલ બતાવતો જોવા મળી હતી. જે બાદ અમન સેહરાવત અને સ્વપ્નિલ કુસાલેને મળતા જોવા મળ્યા હતા. આ પછી બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેન સાથે વાત કરતા જોવા મળે છે. લક્ષ્ય સેન બ્રોન્ઝ મેડલ મેચમાં હારી ગયો હતો. પેરિસ ઓલિમ્પિકમાં કુલ 117 ખેલાડીઓએ ભાગ લીધો હતો. ભારતે કુલ 6 મેડલ જીત્યા જેમાં એક સિલ્વર અને પાંચ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. ફોટા જુઓ એક દિવસ પહેલા 14 ઓગસ્ટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ ખેલાડીઓ સાથે મુલાકાત કરી હતી. રાષ્ટ્રપતિ મુર્મુએ તમામ ખેલાડીઓને રાષ્ટ્રપતિને મળવા માટે રાષ્ટ્રપતિ ભવન બોલાવ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### હિજાબ ન પહેરવા બદલ ઈરાનમાં મહિલાને વિંધી નાખી

ઈરાનમાં હિજાબ ન પહેરવા બદલ એક મહિલાને ગોળી મારવાનો મામલો સામે આવ્યો છે. અહેવાલો અનુસાર, 22 જુલાઈના રોજ પોલીસે હિજાબ ન પહેરવા બદલ મહિલાની કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે તેણે ભગાડીને ભાગવાનો પ્રયાસ કર્યો ત્યારે પોલીસે મહિલા પર ગોળીબાર કર્યો. મહિલાનું નામ અરેજુ બદ્રી છે, જે 31 વર્ષની છે. તે 2 બાળકોની માતા છે. ગોળીથી ઘાયલ મહિલાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હાલમાં તે લકવાગ્રસ્ત છે. બીજી તરફ, પોલીસે કહ્યું કે પેટ્રોલિંગ અધિકારીઓએ મહિલાને વાહન રોકવાનો આદેશ આપ્યો હતો, પરંતુ તેણે તેમ કર્યું ન હતું. જોકે, પોલીસે તેમના નિવેદનમાં હિજાબ ન પહેરવા અંગે કોઈ ઉલ્લેખ કર્યો નથી. ઈરાનમાં સેન્ટર ફોર હ્યુમન રાઈટ્સના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર હાદી ઘેમીએ આ ઘટના વિશે જણાવ્યું હતું કે, ઈરાનમાં હિજાબ ન પહેરવું એ સૌથી ગંભીર અપરાધ બની ગયો છે, જ્યાં પોલીસને ગોળી મારીને મારી નાખવાની છૂટ છે. તે ખરેખર મહિલાઓ વિરુદ્ધ યુદ્ધ જેવું છે.અધિકારીઓએ પહેલા અરેઝુની કારના ટાયર પર ગોળીબાર કર્યો હતો. જ્યારે અરેજુ ગાડી ચલાવી રહી હતી ત્યારે પોલીસે કાર પર ગોળીબાર કર્યો હતો. જેના કારણે ગોળી તેના ફેફસામાં પ્રવેશીએનજીઓના કાર્યકરોનું કહેવું છે કે, પોલીસ મામલાને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. અરેજુને તેહરાનને હોસ્પિટલમાં કડક પોલીસ સુરક્ષા હેઠળ રાખવામાં આવી છે.

### ટ્રમ્પ અને મસ્ક બન્યા માઇકલ જેક્શન!:એવો ડાન્સ કર્યો કે લોકો હસવાનું ન રોકી શક્યા

ઈલોન મસ્ક પોતાનાં નિવેદનો અને કાર્યશૈલીને કારણે ચર્ચામાં રહે છે. હવે મસ્ક એક વીડિયોને કારણે હેડલાઇન્સમાં છે, જે તેણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં ઈલોન મસ્ક અને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બંને માઈકલ જેક્સનની સ્ટાઈલમાં ડાન્સ કરતા જોવા મળે છે. હકીકતમાં આ એક AI જનરેટેડ વીડિયો છે, જેમાં મસ્ક અને ટ્રમ્પ બંને સૂટબૂટ પહેરીને અને આઇકોનિક બી ગીઝના હિટ ગીત 'સ્ટેઇંગ અલાઇવ' પર અદભુત ડાન્સ મૂવ્સ કરતા જોવા મળે છે. આ વીડિયો પર મસ્કના ફેન્સ ફની કોમેન્ટ્સ પણ કરી રહ્યા છે. મસ્કે એક ડાન્સ વીડિયો પોસ્ટ કર્યો આ વીડિયો મસ્કે પોતે પોસ્ટ કર્યો છે. મસ્કે વીડિયો પર એક કેપ્શન પણ લખ્યું છે 'હેટર્સ વિલ સે ધી ઈઝ AI'. મતલબ કે હેટર્સ કહેશે કે આ વીડિયો AIથી જનરેટેટ છે.

આ વીડિયો પોસ્ટ થતાંની સાથે જ ખૂબ વાઈરલ થઈ ગયો હતો. અત્યારસુધીમાં આ વીડિયોને 78.4 મિલિયન એટલે કે 7 કરોડ 84 લાખ વ્યૂઝ મળ્યા હતા. મસ્કના ફેન્સ અને ફોલોઅર્સ પણ આ વીડિયો પર ફની કોમેન્ટ્સ કરી રહ્યા છે. સોફી નામના X યુઝરે પોસ્ટ પર કમેન્ટ કરી, 'આ વાસ્તવિક છે.

### દાવો- સાઉદી પ્રિન્સ ઇઝરાયલ સાથે મિત્રતા કરવામાં ડરે છેઃ તેમને જીવનું જોખમ છે

પ્રિન્સ સલમાન ઈઝરાયલ સાથેની મિત્રતાના જોખમોને જાણે છે, છતાં અમેરિકા અને ઈઝરાયલ સાથે મેગા ડીલ કરવા માંગે છે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને લાગે છે કે તેમનો જીવ જોખમમાં છે. અમેરિકન વેબસાઇટ પોલિટિકોના અનુસાર, તેમણે અમેરિકન અધિકારીઓને કહ્યું કે તેઓ ઈઝરાયલ અને અમેરિકા સાથે ડીલ કરીને પોતાના જીવને જોખમમાં મૂકી રહ્યા છે. તેમણે ઈજિપ્તના રાષ્ટ્રપતિ અનવર સાદતનો પણ ઉલ્લેખ કર્યો હતો. 1978માં ઈઝરાયલ સાથે શાંતિ કરાર કરવા બદલ 1981માં તેમની હત્યા કરવામાં આવી હતી. પ્રિન્સ સલમાને પૂછ્યું કે સાદતની સુરક્ષા માટે અમેરિકાએ શું વ્યવસ્થા કરી હતી? પ્રિન્સ સલમાને અમેરિકન અધિકારીઓને કહ્યું કે જો ઈઝરાયલ સાથે કોઈ શાંતિ સમજૂતી કરવી હોય તો અલગ પેલેસ્ટાઈન દેશ બનાવવો જરૂરી છે. ખાસ કરીને એવા સમયે જ્યારે ગાઝામાં લડાઈને કારણે ઈઝરાયલ વિરુદ્ધ આરબોનો ગુસ્સો વધી ગયો છે. સલમાન જોખમ બાદ પણ ડીલ કરવા માંગે છે.

### તાઈવાનમાં 6.3ની તીવ્રતાનો ભૂકંપ:દિવસમાં બીજી વખત આંચકા અનુભવાયા

તાઈવાનના પૂર્વીય શહેર હુઆલીનથી 34 કિમી (21 માઈલ) દૂર શુક્રવારે (16 ઓગસ્ટ) ના રોજ 6.3 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. હજુ સુધી કોઈ નુકસાનના સમાચાર નથી. ભૂકંપનું કેન્દ્ર જમીનથી 9.7 કિલોમીટર નીચે હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આ ટાપુ પર એક દિવસમાં આ બીજો મોટો ભૂકંપ છે. ગુરુવારે (15 ઓગસ્ટ) ઉત્તરપૂર્વીય તાઈવાનમાં 5.4 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે તાઈપેઈમાં ઈમારતો હચમચી ગઈ હતી, પરંતુ કોઈ મોટું નુકસાન થયું નથી. 3 એપ્રિલે તાઈવાનના હુઆલીનમાં 7.5ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં લગભગ 14 લોકોના મોત થયા હતા. તેનું કેન્દ્ર પૃથ્વીથી 34 કિલોમીટર નીચે હતું. આ પછી 22 એપ્રિલે તાઈવાનમાં વધુ એક ભૂકંપ આવ્યો હતો. દેશના પૂર્વ કિનારે સાંજે 5 વાગ્યાથી 12 વાગ્યાની વચ્ચે 80થી વધુ આંચકા અનુભવાયા હતા.

---

### 10 દિવસમાં 82 ગામો છીનવાઈ ગયા, 2 લાખથી વધુ લોકોએ ઘર છોડી દીધું

# રૂસમાં યુક્રેનિસેના 35 કિમી પ્રવેશી, સુદજા પર કબજો

(એજન્સી )રૂસ તા 16

રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ દાવો કર્યો છે કે યુક્રેનએ રશિયન શહેર સુદજા પર કબજો કરી લીધો છે. યુક્રેનની સેના રશિયામાં 35 કિમી ઊંડે સુધી ઘૂસી ગઈ છે.

ઝેલેન્સકીએ ગુરુવારે એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે યુક્રેનિયન મિલિટરી કમાન્ડન્ટનું સેન્ટર હવે સુદજામાં ખુલ્યું છે. તેમણે કહ્યું કે યુક્રેનની સેનાએ છેલ્લા 10 દિવસમાં રશિયાના 82 ગામોને કબજે કર્યા છે. સુદજા યુક્રેનિયન સરહદથી લગભગ 10 કિમી દૂર છે. તેની વસતી લગભગ 5,000 છે. અહીં એક રશિયન ગેસ પાઈપલાઈન સ્ટેશન છે. તેની મદદથી તે યુરોપિયન દેશોને ગેસ સપ્લાય કરે છે. ઝેલેન્સકીએ કહ્યું કે, યુક્રેનિયન મિલિટરી કમાન્ડન્ટ સેન્ટર સુદજામાં ખુલ્યું છે. તેમણે કહ્યું કે, યુક્રેનની સેના દરરોજ 2 થી 3 કિમી રશિયન વિસ્તારમાં આગળ વધી રહી છે. ઝેલેન્સકીએ કહ્યું કે, યુક્રેનિયન મિલિટરી કમાન્ડન્ટ સેન્ટર સુદજામાં ખુલ્યું છે. તેમણે કહ્યું કે, યુક્રેનની સેના દરરોજ 2 થી 3 કિમી રશિયન વિસ્તારમાં આગળ વધી રહી છે. હંગેરી અને સ્લોવાકિયાના ગેસ સપ્લાયને ગાર્ડિયનના જણાવ્યા અનુસાર યુક્રેન દ્વારા સુદજાને પકડવો એ એક મોટી ઘટના છે. રશિયા તેના લગભગ 3% ગેસ સુડઝા માર્ગ દ્વારા યુરોપિયન દેશોમાં આયાત કરે છે.

#### રશિયાના ભૂતપૂર્વ નાયબ વિદેશ પ્રધાન આન્દ્રે ફેડોરોવે રાજ્યના ટેલિવિઝન ટોક શોમાં કહ્યું હતું કે,

સુદજા પર યુક્રેનનું નિયંત્રણ રશિયા કરતાં યુરોપને વધુ નુકસાન પહોંચાડશે. હંગેરી અને સ્લોવાકિયાને ગેસનો પુરવઠો બંધ થઈ જશે. જો કે, તેમણે કહ્યું કે અત્યાર સુધી ગેસના પ્રવાહમાં કોઈ અવરોધ આવ્યો નથી. યુક્રેનના સૈન્ય વડા ઓલેક્ઝાન્ડર સિરસ્કીના જણાવ્યા અનુસાર, યુક્રેને રશિયા પાસેથી 1,150 ચોરસ કિલોમીટરનો વિસ્તાર કબજે કર્યો છે. યુક્રેને 6 ઓગસ્ટે રશિયાના કુર્સ્ક વિસ્તાર પર હુમલો કર્યો હતો. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, બીજા વિશ્વયુદ્ધ બાદ આ પહેલીવાર બન્યું છે કે જ્યારે કોઈ દેશ રશિયાની સરહદમાં ઘૂસણખોરી કરી હોય. આ પહેલા હિટલરે રશિયા પર હુમલો કરીને આટલો મોટો વિસ્તાર કબજે કર્યો હતો.








#### રશિયામાં 2 લાખથી વધુ લોકોએ પોતાનું ઘર છોડી દીધું

યુક્રેનિયન હુમલા બાદ રશિયાએ 8 ઓગસ્ટે કુર્સ્કમાં ઈમરજન્સી જાહેર કરી હતી. આ પછી રશિયાએ 14 ઓગસ્ટે બેલગોરોડમાં ઈમરજન્સી લાદી દીધી હતી. જો કે, રશિયાએ કુર્સ્કની જેમ બેલ્ગોરોડમાં યુદ્ધ સ્વીકાર્યું નથી.રશિયન સમાચાર એજન્સી TASS અનુસાર, બેલગોરોડના કેટલાક વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થાનો પર લઈ જવામાં આવી રહ્યા છે. યારુગા જિલ્લામાંથી 11,000 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. કુર્સ્કને અડીને આવેલા ગુલશાકોવો જિલ્લાને પણ ખાલી કરાવવામાં આવ્યો છે.

#### યુક્રેનના અચાનક હુમલા બાદ 2 લાખથી વધુ રશિયન નાગરિકો પોતાના ઘર છોડીને ભાગી જવાની ફરજ પડી છે.

બીબીસીના જણાવ્યા અનુસાર, યુક્રેનના અચાનક હુમલા બાદ 2 લાખથી વધુ રશિયન નાગરિકો પોતાના ઘર છોડીને ભાગી જવાની ફરજ પડી છે. ઝેલેન્સકીએ ગુરુવારે એક વીડિયો જાહેર કર્યો જેમાં ઘણા રશિયન સૈનિકોને પકડવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે રશિયામાં હજારો યુક્રેનિયનો કેદ છે. અમે રશિયન સૈનિકોના બદલામાં અમારા લોકોને મુક્ત કરીશું. આ પહેલા રશિયાના વાઈસ ચાન્સેલર દિમિત્રી પોલિઆન્સકીએ બુધવારે સંયુક્ત રાષ્ટ્રમાં બોલતા કુર્સ્ક પર યુક્રેનના હુમલાને ગાંડપણ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે રશિયા ટૂંક સમયમાં યુક્રેનિયનોને કુર્સ્કમાંથી હાંકી કાઢશે. પોલિઆન્સકીએ કહ્યું કે કુર્સ્ક એક જંગલી વિસ્તાર છે જ્યાં નિયંત્રણ જાળવી રાખવું તેમના માટે ખૂબ મુશ્કેલ હશે.

---

# ગાઝામાં પેલેસ્ટિનિયનોનો મૃત્યુઆંક 40 હજારે પહોંચ્યો

### ઇઝરાયલ અને હમાસ વચ્ચે 11 મહિનાથી યુદ્ધ ચાલુ છે:18 લાખ લોકો બેઘર

(એજન્સી) ઇઝરાયેલ તા 16

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં માર્યા ગયેલા પેલેસ્ટાઈનોની સંખ્યા 40 હજારને પાર થઈ ગઈ છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે ગુરુવારે 15 ઓગસ્ટે આ માહિતી આપી હતી. ગાઝા પર ઈઝરાયલના હુમલામાં અત્યાર સુધીમાં 90 હજારથી વધુ લોકો ઘાયલ થયા છે. મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં હમાસના આતંકવાદીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મૃત્યુઆંક હજુ વધુ હોઈ શકે છે. કાટમાળ નીચે હજુ પણ અનેક મૃતદેહો દટાયેલા છે. ગાઝામાં 11 મહિનાથી યુદ્ધ ચાલુ ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને લગભગ 11 મહિના વીતી ગયા છે. ગયા વર્ષે 7 ઓક્ટોબરે હમાસના આતંકવાદીઓએ ઈઝરાયલ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં લગભગ 1200 ઈઝરાયલી નાગરિકો માર્યા ગયા હતા. આતંકવાદીઓએ ગાઝામાં લગભગ 250 લોકોને બંધક બનાવ્યા હતા. ઈઝરાયલના જણાવ્યા અનુસાર હજુ પણ 111 લોકો હમાસની કેદમાં છે. જેમાં 39 મૃતદેહો પણ સામેલ છે. બંધકોમાં 15 મહિલાઓ અને 5 વર્ષથી ઓછી ઉંમરના 2 બાળકોનો સમાવેશ થાય છે. 7 ઓક્ટોબરના હુમલા બાદ ઈઝરાયલે હમાસ વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી હતી. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં 329 ઈઝરાયલ સૈનિકો પણ શહીદ થયા છે. ઈઝરાયલની સેનાના જણાવ્યા અનુસાર તેઓ અત્યાર સુધીમાં 15 હજારથી વધુ હમાસના આતંકીઓને ઠાર કરી ચૂક્યા છે. યુદ્ધના કારણે ગાઝામાં લગભગ 18 લાખ લોકોએ પોતાનું ઘર છોડી દીધું છે. ઈઝરાયલ અને દક્ષિણ લેબનોનમાં પણ હજારો લોકોને તેમના ઘર છોડવા પડ્યા હતા. યુદ્ધે ગાઝામાં માનવીય સંકટ સર્જ્યું છે. ઈઝરાયલના હુમલાનો સામનો કરી રહેલા ગાઝાના નાગરિકો સમક્ષ ભૂખમરાની સમસ્યા ઉભી થઈ છે. એક અહેવાલ મુજબ ગાઝાના લગભગ 5 લાખ લોકોને આગામી મહિનામાં ખાદ્ય સંકટનો સામનો કરવો પડશે.



#### ગાઝામાં યુદ્ધવિરામ માટે કતારમાં વાતચીત

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ અને બંધકોની આપ-લે માટે 15 ઓગસ્ટથી કતારમાં વાતચીત શરૂ થઈ છે. આ વાતચીત બે દિવસ સુધી ચાલશે. આ યુદ્ધવિરામ ડીલમાં ઈઝરાયલ ઉપરાંત કતાર, અમેરિકા અને ઈજીપ્તના નેતાઓએ ભાગ લીધો હતો. આ વાતચીતમાં હમાસના કોઈ પ્રતિનિધિએ ભાગ લીધો ન હતો. આ ડીલ માટેના પ્રયાસો બે મહિનાથી વધુ સમયથી ચાલી રહ્યા હતા. ડીલ હેઠળ ગાઝામાં 3 તબક્કામાં યુદ્ધવિરામ લાગુ કરવાની યોજના છે.

---

## ઉત્તર કોરિયાના સરમુખત્યાર નવી મર્સિડીઝ બેન્ઝ સાથે જોવા મળ્યા



ઉત્તર કોરિયા તા 16

ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉન નવી મર્સિડીઝ બેન્ઝ કાર સાથે દેખાયા હતા. તે લક્ઝરી કાર મર્સિડીઝ મેબેક જીએલએસ 600 સાથે જોવા મળ્યો હતો. કિમ જોંગ ઉન ગયા અઠવાડિયે ઉત્તરીય પ્રાંત પ્યોંગયાંગના ઉઇજુ કાઉન્ટીમાં પૂરથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લેવા ટ્રેન દ્વારા પહોંચ્યા હતા. આ દરમિયાન તેની લક્ઝરી કાર પણ ટ્રેનમાં જોવા મળી હતી. જો કે યુનાઈટેડ નેશન્સે ઉત્તર કોરિયા પર વૈભવી સામાનની આયાત અને નિકાસ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ઉત્તર કોરિયાની ન્યૂઝ એજન્સી KCNA દ્વારા કિમની કાર સાથેની તસવીરો જાહેર કરવામાં આવી છે. કિમની નવી કારની કિંમત લગભગ 2 કરોડ રૂપિયા

કિમ જોંગ ઉનની આ નવી કારની કિંમત લગભગ 2 કરોડ રૂપિયા છે. આ કારને આ વર્ષે એપ્રિલમાં દક્ષિણ કોરિયામાં લૉન્ચ કરવામાં આવેલી Mercedes Maybach GLS 600નું ટોપ ક્લાસ મૉડલ હોવાનું કહેવાય છે. કિમને મર્સિડીઝ કાર ખૂબ જ પસંદ છે. સરમુખત્યાર કિમે પોતાની સાથે લક્ઝરી કલેક્શન બનાવ્યું છે. 40 વર્ષીય કિમ રોલ્સ-રોયસ ફેન્ટમ, મર્સિડીઝ-મેબેક એસ600 ગાર્ડ, અમેરિકન બનાવટની 5મી પેઢીના કેડિલેક એસ્કેલેડ અને આર્મર્ડ લેક્સસની માલિકી ધરાવે છે. ઉત્તર કોરિયાની ન્યૂઝ એજન્સી KCNA દ્વારા કિમની તસવીરો જાહેર કરવામાં આવી છે. ઉત્તર કોરિયાની ન્યૂઝ એજન્સી KCNA દ્વારા કિમની તસવીરો જાહેર કરવામાં આવી છે.

રશિયાના રાષ્ટ્રપતિ પુતિને પણ એક કાર ગિફ્ટ કરી હતી કિમ જોંગ ઉને સપ્ટેમ્બર 2023માં રશિયાની મુલાકાત લીધી હતી. અહીં રશિયન રાષ્ટ્રપતિ પુતિને કિમને તેમની લક્ઝરી કાર ઓરસ સેનેટ લિમોઝીનની ટેસ્ટ ડ્રાઈવ આપી હતી. આ પછી પુતિને કિમને આ મોડલની કાર ગિફ્ટ કરી હતી. જે આ વર્ષે ફેબ્રુઆરી 2024માં ઉત્તર કોરિયા પહોંચી હતી. રાષ્ટ્રપતિ પુતિને આ વર્ષે જૂનમાં ઉત્તર કોરિયાની મુલાકાત લીધી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કિમ જોંગ ઉન અને પુતિને ઓરસ સેનેટ લિમોઝીન કારમાં મુસાફરી કરી હતી. અલ જઝીરા અનુસાર, બંને નેતાઓ રાજધાની પ્યોંગયાંગની આસપાસ કારમાં મુસાફરી કરતા જોવા મળ્યા હતા.

---

# બાંગ્લાદેશે USA-રૂસ સહિત 7 દેશના રાજદૂતોને બોલાવ્યા :અગાઉની સરકારમાં થઈ હતી નિમણૂક

ઢાકા તા 16

બાંગ્લાદેશની વચગાળાની સરકારે અમેરિકા, રશિયા, સાઉદી અરેબિયા, જાપાન, જર્મની, યુએઈ અને માલદીવમાં તૈનાત પોતાના રાજદૂતોને પાછા બોલાવવાનો નિર્ણય લીધો છે. તેમની નિમણૂક શેખ હસીનાના કાર્યકાળ દરમિયાન કરવામાં આવી હતી. 8 ઓગસ્ટે વચગાળાની સરકારની રચના બાદ બાંગ્લાદેશમાં મોટા પાયે વહીવટી ફેરબદલ થઈ રહ્યા છે. વિદેશ મંત્રાલયની વેબસાઈટ પર 7 દેશોના રાજદૂતોને પરત બોલાવવા સંબંધિત અલગ-અલગ સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, રાજદૂતો અને ઉચ્ચ કમિશનરોની ઢાકામાં બદલી કરવામાં આવી છે. તેમને તેમની વર્તમાન જવાબદારી છોડીને ઢાકા પરત ફરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કાઉન્સેલર અને સેક્રેટરીને પણ પાછા બોલાવવામાં આવ્યા હતા

હાઈ કમિશનર અને રાજદૂતો ઉપરાંત વોશિંગ્ટનમાં સેક્રેટરી વહીદુઝમાન નૂર અને કાઉન્સેલર અરિફા



રહેમાન રુમા, ઓટ્ટાવા, કેનેડામાં કાઉન્સેલર અપર્ણા રાની પાલ અને કાઉન્સેલર મોબાશ્વીરા ફરઝાના અને ન્યૂયોર્કમાં સેક્રેટરી આસિબ ઉદ્દીન અહેમદની કરાર આધારિત નિમણૂકો રદ કરવામાં આવી છે. આ પાંચેયને 31 ઓગસ્ટ પહેલા દેશમાં બોલાવવામાં આવ્યા છે. હિંસાની તપાસ માટે યુએનની ટીમ ઢાકા પહોંચશે બંગાળી અખબાર ઢાકા ટ્રિબ્યુન અનુસાર સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાતોની એક ટીમ આવતા સપ્તાહે બાંગ્લાદેશની મુલાકાત લેશે. આ ટીમ PM હસીનાના રાજીનામા પહેલા અને પછી થયેલા પ્રદર્શનકારીઓની હત્યાની તપાસ કરશે. એક અધિકારીએ કહ્યું કે, 1971માં બાંગ્લાદેશની આઝાદી બાદ આ પ્રથમ વખત હશે જ્યારે સંયુક્ત રાષ્ટ્રની ટીમ માનવાધિકાર ઉલ્લંઘનની તપાસ માટે પહોંચશે. વચગાળાના સરકારના વડા મોહમ્મદ યુનુસે જણાવ્યું હતું કે, યુએન બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલા અત્યાચારોની તપાસ કરવા માટે આવતા અઠવાડિયે એક તપાસ ટીમ મોકલી રહ્યું છે. વચગાળાના સરકારના વડા મોહમ્મદ યુનુસે જણાવ્યું હતું કે, યુએન બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલા અત્યાચારોની તપાસ કરવા માટે આવતા અઠવાડિયે એક તપાસ ટીમ મોકલી રહ્યું છે. આ પહેલા તૌહીદ ભારતમાં હાજર શેખ હસીના નિવેદન આપશે તો સંબંધો બગડી જશે. બીબીસી અનુસાર, તેમણે કહ્યું કે બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાનનું નિવેદન બાંગ્લાદેશ સરકાર માટે અસ્વસ્થ છે.

---

### જયશંકરે એક મુલાકાત કરીને ચીનના મનસૂબા પર પાણી ફેરવી નાખ્યું, જાણો મુઈઝુ કેમ કૂણા પડ્યા...

# માલદીવ્સમાં ભારતની '28 ટાપુ'વાળી કૂટનીતિ!



(એજન્સી) ચીન તા 16

ચીન તરફના ઝુકાવ માટે જાણીતા મુઈઝુએ રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ ભારત અને માલદીવ્સ વચ્ચે ગયા વર્ષે સંબંધો તંગ બની ગયા હતા. પરંતુ હવે મુઈઝુ ભારત અને પીએમ મોદીનો આભાર માની રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી સંબંધોમાં આવેલી ખટાશ વચ્ચે મુઈઝુ કેમ કૂણા પડ્યા તે હવે ચર્ચાનો વિષય બન્યો છે. કોઈક તેને માલદીવ્સમાં ભારતની '28 ટાપુ'વાળી કૂટનીતિ કહે છે. તો કોઈક કહે છે જયશંકરે માલદીવ્સમાં જઈને એક મુલાકાત કરીને ચીનના મનસૂબા પર પાણી ફરી વળ્યું...તો આવો જાણીએ કે મુઈઝુના બદલાયેલા વલણનું કારણ શું છે? અને ભારતની વિદેશ નીતિ માટે માલદીવ્સ કેમ મહત્વપૂર્ણ છે... તો આવો સૌપ્રથમ એ જાણીએ કે ભારતનો સતત વિરોધ કરતા માલદીવ્સના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુના વલણમાં અચાનક બદલાવ કેમ આવ્યો... માલદીવ્સના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુના વલણમાં અચાનક આવેલા બદલાવનું કારણ છે ત્યાં મોટું રોકાણ અને મહત્વપૂર્ણ પ્રોજેક્ટ. તાજેતરમાં જ માલદીવ્સ પહોંચેલા વિદેશ મંત્રી એસ જયશંકરે ત્યાં સૌથી મોટા જળ અને સ્વચ્છતા પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ભારતે માલદીવ્સમાં સ્વચ્છતા પ્રોજેક્ટ માટે રૂ. 920 કરોડનું રોકાણ કર્યું હતું. ભારતનો આ પ્રોજેક્ટ માલદીવ્સના 28 ટાપુઓ માટે છે. રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ આ મોટી મદદ માટે ભારત અને પીએમ મોદીનો આભાર માન્યો છે. ભારતે આ પ્રોજેક્ટ માટે માલદીવ્સને 11 કરોડ ડોલર એટલે કે 923 કરોડ રૂપિયાની સહાય આપી છે. આ પ્રોજેક્ટ્સથી 28 ટાપુઓ ધરાવતા માલદીવ્સના 28 હજાર લોકોને સીધો ફાયદો થશે. આને માલદીવ્સમાં ભારતની રાજદ્વારી જીત તરીકે જોવામાં આવી રહ્યું છે.માલદીવ્સમાં પીવાના પાણીના આ મોટા પ્રોજેક્ટનું કામ ભારતની મદદથી જ પૂર્ણ થયું છે. આ જ કારણ છે કે હવે માલદીવ્સ ભારતનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી રહ્યું છે. વિદેશ મંત્રી જયશંકરે પણ એ વાત પર ભાર મૂક્યો કે આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી માલદીવ્સ સરકારના વિકાસ લક્ષ્યોને હાંસલ કરવામાં અને ગટર વ્યવસ્થા સ્થાપિત કરવામાં મદદ મળી છે. માલદીવ્સની વિપક્ષી પાર્ટી પણ ચીનની નજીક ગણાતા રાષ્ટ્રપતિ મુઈઝુની ભારત નીતિમાં અચાનક આવેલા બદલાવથી આશ્ચર્યચકિત છે. જો કે તેમણે મુઈઝુ સરકારની નીતિમાં અચાનક આવેલા ફેરફારને આવકાર્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મેક્સિમસે નવા ધોરણો સ્થાપિત કર્યા: 392 મિલિયનની આવક, 71% EBITDA વૃદ્ધિ અને મજબૂત નાણાકીય સ્વાસ્થ્ય!

વડોદરા : કંપનીએ વર્તમાન ત્રિમાસિક ગાળામાં 392 મિલિયન રૂપિયા સુધી પહોંચેલી સંકલિત આવક સાથે નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જે ક્વાંટેટિવ ઈઝિંગ જૂન'23ની સરખામણીમાં 84%નો જંગી ઉછાળો છે અને ક્વાંટેટિવ ઈઝિંગ માર્ચ'24થી 6% વૃદ્ધિ હાંસલ કરે છે. સાતત્યપૂર્ણ અને સ્થિર વૃદ્ધિ દ્વારા બળ મેળવીને કંપનીએ તેનો EBITDA વધારીને 34.5 મિલિયન રૂપિયા કર્યો છે, જે જૂન'23ની સરખામણીમાં અસાધારણ 71% વધારો દર્શાવે છે. આ અસાધારણ વૃદ્ધિ કંપનીના અતૂટ સમર્પણ અને વ્યૂહાત્મક વ્યવસાય કુશળતાને ઉજાગર કરે છે, જેણે તેને છેલ્લા કેટલાક ત્રિમાસિક અને વર્ષોથી મજબૂત EBITDA માર્જિન જાળવી રાખવા માટે સક્ષમ બનાવી છે. EBITDAમાં વધારાએ કરવેરા બાદના નફાને 21.3 મિલિયન રૂપિયા સુધી પહોંચાડ્યો છે, જે જૂન'23થી નોંધપાત્ર 57% વૃદ્ધિ દર્શાવે છે. કંપનીએ તેનો ડેટ-ઈક્વિટી (ડીઇ) રેશિયો અને ઈન્ટરેસ્ટ સર્વિસ કવરેજ રેશિયો જાળવવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જે વર્તમાન ત્રિમાસિકમાં નાણાકીય શક્તિ અને સ્થિરતા દર્શાવે છે. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે પ્રેફરન્શિયલ ધોરણે 17,50,000 ઈક્વિટી શેર્સ અને 85,66,000 વોરંટને ઈક્વિટી શેર્સમાં શેર દીઠ રૂ.20.50ના ભાવે રૂપાંતરિત કરવાની મંજૂરી આપી.

### શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઇન્ફ્રાએ 26.50%નું EBITDA માર્જિન નોંધાવ્યું

મુંબઈ : શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઈન્ફ્રા લિમિટેડ (BSE - 530977), કર્ણાટક રાજ્યમાં સિમેન્ટ અને સોલાર પાવર જનરેશન અને ડિસ્ટ્રિબ્યુશનના ઉત્પાદનમાં સંકળાયેલ કંપનીએ નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં, શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઈન્ફ્રા લિમિટેડના ચેરમેન શ્રી વેંકટેશ કટવાએ જણાવ્યું, "અમને 31.24 કરોડની કુલ આવક પર 26.50%ના મજબૂત EBITDA માર્જિનની જાણ કરવામાં આનંદ થઈ રહ્યો છે. સિમેન્ટથી સૌર ઉર્જા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં અમારૂં વ્યૂહાત્મક પરિવર્તન અમારા માટે નોંધપાત્ર સીમાચિહ્નરૂપ સાબિત થઈ રહ્યું છે. કર્ણાટકના કોપ્પલ જિલ્લાના બિસેરાહલ્લી ખાતે વધારાના 3 મેગાવોટના સોલાર પ્લાન્ટને ચાલુ કરવાની જાહેરાત કરતાં અમે ઉત્સાહિત છીએ, જેનાથી અમારી કુલ સૌર ક્ષમતા 40 મેગાવોટ સુધી થઈ જશે. આ વિસ્તરણ રિન્યૂએબલ એનર્જી નેતૃત્વ તરફની અમારી સફરમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે, જે ટકાઉ વૃદ્ધિ અને લાંબા ગાળાના મૂલ્ય નિર્માણ માટેની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. પેદા થયેલ સૌર ઉર્જાનો ઉપયોગ મુખ્યત્વે પોતાના ઉપયોગ માટે કરવામાં આવશે, જેમાં 35%નો ઉપયોગ આંતરિક રીતે અને 65% અન્ય ક્ષેત્રોમાં આઉટસોર્સ કરાશે.

### કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડે નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટે ₹65.67 કરોડની એકીકૃત કુલ આવક નોંધાવી

રાજકોટ : કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડ (CPL, BSE: 536974), સૂક્ષ્મ સિંચાઈ ઉકેલોના અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર છે અને તે તેની કામગીરીને ઝડપથી વધતા જતા સૌર ઈપીસીમાં વૈવિધ્યીકરણ લાવી છે. કંપનીએ નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટે તેની અનઓડિટેડ નાણાકીય બાબતોની જાણ કરી છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડના હોલ ટાઈમ ડિરેક્ટર શ્રી રિતેશ ખીચડિયાએ જણાવ્યું, અમે નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટેના નાણાકીય અહેવાલની જાણ કરી આનંદ અનુભવી રહ્યાં છીએ. આ ત્રિમાસિક માટે કુલ આવક રૂ.65.67 કરોડ હતી, જે 10.5%નો ઘટાડો હતો. આવકમાં ઘટાડો મુખ્યત્વે માઇક્રો ઈરિગેશન સિસ્ટમ્સ (એમઆઈએસ) સેગમેન્ટને કારણે થયો હતો. સામાન્ય ચૂંટણી દરમિયાન મુખ્ય રાજ્યોમાં નવા વર્ક ઓર્ડરમાં વિરામને કારણે આ ત્રિમાસિકમાં તેની અસર જોવા મળી હતી. અમે બીજા ત્રિમાસિકથી શરૂ થતા માઈક્રો ઈરિગેશન સિસ્ટમ્સ (એમઆઈએસ) સેગમેન્ટમાં પુનઃપ્રાપ્તિની અપેક્ષા ધરાવીએ છીએ, જેમાં આંધ્ર પ્રદેશ નોંધપાત્ર ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે.

# NMDCએ ભારતના 78મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી

(એજન્સી) હૈદરાબાદ । તા. 16

NMDC, દેશની સૌથી મોટી આયર્ન ઓર ઉત્પાદક અને નવરત્ન ખાણકામ કંપનીએ 78માં સ્વતંત્રતા દિવસની ઉજવણી પૂરા ઉત્સાહ સાથે કરી. હૈદરાબાદમાં કંપનીના હેડક્વાર્ટર અને તેના તમામ પ્રોજેક્ટ સાઈટ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. શ્રી અમિતાભ મુખર્જી (CMD, વધારાનો હવાલો, NMDC) એ હૈદરાબાદમાં NMDCની કોર્પોરેટ ઓફિસમાં ત્રિરંગો ફરકાવ્યો. આ પ્રસંગે શ્રી વિનય કુમાર, નિયામક (ટેકનિકલ) અને (કર્મચારી)-અતિરિક્ત ચાર્જ; શ્રી બી. વિશ્વનાથ, મુખ્ય તકેદારી અધિકારી શ્રી જૈલાબુદ્દીન, મુખ્યાલયના સૌથી વરિષ્ઠ કર્મચારીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. હેડક્વાર્ટર, હૈદરાબાદ ખાતે સભાને સંબોધતા શ્રી મુખર્જીએ કહ્યું, "NMDC માટે સેવા પૂરી પાડવાની અને રાષ્ટ્રની



મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરવાની જવાબદારી નિભાવવી એ ગર્વની વાત છે, જે ભારતની પ્રગતિ પ્રત્યેના અમારા સંકલ્પનું પ્રતિબિંબ છે. પ્રતિબદ્ધતા દર્શાવે છે. અમારા સંકલ્પનું પરિણામ છે કે NMDC 45 મિલિયન ટનનો આંકડો પાર કરનારી દેશની પ્રથમ કંપની બની છે. આ નિર્ધાર સાથે, અમે છેલ્લા છ દાયકામાં જે હાંસલ કર્યું છે તે આગામી પાંચ વર્ષમાં હાંસલ કરવા માટે તૈયાર છીએ, અમારું ઉત્પાદન 50 મિલિયન ટનથી વધારીને 100 મિલિયન ટન સુધી લઈ જઈએ છીએ. પ્રથમ ક્વાર્ટરમાં અમારા મજબૂત નાણાકીય પરિણામો અને સિદ્ધિઓ, જેમાં 1 મિલિયન ટન લિક્વિડ સ્ટીલ અને NMDC સ્ટીલ પ્લાન્ટ્સમાં 1.5 મિલિયન ટન હોટ મેટલ ઉત્પાદનનો સમાવેશ થાય છે, તે અમે ભારત માટે બનાવેલા આધુનિક ચમત્કારનો પુરાવો છે. NMDC જવાબદાર ખાણકામ અને ટકાઉપણું માટે સમર્પિત છે."

## સ્ટ્રિંગ મેટાવર્સ લિમિટેડે નાણાકીય વર્ષ 2025ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નફો નોંધાવ્યો

મુંબઈ : સ્ટ્રિંગ મેટાવર્સ લિમિટેડ નાણાકીય વર્ષ 2025 ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે 50.02 કરોડની એકીકૃત આવક અને 5.38 કરોડની PAT સાથે મજબૂત મજબૂત નાણાકીય પરિણામોની જાણ કરે છે Insolvency and Bankruptcy Code (IBC) ની વ્યવસ્થાની યોજના હેઠળ માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ દ્વારા મંજૂર કરવામાં આવેલ બાયો ગ્રીન પેપર્સ લિમિટેડ સાથેના મર્જરને પગલે String Metaverse LTD, માટે મજબૂત નાણાકીય પરિણામોની જાણ કરી છે. નાણાકીય વર્ષ 2025 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં. કંપનીએ 50.02 કરોડની એકીકૃત આવક અને 5.38 કરોડનો કર પછીનો નફો (PAT) હાંસલ કર્યો. Spacenet Enterprises LTD અને 63 Moons Technologies Ltd દ્વારા સમર્થિત સબસિડિયરી 3.0 VERSE લિ. રોકાણ, સ્ટ્રિંગ મેટાવર્સ એ બીએસઈ મુખ્ય બોર્ડ પર ટ્રેડિંગ શરૂ કરનાર પ્રથમ વેબ 3.0 એન્ટરપ્રાઈઝ હશે.

## ધ્રાગંધ્રાના શિક્ષિકા લાતિકા માલી TGT અંગ્રેજી બે વિદ્યાર્થીઓ સાથે દિલ્હીમાં આયોજિત સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લીધો

(એજન્સી) સુરેન્દ્રનગર । તા. 16

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાગંધ્રા જવાહર નવોદય વિદ્યાલયના TGT અંગ્રેજી શિક્ષક લતિકા માલી અને બે વિદ્યાર્થીઓએ સ્વતંત્રતા દિવસના કાર્યક્રમના ભાગરૂપે નવી દિલ્હીમાં આયોજિત 78મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. સુરેન્દ્રનગર જિલ્લાની ધ્રાગંધ્રા જવાહર નવોદય વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ)ની TGTના અંગ્રેજી શિક્ષક લતિકા માલી, વિદ્યાર્થીની કુમારી જાનવી અને મૂળી, સરકારી શાળાના વિદ્યાર્થી મહેન્દ્ર મોરીને સ્વતંત્રતા દિવસના ધ્વજવંદનના ભાગરૂપે આમંત્રણ આપવામાં આવ્યું હતું. ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે 15 ઓગસ્ટે નવી દિલ્હીમાં સ્વતંત્રતા



દિવસની ઉજવણીમાં ભાગરૂપે 11મી વખત લાલ કિલ્લા પરથી સંબોધન કરવામાં આવ્યું હતું. સ્વતંત્રતા દિવસના ધ્વજવંદન કાર્યક્રમનું આમંત્રણ મળતા સુરેન્દ્રનગર સહિત સમગ્ર વિસ્તારમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. સુરેન્દ્રનગર જિલ્લાની ધ્રાગંધ્રા જવાહર નવોદય વિદ્યાલયની TGT અંગ્રેજી શિક્ષિકા લતિકા માલી, કુમારી જાનવી અને મહેન્દ્ર કોરી, બંને વિદ્યાર્થીઓ ગયા જાન્યુઆરીમાં ગુજરાતના વડનગરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જ્યાં નાનપણમાં શળામાં અભ્યાસ કર્યો હતો તે શાળામાં રોકાયા હતા. TGT અંગ્રેજી શિક્ષક લતિકા માલી અને બે વિદ્યાર્થીઓ એ શાળામાં પાંચ દિવસ સુધી અભ્યાસ કર્યો જ્યાં ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ નાનપણમાં પોતાનો અભ્યાસ જે શળામાં કર્યો હતો.

## બગસરામાં 17 મી ઓગસ્ટના રોજ મેડિકલ સેવા બંધ રાખવા અંગે મામલદારને મેડિકલ એસોશિયેશન દ્વારા આવેદનપત્ર આપવામા આવ્યું



અશોક મણવર અમરેલી

અમરેલીના બગસરા શહેરમાં મેડિકલ એસોસિયેશન દ્વારા મામલદારશ્રીને આવેદનપત્ર આપ્યું કલકત્તામાં મહિલા તબીબ ઉપર થયેલ દુષ્કર્મ અને હત્યાના પ્રત્યાઘાતો અમરેલીના બગસરા શહેરમાં પડ્યા તબીબોએ રોષ ભેર આપ્યું આવેદનપત્ર આ સાથે જૂનાગઢ શહેરમાં તબીબ પર થયેલ જીવલેણ હુમલાના વિરોધમાં આવેદનપત્ર આપીને આરોપીને પકડીને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગ કરી તેમજ બગસરા શહેરમાં તમામ તબીબોએ 17 મી ઓગસ્ટના રોજ તમામ તબીબી સેવાઓ બંધ રાખવામાં આવશે તેવું જણાવ્યું જેમા ભવિષ્યમાં આવા કોઈ બનાવો ડોકટરો ઉપર કે તેના સ્ટાફ ઉપર ના બને તેના માટે ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનની સૂચના મુજબ બગસરા મેડિકલ એસોસિયેશન દ્વારા બગસરા મામલતદારશ્રીને આવેદનપત્ર આપવામાં આવેલ.

## જાફરાબાદ તાલુકાના મોટા લોઠપુર ગામે તાલુકા કક્ષાએ સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી



કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના મોટા લોઠપુર ની શ્રી અક્ષર પ્રા. શાળાના પ્રાંગણમાં દેશની આન બાન શાન ગણાતા ત્રિરંગો લહેરાવી સ્વાતંત્ર્ય દિન ની ઉજવણી અને ધ્વજવંદન જાફરાબાદ I/C મામલતદાર શ્રી કે.જે. ભટ્ટ સાહેબના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યો હતો જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ભાચકન સાહેબ દ્વારા પરેડ દ્વારા રાષ્ટ્રીય ધ્વજને સલામી આપવામાં આવી હતી અને આ કાર્યક્રમમાં મોટા લોઠપુર પ્રા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા જુદી જુદી કૃતિઓ રાષ્ટ્રીય ગીતો રંગબેરંગી પહેરવેશ ધારણ કરી ને રજુ કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં વિધાર્થીઓ ને પ્રોત્સાહિત કરવા માટે પ્રોત્સાહિત ઈનામો આપ્યાં હતાં.

## મેઘમલ્હાર પર્વનાં આયોજીત કાર્યક્રમોમાં સ્થાનિક કલાકારોની બાદબાકી કરાતા સાંસદ ધવલભાઈ પટેલે આયોજકોને આડેહાથ લીધા

સુશીલ પવાર : ડાંગ

ગિરિમથક સાપુતારા ખાતે રાજ્યનાં પ્રવાસન વિભાગનાં નેજા હેઠળ સતત એક મહિનો ચાલનારા મેઘ મલ્હાર મોન્સૂન ફેસ્ટિવલમાં સાંસ્કૃતિક કાર્યક્રમોને બદલે વેસ્ટર્ન સંગીત પીરસતા ડાંગ વલસાડનાં યુવા સાંસદ ધવલભાઈ પટેલે આયોજકોને આડેહાથ લેતા ફફડાટ ફેલાયો છે.. સાપુતારા 16-08-2024 મળતી માહિતી મુજબ રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે



ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજીત મેઘમલ્હાર પર્વ એટલે મોન્સૂન ફેસ્ટિવલમાં કરોડોનું આંધણ કરાયા બાદ પણ ઢંગ અને ધડ વગરનાં કાર્યક્રમો યોજાતા સરકારનાં કરોડો રૂપિયા એળે ગયાનું પ્રતીત થવા પામ્યુ છે.સાપુતારા ખાતે પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત મેઘ મલ્હાર મોન્સૂન ફેસ્ટિવલ પ્રારંભથી જ ચીલાચાલુ કાર્યક્રમોને પગલે વિવાદમાં જોવા મળ્યો છે.

## મહીસાગર જિલ્લા કક્ષાનો સ્વાતંત્રપર્વની ઉજવણી શ્રી કેએમ દોશી હાઇસ્કુલ બાકોર-પાંડરવાડા ખાતે કરાઈ

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહીસાગર જિલ્લા કક્ષાના ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી ખાનપુર તાલુકાના શ્રી કે. એમ દોશી હાઈસ્કુલ બાકોર-પાંડરવાડા ખાતે કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીએ રાષ્ટ્ર ધ્વજ લહેરાવી સલામી આપી હતી. અને ભારતને મહામૂલી આઝાદી અપાવનાર સર્વે નામી-અનામિ શહીદવીરોને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારીએ જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ભારતની આન, બાન અને શાન સમાન આ ત્રિરંગાને લહેરાવીને હું




ધન્ય,તા અનુભવું છું. રાષ્ટ્રને કાજ બલિદાન આપનારા ક્રાંતિવીરો, સ્વાતંત્ર્યવીરો અને શહીદો કે જેમને મન માતૃભૂમિની સ્વતંત્રતા એ જ એક માત્ર જીવન લક્ષ્યં હતું તે તમામને મારા નત મસ્તક વંદન છે. આઝાદીની ચળવણમાં ભાગીદારી નોંધાવનાર - દેશને કાજ જીવન સમર્પિત કરનાર તમામને યાદ કરવાના આ પર્વને ઉજવવાનો મોકો મળતા મારી જાતને ધન્યવાન ગણું છે.

## દાહોદ જિલ્લાની તમામ તાલુકા ગ્રામ પંચાયત કચેરી ખાતે વિવિધ વિભાગના હેલ્પલાઈન નંબરની માહિતી આપતી યાદી પ્રસિદ્ધ કરાઈ

દિપક રાવલ, દાહોદ : દાહોદ જિલ્લામાં તમામ વિભાગની સેવા ગ્રામ્ય વિસ્તારો સુધી પણ પહોંચે તેમજ જે - તે વિભાગીય સેવાનો લોકો લાભ મેળવી શકે તે શુભ હેતુથી દાહોદ જિલ્લાની તમામ ગ્રામ પંચાયત કચેરી ખાતે ગુજરાત સરકારના વિવિધ લોકોપયોગી ટોલ ફ્રી હેલ્પલાઈન નંબરની માહિતી પ્રસિદ્ધ કરવાની પહેલ કરવામાં આવી છે. જેમાં પાણી પુરવઠા સેવાનો ટોલ ફ્રી નંબર ૧૯૧૬, વીજળી પુરવઠા સેવા ટોલ ફ્રી નંબર ૧૯૧૨૪, ફાયર બ્રિગેડ સેવા ટોલ ફ્રી નંબર ૧૦૧, આરોગ્ય સેવા ટોલ ફ્રી નંબર ૧૦૮, પોલીસ સેવા ટોલ ફ્રી નંબર ૧૦૦, સાયબર ક્રાઈમ સેવા ટોલ ફ્રી નંબર ૧૯૩૦, આરોગ્ય એમ્બ્યુલન્સ સેવા ટોલ ફ્રી નંબર ૧૦૩, લાંચ રીશ્વત સેવા ટોલ ફ્રી નંબર ૧૦૩૧, ચાઈલ્ડ હેલ્પ લાઈન નંબર ૧૦૯૮ તેમજ ડિઝાસ્ટર નંબર ૧૦૭૭ પર નાગરિકોએ કોલ કરી જે - તે સંબંધિત વિભાગની સેવા પ્રાપ્ત કરી શકશે.


### ઉત્તર મધ્ય રેલવે

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેના માટે, ડિવિઝનલ રેલ્વે મેનેજર/વર્કસ/ઝાંસીએ નીચેના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરિંગ દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કર્યા છે.

| ઈ-ટેન્ડર સૂચના નંબર | અંદાજીત ખર્ચ | અનામત રકમ |
|---|---|---|
| ઝાંસી-ઈન્જી-ઈ-2024-165 | 163449054.94 | 967300.00 |

**કામનું નામ :-** ખૈરાર -ભીમસેન વિભાગ - ADEN/બાંદાના અધિકારક્ષેત્ર હેઠળ એલસી નંબર S52, S53 અને S62 ના બદલે ઓબીએફ લિમિટેડ હાઈટ સબવેનું બાંધકામ.

**ટેન્ડર બંધ થવાની તારીખ :-** 09-09-2024 એ 15:00 કલાક . **સ્વીકૃતિ પત્ર મળ્યા થી કાર્ય પૂર્ણ વતાનો /અવધિ તારીખ :-** 16 મહિના • ટેન્ડર તારીખ 09-09-2024 એ 15:00 કલાક સુધી ઓનલાઈન જમા કરાવી શકાશે • પૂર્ણ માહિતી તેમજ ટેન્ડર પ્રસ્તુતિ માટે ભારતીય રેલ્વેના વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ 1461/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR



### ઉત્તર મધ્ય રેલવે

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ નંબર :- JHS-DY-CEE-C-T-02-2024 તારીખ :- 13-08-2024

**ઈ-ટેન્ડર સૂચના**

ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ), ઉત્તર મધ્ય રેલ્વે, ઝાંસી ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નીચેના કામ માટે પેકેટ સિસ્ટમ પર ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર **03-09-2024 ના રોજ 15:00 કલાક** સુધી વેબસાઈટ **http://www.ireps.gov.in** પર ઑનલાઈન સબમિટ કરી શકાય છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

**ટેન્ડર નંબર :-** ઈ-ટેન્ડર નોટિસ નંબર :- JHS-DY-CEE-C-T-06-R-2023

**કામનું નામ:-** એનસી રેલ્વેના ઝાંસી ડિવિઝનમાં લલિતપુર-બીડબલ્યુ બિરારી અને દેલવાયા-બિરારી કોર્ડ લાઇનના બમણા સંબંધમાં 25KV, 50 Hz, AC વર્તમાન/નવી એસપી/એસએસપી/ટીએસએસમાં ફેરફાર/ડિઝાઈન, નિર્માણ, SSP/SP/TSS ઈમારતોનું પરીક્ષણ અને કમિશનિંગ અને ઈલેક્ટ્રિફિકેશન.

**અંદાજીત ખર્ચ :-** રૂ: 60157546/-, **બાના રકમ :-** રૂ: 450800/- **કાર્ય પૂર્ણ કરવાની અવધિ :-** 12 મહિના લણણી અને ચોમાસાના સમયગાળા સાથે **ટેન્ડર ખુલવાની તારીખ :-** 03-09-2024 , **માન્યતા અવધિ :-** 60 દિવસ

નોંધ:- સંપૂર્ણ વિગતો અને ટેન્ડર સબમિશન માટે, કૃપા કરીને ભારતીય રેલ્વેની વેબસાઈટ **https://www.ireps.gov.in** ની મુલાકાત લો. 1458/24 (A)

North central railways | www.ncr.indianrailways.gov.in | @CPRONCR



### ઉત્તર મધ્ય રેલવે

ટેન્ડર નોટિસ નંબર :- 6920242025 તારીખ :- 09-08-2024

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ

ડિવિઝનલ રેલ્વે મેનેજર/એન્જિનિયરિંગ/નોર્થ સેન્ટ્રલ રેલ્વે પ્રયાગરાજ 04-09-2024ના રોજ 13:30 કલાક સુધીમાં નીચેના સુનિશ્ચિત કામો માટે ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નિયત ફોર્મ પર ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. કામની વિગતો નીચે મુજબ છે.

**સીરીયલ નંબર 1, ટેન્ડર નંબર:-** 161, **કામનું વર્ણન:-** વરિષ્ઠ ડિવિઝનલ એન્જિનિયર/III પ્રયાગરાજ હેઠળ રૂરા-ટુંડલા વિભાગમાં રેલ નવીકરણ પ્રાથમિક (TR-P) અને ફિટિંગ નવીકરણ (TFR) દ્વારા કાર્ય.

| | |
|---|---|
| અંદાજીત કિંમત (રૂ) :- 2,4672,953.22 | બાના રકમ (રૂ) :- 273400.00 |
| કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :- 08 મહિના | ટેન્ડર ખુલવાની તારીખ :- 04-09-2024 |
| સમાન કાર્ય માટે પાત્રતા માપદંડ:- કોઈ પણ પી વે કાર્ય | |

**નોંધ:-** 1. ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજ સાથેની સંપૂર્ણ માહિતી સંપૂર્ણ માહિતી વેબસાઈટ **www.irpes.gov.in** પર ટેન્ડર ખોલવાની નિયત તારીખ એટલે કે 04-09-2024 એ 13:30 કલાક સુધી ઉપલબ્ધ રહેશે. ટેન્ડર ખુલવાની તારીખે 15:00 વાગ્યે કે ત્યારબાદ ખોલવામાં આવશે. 2. ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બિડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે, વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર નોંધણી કરાવવી જરૂરી છે. 3. નાણાકીય દર પૃષ્ઠમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી હસ્તાક્ષર કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય ફોર્મ/લેટરહેડમાં હોય તો તેને તરત અવગણવામાં આવશે અને તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 4. **પરિશિષ્ટ V અને V(A) (દસ્તાવેજ ચકાસણી પ્રમાણપત્ર)** તમામ બિડર્સ ટેન્ડર નંબર 161 માટે જરૂરી છે જેમાં ટેન્ડરની કિંમત રૂ. 50 લાખથી વધુ છે. માલ અને/અથવા સેવાઓના સપ્લાયર્સ/કોન્ટ્રાક્ટરો GST એક્ટ અને સમયાંતરે નિર્ધારિત નિયમોને આધીન રહેશે. 5. જોડવાના તમામ ફોર્મ ટેન્ડરર દ્વારા સહી થયેલ હોવા આવશ્યક છે. 6. ટેન્ડરની સૂચના ઉત્તર મધ્ય રેલવેની વેબસાઈટ www.ncr.indianrailways.gov.in પર પણ અપલોડ કરવામાં આવી છે. 7. ટેન્ડર ફોર્મના પેરા 12.0 મુજબ **ઓનલાઈન ઈન્ટરનેટ બેંકિંગ પેમેન્ટ ગેટવે અથવા બેંક ગેરેંટી બોન્ડ** દ્વારા ટેન્ડર ફોર્મના બાનાની રકમ જમા કરવામાં આવશે. 8. કોઈ પણ પ્રકારની તકલીફ થાય તો IREPS ની વેબસાઈટ પર સંપર્ક કરી શકો છો . 9. ઓનલાઈન ટેન્ડર ખુલવાની તારીખ એ **04-09-2024** ના રોજ **13:30** કલાક એ પ્રસ્તુત કરી શકાય છે .10 ટેન્ડર ફોર્મમાં આપવામાં આવેલી અન્ય સૂચનાઓ સાથે, બિડરે ટેન્ડર સાથે સબમિટ કરવાના ફોર્મ માટે ટેન્ડર ફોર્મના પેરા 12.0 EMD (બિડ સિક્યોરિટી ડિપોઝિટ) પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. 11 ઈ-ટેન્ડર ફોર્મ ટેન્ડરર ને વિના મૂલ્યે આપવામાં આવશે . 12 **ટેન્ડર નંબર 161 માટે ટેન્ડરરે GCC** જુલાઈ 2020 ના કલમ 10 થી 18 (વર્ક્સ મામલે ભાગ-1) ના પાલનમાં આવશ્યક દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે, અન્યથા ઓફરને અધૂરી ઓફર તરીકે ગણવામાં આવશે અને તે મુજબ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 1443/24 (MG)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR



### ઉત્તર મધ્ય રેલવે

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર :- 24/57 તારીખ :- 13-08-2024

ભારતના રાષ્ટ્રપતિ વતી **મુખ્ય ચીફ મટિરિયલ મેનેજર, નોર્થ સેન્ટ્રલ રેલ્વે, પ્રયાગરાજ ( ISO 9001:2015 પ્રમાણિત એકમ )** નીચેના ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડરોને આમંત્રણ આપે છે.

| ક્રમ નં. | ટેન્ડર નંબર | સંક્ષિપ્ત વિવરણ | જથ્થો | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | 30243114 | બ્રેક કેલિપર બદલવા માટે આવશ્યક આઈટમ | 216 સેટ | 30.08.2024 |
| 2 | 30242040 | પ્રાથમિક વર્ટિકલ ડેમ્પર. | 5829 નંગ | 02.09.2024 |
| 3 | 30241686 | બ્રેક બીમ પૂર્ણ. | 1390 નંગ | 02.09.2024 |
| 4 | 38241324 | સ્લેક એડજસ્ટર પ્રકાર IRSA-600 પૂર્ણ. | 277 નંગ | 04.09.2024 |
| 5 | 30242713 | એક્સલ બોક્સ પીવોટ બુશ. | 3600 નંગ | 09.09.2024 |
| 6 | 64245203 | મોટર. | 06 નંગ | 12.09.2024 |
| 7 | 64245204 | સેન્ટર વાલ્વ. | 19 નંગ | 12.09.2024 |
| 8 | 64245205 | BRM માટે ક્લેમ્પ સાથે રબર બ્રૂમ સેટ. | 12 સેટ | 16.09.2024 |
| 9 | 64245125A | ટૂથ હોલ્ડરને ટેમ્પિંગ. | 12 નંગ | 04.09.2024 |
| 10 | 64235125B | કન્વેયર બેલ્ટ. | 05 નંગ | 02.09.2024 |
| 11 | 64245039B | ડબલ પંપ - વાઈબ્રેશન મોટર. | 64 નંગ 650 મીટર | 16.09.2024 |
| 12 | 64245106B | હાઈડ્રોલિક પ્રેશર વાલ્વ. | 40 નંગ | 17.09.2024 |
| 13 | 6324RC01 | RDSO DRG નંબરની પુષ્ટિ કરતા PSC સ્લીપર પર 60KG રેલ માટે ગ્લુડ જોઈન્ટ:- T-2572. | 8905 નંગ | 06.09.2024 |
| 14 | 20243485A | રિલે પૂર્ણ એસેમ્બલી. | 18 નંગ | 10.09.2024 |
| 15 | 20243637 | સેન્સર ઓઈલ સર્કિટ માટે એમ્પ્લીફાયર. | 55 નંગ | 04.09.2024 |
| 16 | 40243017A | બેટરી ઓપરેટેડ એલઈડી આધારિત ટોર્ચ લાઈટ. | 8250 નંગ | 10.09.2024 |

નોંધ: ઉપરોક્ત ટેન્ડરોની સંપૂર્ણ માહિતી IREPS વેબસાઈટ એટલે કે **https://www.ireps.gov.in** પરથી જોઈ અને ડાઉનલોડ કરી શકાય છે. ટેન્ડરમાં કોઈપણ ફેરફાર/શુદ્ધિ માટે કૃપા કરીને આ વેબસાઈટની મુલાકાત લો. અખબારમાં કોઈ અલગ શુદ્ધિપત્ર/ફેરફાર પ્રકાશિત કરવામાં આવશે નહીં. 1448/24 (AS)

North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR



### ઉત્તર મધ્ય રેલવે

ન. નાયબ મુખ્ય વિદ્યુત ઈજનેર/નિ./કાનપુર/24-25 ટેન્ડર 133 તારીખ :- 12-08-2024

**ટેન્ડર નોટિસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેના માટે, ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર/ની/કાનપુરના નીચેના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરિંગ દ્વારા ઓપન ટેન્ડર મંગાવવામાં આવે છે.

**કામનું નામ:-** ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર/બાંધકામ/કાનપુરના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ સ્થળોએ ROB/RUB ના બાંધકામ માટે 25KV OHE ફેરફારનું કાર્ય.

| અંદાજીત ખર્ચ | અનામત રકમ | ટેન્ડર ફોર્મની કિંમત |
|---|---|---|
| રૂ:35886513.21 | રૂ:329400.00 | રૂ:0.00 |

**ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :-** 04-09-2024 ,15:00 વાગ્યે **સ્વીકૃતિ પત્ર મળ્યા થી કાર્ય સમાપન અવધિ /અવધિ તારીખ :-** 12 મહિના **માન્યતા અવધિ :-** 60 દિવસ
• ટેન્ડર તારીખ 04-09-2024 એ 15:00 વાગ્યે સુધી ઓનલાઈન જમા કરાવી શકાશે .
• પૂર્ણ માહિતી તેમજ ટેન્ડર પ્રસ્તુત કરવા માટે ભારતીય રેલ્વેના વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ. 1446/24 FA

North central railways @CPRONCR www.ncr.indianrailways.gov.in



### ઉત્તર મધ્ય રેલવે

ટેન્ડર નોટિસ નંબર :- 7120242025 તારીખ :- 13-08-2024

ઈ-ટેન્ડર નોટિસ

ડિવિઝનલ રેલ્વે મેનેજર(એન્જિનિયરિંગ)/નોર્થ સેન્ટ્રલ રેલ્વે પ્રયાગરાજ **11-09-2024**ના રોજ **13:30** કલાક સુધીમાં નીચેના સુનિશ્ચિત કામો માટે ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નિયત ફોર્મ પર ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. કામની વિગતો નીચે મુજબ છે.

**ક્રમ નંબર:** 1 | **ટેન્ડર નંબર:-** 164 | **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :-** 06 મહિના
**કામનું વર્ણન:-** ADEN/LINE/CNB હેઠળ GMC યાર્ડમાંથી ગંદકી દૂર કરવી.

| અંદાજીત કિંમત (રૂ) | બાના રકમ (રૂ) | સમાન કાર્ય માટે પાત્રતા માપદંડ:- |
|---|---|---|
| રૂ 10284610.14 | રૂ. 201400.00 | કોઈ પણ પી વે કાર્ય |

**ક્રમ નંબર:** 2 | **ટેન્ડર નંબર:-** 165 | **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :-** 24 મહિના
**કામનું વર્ણન:-** ADEN/HQ/II/CNB અને ADEN/HQ/I/CNB ના વિભાગમાં બે વર્ષના સમયગાળા માટે ઓવરહેડ ટાંકીઓની સામયિક સફાઈ અને જીવાણુ નાશકક્રિયા.

| અંદાજીત કિંમત (રૂ) | બાના રકમ (રૂ) | સમાન કાર્ય માટે પાત્રતા માપદંડ:- |
|---|---|---|
| રૂ. 19058069.80 | રૂ. 245300.00 | કોઈ પણ સિવિલ કાર્ય |

**ક્રમ નંબર:** 3 | **ટેન્ડર નંબર:-** 166 | **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :-** 06 મહિના
**કામનું વર્ણન:-** ADEN/HQ/II/CNB હેઠળ ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજ વિભાગના કાનપુર વિભાગમાં સંતુલન ટ્રેક માટે MSDAC નો ઉપયોગ કરીને ડ્યુઅલ ડિટેક્શનની જોગવાઈ.

| અંદાજીત કિંમત (રૂ) | બાના રકમ (રૂ) | સમાન કાર્ય માટે પાત્રતા માપદંડ:- |
|---|---|---|
| રૂ. 1473576.65 | રૂ. 29500.00 | શૂન્ય |

**ટેન્ડર ખુલવાની તારીખ :-** 11-09-2024 **નોંધ:-** 1. 11-09-2024 ના રોજ 13:30 કલાક સુધી ઓનલાઈન ટેન્ડર સબમિટ કરી શકાશે. 2. ટેન્ડર દસ્તાવેજ સાથેની સંપૂર્ણ માહિતી સંપૂર્ણ માહિતી વેબસાઈટ **www.irpes.gov.in** પર ટેન્ડર ખોલવાની નિયત તારીખ એટલે કે 11-09-2024 એ 13:30 કલાક સુધી ઉપલબ્ધ રહેશે. 1456/24 (AS)

North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR



### વિન્ની ઓવરસીસ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ :- ઈન્ટરનેશનલ હોટલ પાછળ, નારોલ - ઈસનપુર રોડ, નારોલ, અમદાવાદ 382405 ગુજરાત
ટેલિફોન :- +91 9328804500-6300-7400 | CIN:- L51909GJ1992PLC017742 | વેબસાઈટ :- www.vinnyoverseas.in
ઈમેલ :- cfo@vinnyoverseas.in / vinnyoverseas gmail.com/vinnyoverseas2001@yahoo.com

**30મી જુન 2024 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિકનું અનઓડિટેડ નાણાકીય પરિણામોનો અર્ક**

(રૂ લાખમાં)

| ખાસ | સમાપ્ત થયેલ ત્રિમાસિકનું | | | વાર્ષિક |
|---|---|---|---|---|
| | 30મી જુન 2024 (અનઓડિટેડ) | 31મી માર્ચ 2023 (અન-ઓડિટેડ) | 30મી જુન 2023 (અનઓડિટેડ) | 31-03-2023 (ઓડિટેડ) |
| કામગીરીમાંથી આવક. | 2,949.12 | 2,554.25 | 2,780.67 | 11,271.35 |
| અન્ય આવક. | 19.18 | 53.88 | 2.43 | 71.19 |
| કુલ આવક. | 2,968.3 | 2,608.14 | 2783.09 | 11,342.55 |
| અસાધારણ વસ્તુઓ અને કર પહેલાં નફો/(નુકશાન). | 50.11 | 101.60 | 49.15 | 434.68 |
| ચાલુ કામગીરીના સમયગાળા માટે નફો/(નુકસાન). | 42.08 | 36.23 | 33.69 | 354.45 |
| નફો/( નુકસાન) બંધકરાયેલ કામગીરીના સમયગાળા માટે. | - | - | - | - |
| બંધ કરાયેલી કામગીરીના કર ખર્ચ | - | - | - | - |
| બંધકરાયેલ કામગીરીના સમયગાળા માટે નફો/(નુકશાન) (કર પછી). | - | - | - | - |
| અન્ય વ્યાપક આવકના સમયગાળા માટે નફો/(નુકસાન). | 42.08 | 36.23 | 33.69 | 354.45 |
| સમયગાળા માટે કુલ વ્યાપક આવક | 41.45 | 38.44 | 32.19 | 352.15 |
| પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી (શેરનું ફેસ વેલ્યુ રૂ. 10/- દરેક), | 2,326.23 | 2,326.23 | 2,326.23 | 2,326.23 |
| ઈક્વિટી શેર દીઠ કમાણી (ચાલુ અને બંધ કામગીરી માટે) | 0.02 | 0.02 | 0.01 | 0.15 |
| - મૂળભૂત | 0.02 | 0.02 | 0.01 | 0.15 |
| - પાતળું (મંદ પડેલ) | 0.02 | 0.02 | 0.01 | 0.15 |

**નોંધો:-**

1. ઉપરોક્ત 30મી જુન 2024 ના રોજ પૂરા થયેલા નાણાકીય ત્રિમાસિક માટેના એકલ અને એકીકૃત ઓડિટેડ નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો એક અર્ક છે જે સેબીના નિયમન 33 હેઠળ BSE LTD સાથે ભરેલો છે (લિસ્ટિંગ જવાબદારી અને જાહેરાતની આવશ્યકતાઓ) નિયમો, 2015 (સૂચિબદ્ધ નિયમો).
2. ઉપરોક્ત નાણાકીય પરિણામો ત્રિમાસિક અને વાર્ષિક 3મી માર્ચ 2024 નું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com કંપનીની વેબસાઈટ www.vinnyoverseas.in પર ઉપલબ્ધ છે.
3. ઓડિટ કરાયેલા નાણાકીય પરિણામોની ઓડિટ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી છે અને 14 ઓગસ્ટ 2024ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવી છે.
4. જરૂરી જણાય ત્યાં પાછલા વર્ષના આંકડાઓ ફરીથી જૂથબદ્ધ અને/અથવા ફરીથી ગોઠવવામાં આવ્યા છે.
5. જુન 30, 2023 , જુન 23 2024 અને 31 માર્ચ 2024 ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર માટે EPS વાર્ષિક નથી.

વિન્ની ઓવરસીઝ લિમિટેડ માટે
બોર્ડના ઓર્ડર દ્વારા.
એસડી/-
હીરાલાલ જગદીશચંદ્ર પારેખ.
વહીવટી સંચાલક.

સ્થળ :- અમદાવાદ , ભારત
તારીખ :- ઓગસ્ટ 14, 2024

સિટી
# એક્સપ્રેસ
SATURDAY 17 AUGUST-2024
AHMEDABAD

## જૂની પેન્શન યોજના સાથે શિક્ષકો ફરી મેદાને

ગુજરાતમાં જૂની પેન્શન યોજનાની માગ સાથે શિક્ષકો લાંબા સમયથી રજૂઆત અને આંદોલન કરી રહ્યા છે. 1-4-2005 પહેલાં જાહેરાત આવી હોય અને નિમણૂક થઈ હોય તેવા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવાની માગ કરવામાં આવી છે. આજે ફરી એકવાર રાજ્યભરમાંથી શિક્ષકો અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના નેજા હેઠળ ગાંધીનગરમાં એકઠા થયા છે. શિક્ષકોની રજૂઆત છે કે, થોડા સમય પહેલાં જ્યારે રાજ્ય સરકાર સાથે બેઠક થઈ ત્યારે સરકારે જૂની પેન્શન યોજના અંગે ઠરાવ કરવાની બાંયધરી આપી હતી.

## મહિલા વકીલ સાથે 68 લાખની છેતરપિંડી

ગાંધીનગર કોર્ટમાં વકીલાત કરતા મહિલા વકીલને વોટસએપમાં મેસેજ મોકલી શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટ તેમજ ટ્રેડીંગ કરી તગડો પ્રોફીટ થવાની લાલચ આપી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી ઈન્વેસ્ટમેન્ટ તેમજ ટ્રેડીંગના બહાને ભેજાબાજ ઈસમે રૂ. 68 લાખ 12 હજારનો ચૂનો લગાવવામાં આવતા ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.ગાંધીનગર સેકટર - 29 પ્લોટ નંબર 533/1 માં રહેતા સીમાબેન વિકાસભાઈ લાડ એડવોકેટ તરીકે ગાંધીનગર કોર્ટ સેવા આપે છે. જ્યારે તેમના પતિ વિદેશમાં નોકરી કરી રહ્યા છે.



# કોલકાતા દુષ્કર્મ-હત્યાના વિરોધમાં IMAની જાહેરાત

# રવિવારના સવારના 6 વાગ્યા સુધી ઈમર્જન્સી સિવાયની બધી સેવા બંધ

## ડોક્ટરો 3 દિવસ નહીં મળે

### AMAની 27 હોસ્પિટલમાં 24 કલાક ઈમર્જન્સી સિવાયની તમામ સેવા બંધ રહેશે, 700 ડોક્ટરો રેલી અને કેન્ડલ માર્ચ યોજશે

(એજન્સી) અમદાવાદ । તા.16

કોલકાતા આર.જી. મેડિકલ કોલેજમાં ટ્રેની ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યાનો વિરોધ દેશભરમાં ચાલી રહ્યો છે. ત્યારે આજે ગુજરાતની સરકારી હોસ્પિટલમાં વિરોધ કરવામાં આવ્યો છે. સરકારી હોસ્પિટલમાં ડોક્ટરો અને રેસિડન્ટ ડોક્ટરો હડતાળ પર ઊતર્યા છે અને OPD તથા વોર્ડ સર્વિસથી દૂર રહ્યા છે. જોકે ઈમર્જન્સી સેવા ચાલુ રાખવામાં આવી છે. હવે સરકારી હોસ્પિટલોની સાથે ખાનગી હોસ્પિટલોએ પણ હડતાળમાં જોડાવાનું એલાન કર્યું છે. આ અંગે ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના ગુજરાતના વાઈસ-પ્રેસિડન્ટ ડોક્ટર મિતેશ શાહે જણાવ્યું હતું કે આ બાબતે અમારું પૂરેપૂરું સમર્થન છે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન દ્વારા આવતીકાલે સવારે છ વાગ્યાથી આગામી 24 કલાક સુધી તાત્કાલિક સિવાયની તમામ સેવાઓ બંધ રહેશે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન સાથે હોમિયોપેથિક એસોસિયેશન, ગામા ( ગુજરાત આયુષ એન્ડ મેડિકલ એસોસિયેશન) સહિત વડોદરાની તમામ હોસ્પિટલોનું સમર્થન કરશે. આ ઘટના માટે તમામ એસોસિએશન એક સાથે છે અને આવતીકાલ સવારે 6 વાગ્યાથી 24 કલાક માટે સંપૂર્ણ સેવાઓથી દૂર રહેશે, આથી રવિવાર અને સોમવારે રક્ષાબંધન હોવાથી કાલથી ત્રણ દિવસ ડોક્ટરો મળશે નહીં.

સુરતની સિવિલ હોસ્પિટલમાં કેટલીક ઓપીડી ચાલુ છે. જોકે રેસિડન્ટ ડોક્ટરો આવ્યા નથી. ઓપીડી બહાર દર્દીઓની લાંબી લાઈન લાગી ગઈ હતી. બીજી તરફ વડોદરાની સયાજી હોસ્પિટલમાં 18 ઓપીડીમાં ફરજ બજાવતા તબીબો ઈમર્જન્સી સેવા સિવાયની તમામ સેવાઓથી વંચિત રહેશે.






## વડોદરાની સયાજી હોસ્પિટલમાં ડોક્ટરો હડતાળ પર

વડોદરાની સયાજી હોસ્પિટલમાં ઈન્ટર્ન ડૉક્ટર, જુનિયર અને વરિષ્ઠ નિવાસી ડૉક્ટરો આજે OPD અને વોર્ડ સહિતની તમામ બિન ઈમરજન્સી સેવાઓથી દૂર રહેશે.

આ સાથે જ 400થી વધુ તબીબોએ વિરોધ કરી હડતાળ શરૂ કરી છે. એટલું જ નહીં જ્યાં સુધી પશ્ચિમ બંગાળ ડૉક્ટર્સ એસોશિએશનની તમામ માંગ પૂરી ના થાય ત્યાં સુધી વિરોધ અને હડતાળ ડૉક્ટર દ્વારા ચાલું રાખવામાં આવશે. સુરતની સિવિલ હોસ્પિટલમાં રેસિડન્ટ તબીબોની હડતાળથી ઓપીડી શરૂ થઈ નથી. કેટલીક ઓપીડી ચાલુ થઈ છે. જો કે, રેસિડેન્ટ ડોક્ટરો આવ્યા નથી. ડોક્ટરો આવે પછી ઓપીડી ચાલુ થશે તેવું જાણવા મળ્યું છે. ઓપીડી બહાર દર્દીઓની લાંબી લાઈન લાગી ગઈ છે. દર્દીઓ દૂર દૂરથી આવતા હોવાથી પરેશાન થયા છે. સિવિલ હોસ્પિટલમાં 700થી 800 જેટલા ફરજ બજાવતા ઈન્ટર્ન, રેસિડેન્ટ સહિતના તબીબો ઈમર્જન્સી સેવા સિવાયની સેવાઓથી દૂર રહ્યા છે.

## સુરત સિવિલમાં બહારથી ડોક્ટરો બોલાવી દર્દીઓની સારવાર શરૂ કરાઇ

સુરત સિવિલ હોસ્પિટલમાં રેસિડેન્ટ તબીબો હડતાળ પર હોવાના કારણે દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેને લઈને તંત્ર દોડતું થઈ ગયું છે. આ સાથે જ ઓપીડીઓ ઝડપથી ચાલુ થાય તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. બહારથી તબીબોને બોલાવીને દર્દીઓની સારવાર કરવામાં આવી તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

## એઈમ્સ હોસ્પિટલના ડોક્ટરો પણ હડતાળ પર ઉતર્યા

રાજકોટ એઈમ્સ હોસ્પિટલ ખાતે પણ રેસિડેન્ટ ડોક્ટરો હડતાળ પર ઉતરી વિરોધ નોંધાવવામાં આવ્યો છે. 100 જેટલા રેસિડેન્ટ ડોક્ટરો હડતાળમાં જોડાઈ વિરોધ નોંધાવી ઉગ્ર સૂત્રચ્ચાર કર્યા હતા. રાજકોટ એઈમ્સમાં પણ રેસિડન્ટ ડોક્ટરો હડતાળ પાડી OPD સેવાથી અળગા રહેશે.

## મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓનો કાળી પટ્ટી ધારણ કરી વિરોધ

ગોત્રી મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. જેને જુનિયર ડોક્ટર એસોસિએશનને સમર્થન કર્યું છે. ગોત્રી મેડિકલ કોલેજના આરએમઓ ડોક્ટર કતલાણાએ વાતચીત કરતા દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, હાલમાં કોઈપણ પ્રકારની સમસ્યા સર્જાઈ નથી. પરંતુ ઓપીડીનો જે સમય હતો પાંચ વાગ્યાનો જેના બદલે આજે ત્રણ વાગ્યા સુધી ચાલશે. વડોદરા જીએમઈઆરએસ ગોત્રી મેડિકલ કોલેજના 100 જેટલા વિદ્યાર્થીઓ હાલમાં હડતાળ પર છે.

### વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના યોગદાનમાં સુશાસનના સપ્તર્ષિ સંકલ્પોથી અગ્રેસર રહેવા મુખ્યમંત્રીનું આહવાન

# મુખ્યમંત્રીએ નડિયાદમાં પ્રચંડ રાષ્ટ્રભક્તિ સભર માહોલમાં રાષ્ટ્ર ધ્વજ લહેરાવી ધ્વજ વંદન કરાવ્યું





(એજન્સી) નડિયાદ । તા.16

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતના નિર્માણ માટેની વડાપ્રધાનશ્રીની નેમને સાકાર કરવા માટે વિકસિત ગુજરાતના યોગદાનમાં સુશાસનના સાત સપ્તર્ષિ સંકલ્પોથી અગ્રેસર રહેવા રાજ્યવાસીઓને આહવાન કર્યું છે. સરદાર સાહેબની જન્મ ભૂમિ ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાં મુખ્યમંત્રીશ્રીએ ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય ઉજવણીમાં ત્રિરંગો લહેરાવી ધ્વજ વંદના કરાવતાં સુગમતા, સરળતા, સંપર્ક, સમર્પણ, સહભાગિતા, સશક્તિકરણ અને સુરક્ષા એમ સુશાસનના સાત સપ્તર્ષિ સંકલ્પોની વિભાવના સ્પષ્ટ કરી હતી આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, જેમ આઝાદીના જંગમાં ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર સાહેબના નેતૃત્વમાં પથદર્શક બન્યું હતું, તેમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આ સુશાસન સપ્તર્ષિથી ગુજરાત પથદર્શક બનશે. મુખ્યમંત્રીશ્રીએ આ રાષ્ટ્રીય પર્વે પ્રજાજનોને આપેલા પ્રેરક સંદેશમાં સુશાસન સંબંધિત બે મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સંગીન બનાવવા માર્ગોના વિસ્તૃતિકરણ અને મજબૂતીકરણ માટે રૂ. ૫૦૧૭ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. એટલું જ નહી, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં રાજ્યના વધુ લોકોને આવરી લેવાના હેતુંથી જરૂરતમંદ એન.એફ.એસ.એ. પરિવારોની માસિક આવકની મર્યાદા રૂ. ૧૫ હજારથી વધારીને રૂ. ૨૦ હજાર કરવાની પણ તેમણે ઘોષણા કરી હતી. સુશાસનના ત્રીજા સંકલ્પ સંપર્ક અંતર્ગત આધુનિક સંપર્કના માધ્યમોથી લોકો પોતાની રજૂઆતો સરકાર સુધી ઝડપભેર અને સરળતાથી પહોંચાડી શકે અને સરકાર પણ સામે ચાલીને તેનું સમાધાન લાવે તેવા પ્રયત્ન કરાશે.

## શહેરમાં પોલીસકર્મીએ ઓફિસમાં જ ગોળી મારી કર્યો આપઘાત

(એજન્સી) અમદાવાદ । તા.16

અમદાવાદની પોલીસ કમિશનર કચેરીમાં ગાર્ડ તરીકે ફરજ બજાવતા પોલીસકર્મીએ જાતે જ ગોળી મારી આપઘાત કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. બે દિવસ પહેલાં જ આ પોલીસકર્મીને નવી પોલીસ કમિશનર કચેરીમાં ફરજ પર મુકવામાં આવ્યા હતા અને રાયલ તથા કારતૂસ આપવામાં આવ્યા હતા. આપઘાતના પગલે પોલીસબેડામાં આઘાતની લાગણી વ્યાપી જવા પામી છે. આ મામલે પોલીસ અકસ્માતનો ગુનો નોંધ કાર્યવાહી શરૂ કરી દીધી છે અને તપાસના આદેશ પણ આપ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ પોલીસ કમિશનર કચેરીમાં ગાર્ડ બજાવતા પોલીસકર્મી જિતેન્દ્ર વાજાએ જાતે જ ગોળી મારી આત્મહત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. પોલીસ કોન્સ્ટેબલ જિતેન્દ્ર વાજાને બે દિવસ પહેલાં જ અમદાવાદની પોલીસ કમિશનર કચેરીમાં ગાર્ડ તરીકે ફરજ પર મુકવામાં આવ્યા હતા. તેમને રાયફલ અને 20 જેટલા કારતૂસ પણ આપવામાં આવ્યા હતા. ગત મોડી રાત્રે કરેલા આપઘાતની જાણ આજે સવારે થઈ હતી. આપઘાત પાછળનું કારણ હજુ અકબંધ છે. તપાસ બાદ રહસ્ય પરથી પડદો ઉંચકાશે.

## 22મીથી 30 ઓગસ્ટ સુધી અતિભારે વરસાદની શક્યતા

### ગુજરાતમાં 80 ટકા વિસ્તારમાં વરસાદી માહોલ રહેશે, અરબ સાગરમાં અપરએર સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાશે

(એજન્સી) અમદાવાદ । તા.16

ગુજરાત રાજ્યમાં હાલ મેઘરાજાએ વિરામ લીધો હોય એવી સ્થિતિ છે. હવામાન વિભાગ તથા હવામાન નિષ્ણાતોએ હજુ પણ આગામી એક સપ્તાહ દરમિયાન છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે, એ પણ અપવાદરૂપ છે, કારણ કે હાલમાં કોઈ સક્રિય સિસ્ટમ ગુજરાત પર નથી, પરંતુ આગામી દિવસોમાં ગુજરાતમાં વિવિધ ભાગો પણ સિસ્ટમ સક્રિય થતાં અતિવૃષ્ટિ જેવો માહોલ સર્જાઈ શકે છે.

એમાં પણ ઓગસ્ટ મહિનાના છેલ્લા સપ્તાહમાં ગુજરાત રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં સામાન્યથી મધ્યમ કરતાં વધુ વરસાદ થઈ શકે છે અને કેટલાક જિલ્લાઓમાં અતિભારે વરસાદની પણ આગાહી હવામાન નિષ્ણાતો દ્વારા કરવામાં આવી છે. એક અઠવાડિયું છૂટોછવાયો વરસાદ પડી શકે છે હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે હાલમાં હજુ પણ પાંચથી સાત દિવસ દરમિયાન ગુજરાત રાજ્ય પર કોઈ ભારે સિસ્ટમ સક્રિય નથી, જેને કારણે હાલમાં આગામી કેટલા દિવસો માટે ગુજરાતમાં ભારે વરસાદની આગાહી નથી, કારણ કે અરબ સાગર અને બંગાળની ખાડી હાલમાં નિષ્ક્રિય છે તથા હાલમાં 850 HPA લેવલ પર ભેજ છે, તેથી જો કોઈ સ્થળ પર મધ્યમ કરતાં વધુ વરસાદ નોંધાય તો એ અપવાદરૂપ હશે, કારણ કે હજુ આ તમે સાત દિવસ ગુજરાતમાં કોઈપણ પ્રકારના વરસાદનાં એંધાણ નથી. ફક્ત ક્યાંક છૂટાછવાયા હળવા વરસાદી ઝાપટાં વરસી શકે છે.

## માછલીઓની બ્રીડિંગ સીઝનમાં પ્રતિબંધ વિરૂદ્ધની અરજી ફગાવી

### હાઈકોર્ટે કહ્યું- ગુજરાતની દરિયાઈ સીમા કૂદીને કેન્દ્રની જળસીમામાં જઈ શકો નહિ, આ પોલીસીને લગતા નિર્ણયો છે

(એજન્સી) અમદાવાદ । તા.16

દેવભૂમિ દ્વારકાના એક અરજદાર તેમજ શ્રી ઓખા સાગરપુત્ર ફિશિંગ બોટ એસોસિયેશન, ઓખા બંદર દ્વારા એક અરજી ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. જે ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ રજૂ થઈ હતી. ગુજરાતની દરિયાઈ સીમાના 12 નોટીકલ માઈલ બાદ દરિયાઈ ક્ષેત્રમાં કેન્દ્ર સરકારના અધિકારો લાગે છે. કેન્દ્રના નિયમો મુજબ દર વર્ષે 01 જૂનથી 31 જુલાઈ માછલીઓનો બ્રિડિંગનો સમયગાળો હોવાથી કેન્દ્રની દરિયાઈ સીમામાં માછીમારો માછીમારી કરી શકતા નથી. ગુજરાત સરકાર દ્વારા આ સમયગાળો 01 જૂનથી 15 ઓગસ્ટ સુધીનો છે. જ્યારે વાતાવરણની પરિસ્થિતિઓ મુજબ રાજ્યમાં માછીમારી ઉપર 03 ઓગસ્ટ સુધી જ પ્રતિબંધ હતો. જેમાં કોર્ટે કહ્યું હતું કે, આ



પોલીસીને લગતા નિર્ણયો છે. અરજદારે કોર્ટમાં શું કહ્યું? અરજદારે જણાવ્યું હતું કે, બ્રિડિંગ સીઝનમાં માછીમારી ઉપર પ્રતિબંધ હોય તે બરોબર છે. કેન્દ્ર સરકારે પણ તેની હદમાં આવતા દરિયાઈ વિસ્તારમાં માછીમારી ઉપર પ્રતિબંધનો સમયગાળો બદલવા માટે સેન્ટ્રલ મરીન એન્ડ ફિશીંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ કોચીનની સલાહ લેવી પડે.

## જુહાપુરામાંથી એમડી ડ્રગ્સ સાથે બે આરોપીઓને એલસીબી ઝોન-7એ દબોચ્યા,થયા અનેક ખુલાસાઓ

(એજન્સી) અમદાવાદ । તા.16

અમદાવાદના જુહાપુરામાંથી 32 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે બે આરોપીઓની એલસીબી ઝોન 7 એ ધરપકડ કરી છે,આરોપીઓ રાજસ્થાનના ઉદયપુરથી ડ્રગ્સ લાવ્યા હતા અને વેચાણ કરતા હતા,પોલીસને માહિતી મળતા પોલીસે આરોપીઓને દબોચી વેજલપુર પોલીસને સોંપ્યા છે,આરોપીઓ કેટલા સમયથી ડ્રગ્સનું વેચાણ કરતા હતા તેને લઈ પોલીસે હાથધરી છે તપાસ. બન્ને આરોપીઓ બસ તેમજ કારમાં ઉદયપુરથી ડ્રગ્સ લાવતા હતા અને જુહાપુરા તેમજ આસપાસના વિસ્તારોમાં તેનું વેચાણ કરતા હતા,પોલીસને બાતમી હતી કે જુહાપુરામાં આ બન્ને આરોપીઓ ડ્રગ્સ લઈને ઉભા છે તે વખતે તેને ઝડપી લેવામાં આવ્યા છે,લાંબા સમયથી આરોપીઓ ડ્રગ્સનું વેચાણ કરતા હોવાનું સામે આવ્યું છે,3.20 લાખથી વધુની કિંમતનું 32.010 ગ્રામ એમડી ડ્રગ્સ ઝડપી પોલીસે વધુ તપાસ હાથધરી છે. અમદાવાદમાં વાસણા પોલીસે ડ્રગ્સ ઝડપીને એક આરોપીની ધરપકડ કરી હતી,આરોપી વાસણાનો રહેવાસી છે અને જેની પાસેથી ડ્રગ્સ લીધુ તે મુખ્ય આરોપી જુહાપુરાનો રહેવાસી છે,ધરમેન્દ્ર ઉર્ફે દશરથજી ઠાકોરે ઉસામા સાહીદ પાસેથી ડ્રગ્સનો જથ્થો લીધો હતો અને તેનું વેચાણ કરવાનો હતો,પરંતુ મુખ્ય આરોપી હજી પોલીસ પકડની બહાર છે.

### હાઈકોર્ટની ફટકાર બાદ AMC જાગી

## શહેરમાં બહારના રાજ્યોની ટ્રાવેલ્સ બસો રોડ પર પાર્ક કરી ટ્રાફિક કરતી, ગેરકાયદે ખડકાયેલી 14 ટ્રાવેલ્સની ઓફિસ સીલ કરાઇ

(એજન્સી) અમદાવાદ । તા.16

શહેરમાં વધતા જતા ટ્રાફિક અને ગેરકાયદેસર દબાણના કારણે ગુજરાત હાઈકોર્ટ દ્વારા પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનને કડક શબ્દોમાં ટકોર બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસ વિભાગ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં મેમકો ચાર રસ્તા પાસે રાજસ્થાન અને અન્ય રાજ્યો તેમજ શહેરમાં જતી ટ્રાવેલ્સો ગેરકાયદે રીતે રોડ ઉપર પાર્કિંગ કરી ટ્રાફિકજામ કરવામાં આવતો હતો. ગેરકાયદે બાંધકામ કરી ટ્રાવેલ્સની ઓફિસો ઉભી કરી દેવામાં આવી હતી. જેના પગલે આજે મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગ તેમજ ટ્રાફિક પોલીસ દ્વારા 14 ટ્રાવેલ્સની ઓફિસોને સીલ કરવામાં આવી છે.



### એસ્ટેટ વિભાગ દ્વારા નોટિસ આપવામાં આવી હતી

મળતી માહિતી મુજબ, મેમ્કો ચાર રસ્તા અને રામેશ્વર રસ્તા તરફ આસપાસ આવેલ ટ્રાવેલ્સ જાહેર રોડ પર રાહદારીઓને અડચણરૂપ પાર્ક કરવામાં આવતી હતી. ટ્રાવેલ્સની ઓફિસોના માલિકો દ્વારા ગેરકાયદેસર રીતે બાંધકામ કરી ઓફિસો ઉભી કરી દેવામાં આવી હતી.

### કઈ કઈ ઓફિસો સીલ કરાઈ

- રાણા ટ્રાવેલ્સ
- એ.એસ. રાઠોડ ટ્રાવેલ્સ
- મા વૈષ્ણો ટ્રાવેલ્સ
- બાલાજી ટ્રાવેલ્સ
- જય બાકે બિહારીએસ.એસ. તોમર ટ્રાવેલ્સ
- કે.બી.બી.એસ. ટ્રાવેલ્સ
- જે.એસ.ટી. તોમર ટ્રાવેલ્સ
- ધર્મેન્દ્ર ટ્રાવેલ્સ
- સત્યમ ટ્રાવેલ્સ
- મા વૈષ્ણો સત્યમ ટ્રાવેલ્સ
- એસ.એસ. તોમર & કલ્પના ટ્રાવેલ્સ
- બઘેલ ટ્રાવેલ્સ
- જે.એસ. તોમર ટ્રાવેલ્સ
- ધર્મેન્દ્ર ટ્રાવેલ્સ